દૈનિક
# મુંબઈ સમાચાર

મધ્ય ગુજરાત આવૃત્તિ

૨૦૫ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 157 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 July 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

શનિવાર, ૪ જુલાઈ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦

વીકએન્ડ પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ટાર્ગેટ રથયાત્રા?: જૈશ-એ-મોહંમદના આઠ આતંકવાદી પકડાયા

### અમદાવાદમાં રથયાત્રાના ૧૩ દિવસ પહેલા જ ગુજરાત અને મધ્ય પ્રદેશમાંથી ત્રાસવાદીઓની ધરપકડ કરાતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)


અમદાવાદ: ગુજરાત ઍન્ટિ-ટેરરિસ્ટ સ્ક્વૉડ (એટીએસ)એ શહેરમાં રથયાત્રા નીકળવાની છે એના બરાબર ૧૩ દિવસ પહેલા શુક્રવારે પાકિસ્તાનના કુખ્યાત આતંકી સંગઠન જૈશ-એ-મોહંમદના આઠ આતંકવાદીઓની ધરપકડ કરી હતી. બાતમીના આધારે ગુજરાત પોલીસ દ્વારા એક મહત્ત્વપૂર્ણ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, આ ઑપરેશન અંતર્ગત કનેક્શન ધરાવતા શખસોની ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને મધ્ય પ્રદેશમાંથી અટકાયત કરવામાં આવી હતી. આ તમામ શખસો સામે દેશ-વિરોધી પ્રવૃત્તિઓ અને આતંકવાદી નેટવર્ક સાથે જોડાયેલા હોવાના ગંભીર આરોપો હેઠળ એટીએસ દ્વારા સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

આ ઑપરેશન દરમિયાન ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પાલનપુર (ભાગલ) ખાતેથી ત્રણ શખસોની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ૧૯ વર્ષીય અહેમદ અબ્દુલ્લા ગાજીવાલા ઉર્ફે અબુ ઉબૈદા, ૩૦ વર્ષીય ઇબ્રાહિમ મોહમ્મદ હુસેન ઘાઘા ઉર્ફે અબુ હમઝા અને બાવીસ વર્ષીય મુદ્દસિર અબ્દુલ્લા ગાઝીવાલા ઉર્ફે અબુ અયાનો સમાવેશ થાય છે. પાલનપુરમાંથી એકસાથે ત્રણ લોકો પકડાતા પંથકમાં ખળભળાટ મચી ગયો હતો. પાટણ જિલ્લાના સિદ્ધપુર (ખડીયાસણા)માં આવેલા જામિયા અબુલ હસન મદરેસામાંથી પણ આતંકવાદી કનેક્શન ધરાવતા વધુ ત્રણ શખસોને દબોચી લેવામાં આવ્યા હતા. પકડાયેલા શખસમાં ૨૧ વર્ષીય ઝાકરિયા દુરાની મોહમ્મદ અમ્માર ઘાઘા ઉર્ફે ઝાકરિયા પાલનપુરી, ૪૦ વર્ષીય મુફ્તિ ફૌજાન ઇસ્માઈલ દાઉવા ઉર્ફે મુફ્તિ સાહબ અને ૨૧ વર્ષીય મોહમ્મદ અમીન શેરા ઉર્ફે અમીન પાલનપુરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવસારી જિલ્લાના ચીખલી (આંભેટા)માં આવેલા જામિયા રહમાનિયા ખાંભિયા ખાતેથી બાવીસ વર્ષીય મોહમ્મદ અબ્દુલ રહમાન સાવડી ઉર્ફે મોહમ્મદ પાલનપુરી ઉર્ફે અબુ ઉનિસાની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે આ સમગ્ર નેટવર્કની આઠમી કડી તરીકે મધ્ય પ્રદેશના દેવાસ (વાર્સી નગર) માંથી ૧૮ વર્ષીય બિલાલ દુરાની મોહમ્મદ અમ્માર ઘાઘા ઉર્ફે અબુ દુજાના ઉર્ફે ઉમર બિન ખત્તાબની ધરપકડ કરાઈ હતી.

સુરક્ષા એજન્સીઓની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો હતો કે, પકડાયેલા તમામ લોકો દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા હતા. આ નેટવર્કનો પર્દાફાશ કરવા માટે ગુજરાત અને

(જુઓ પાનું ૨)

## અમરનાથ યાત્રીઓએ કર્યા બાબા બર્ફાનીનાં દર્શન



શ્રીનગર : વાર્ષિક અમરનાથ યાત્રા શુક્રવારે ધાર્મિક સ્તોત્રોના ગાન સાથે પવિત્ર ગુફા મંદિર માટે યાત્રાળુઓનો પહેલો સમૂહ રવાના થયો, જેમાં અધિકારીઓએ દરરોજ દર્શન કરતા શ્રદ્ધાળુઓની સંખ્યા પર મર્યાદા જાહેર કરી છે. આ યાત્રા ૨૮ ઓગસ્ટના રોજ સમાપ્ત થશે.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય મહાનુભાવોએ ૫૭ દિવસની અમરનાથ યાત્રાના પ્રારંભ પર શ્રદ્ધાળુઓનું અભિવાદન કર્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, યાત્રાળુઓનો પહેલો સમૂહ યાત્રા શરૂ કરવા માટે બાલટાલ અને નૂનવાનના જોડિયા બૅઝ કેમ્પથી રવાના થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, વચ્ચે-વચ્ચે વરસાદ પડી રહ્યો હતો, પણ ૩,૮૮૦ મીટર ઊંચાઈએ આવેલા મંદિરની આ યાત્રા વહેલી સવારે બે ટ્રૅક - પરંપરાગત ૪૮ કિ.મી. લાંબા નૂનવાન-પહલગામ રૂટ અને ૧૪ કિ.મી. લાંબા બાલટાલ રૂટ - પરથી શરૂ થઈ હતી.

તેમણે જણાવ્યું હતું કે, દક્ષિણ કાશ્મીરના અનંતનાગમાં પહેલગામમાં નુનવાન બેઝ કેમ્પ અને મધ્ય કાશ્મીરના ગંડરબલના સોનમાર્ગ વિસ્તારમાં બાલટાલ બૅઝ કૅમ્પથી દિવસના પહેલા પ્રકાશમાં યાત્રાળુઓના જૂથો, જેમાં પુરુષો, સ્ત્રીઓ અને ભક્તોનો સમાવેશ થાય છે, રવાના થયા હતા.

તેમણે ઉમેર્યું હતું કે, બૅઝ કૅમ્પથી સંબંધિત ડેપ્યુટી કમિશનરો અને એસએસપી દ્વારા બેચને લીલી ઝંડી બતાવતા ''બમ બમ ભોલે'' ના નારાઓથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું હતું. યાત્રાના

(જુઓ પાનું ૨)

## ગુજરાતમાં મેઘતાંડવ: ડાંગના વઘઈમાં ૧૩.૨૭ ઈંચ, માંગરોળમાં ૧૨.૬૪ ઈંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના આંકડા પ્રમાણે શુક્રવારે સવારે સવારે છ વાગ્યાથી ૧૨ કલાકમાં જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ૩૩૭ મિ.મી. (૧૩.૨૭ ઇંચ) અને સુરતના અંબિકામાં ૩૨૧ મિ.મી. (૧૨.૬૪ ઇંચ) નોંધાયો હતો. આ ઉપરાંત, ડાંગના સુબિરમાં ૩૦૦ મિ.મી. અને જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીનામાં ૨૯૬ મિ.મી. વરસાદ ખાબક્યો હતો

સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં પણ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. માંગરોળમાં ૨૯૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને સાંજના ચારથી છ વાગ્યાના માત્ર બે કલાકના ગાળામાં જૂનાગઢના મેંદરડામાં ૧૧૪ મિ.મી. (૪.૪૯ ઇંચ), માંગરોળમાં ૧૦૨ મિ.મી. અને કેશોદમાં ૧૦૧ મિ.મી. વરસાદ તૂટી પડતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. રાજ્યમાં અત્યાર સુધીમાં સીઝનનો કુલ સરેરાશ ૭૬.૯૨ મિ.મી. વરસાદ નોંધાયો છે, જે કુલ સરેરાશના ૮.૪૬ ટકા જેટલો થાય છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૬૦.૨૪ મિ.મી. અને સૌરાષ્ટ્રમાં ૭૯.૬૩ મિ.મી. સરેરાશ વરસાદ થયો હતો.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૩ જિલ્લાના ૧૭૦ તાલુકામાં વરસાદ ખાબક્યો હતો. જેમાં અત્યાર સુધીમાં સરેરાશ ૨૪.૧૭ મિ.મી. વરસાદ પડ્યો છે. જેમાં જૂનાગઢના માંગરોળ, કેશોદ અને માલીયા હાટીના જ્યારે ગીર સોમનાથના સૂત્રાપાડા અને વેરાવળમાં સૌથી વધારે વરસાદ ખાબક્યો હતો. સૂત્રોના જણાવ્યાં

(જુઓ પાનું ૨)

## વૉટ્સઍપના 'યુઝરનેમ'નો વિવાદ: મેટાની ટીમ મળી સરકારી અધિકારીઓને

નવી દિલ્હી: ભારતમાં વોટ્સએપના નવા 'યુઝરનેમ' ફીચર સંબંધિત વિવાદાસ્પદ મુદ્દે નૉટિસ મળ્યા બાદ મેટાની એક ટીમ આઇટી મંત્રાલયના અધિકારીઓને મળી હતી. આ જાણકારી સૂત્રોએ આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર 'યુઝરનેમ' ફીચર અંગે વિગતવાર માહિતી આપવા માટે ત્રણ દિવસનો સમય આપવામાં આવ્યો છે. તેથી મેટા નિર્ધારિત સમય અનુસાર તેમનો અંતિમ જવાબ આપશે. સૂત્રો અનુસાર ભારતમાં વોટ્સએપ પર 'યુઝરનેમ' ફીચર શરૂ કરવા અંગે નૉટિસ મળ્યા બાદ મેટાની એક ટીમ આજે(શુક્રવારે) ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રાલયના અધિકારીઓને મળી હતી. મંત્રાલયના અધિકારીઓએ તેમને આ ફીચરને લઇને સરકારની ચિંતાઓથી વાકેફ કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે બુધવારે કેન્દ્ર સરકારે મેટાને નોટિસ જારી કરીને વોટ્સએપ પર પ્રસ્તાવિત 'યુઝરનેમ' ફીચર અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. સરકારે ચિંતા વ્યક્ત કરી હતી કે તેનાથી ઓનલાઇન છેતરપિંડી, ફિશિંગ, ડિજિટલ ધરપકડ કૌભાંડો અને ઇમ્પર્સોનેશન એટેકમાં નોંધપાત્ર વધારો થઇ શકે છે.

સરકારે પ્લેટફોર્મને જ્યાં સુધી આ મુદ્દે સરકારના સંતોષ માટે ચર્ચા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ ફીચરને સ્થગિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. કેન્દ્ર સરકારે મેટાને એ પણ સમજાવવા કહ્યું હતું કે વૉટ્સઍપના નવા ફીચર માટે

(જુઓ પાનું ૨)

### દિવસોદિવસ મજબૂત થઇ રહ્યો છે અલ-નીનો

## ભયાનક ગરમી, દુકાળ, અતિવૃષ્ટિ માટે તૈયાર રહો: વિશ્વ હવામાન સંગઠનની ચેતવણી

નવી દિલ્હી: વિશ્વ હવામાન સંગઠન (ડબલ્યૂએમઓ) એ તેના તાજેતરના ગ્લોબલ સીઝનલ ક્લાઈમેટ અપડેટ રિપોર્ટમાં ચેતવણી આપી હતી કે ઉષ્ણકટિબંધીય પેસિફિક મહાસાગરમાં અલ નિનોની સ્થિતિ ઝડપથી મજબૂત થઈ રહી છે અને જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન તે શક્તિશાળી બનવાની શક્યતા છે. સંગઠન અનુસાર, વિશ્વના અગ્રણી આબોહવા આગાહી કેન્દ્રો દ્વારા તૈયાર કરાયેલા મલ્ટિ મોડલ વિશ્લેષણે એ વાત પર વ્યાપક સહમતિ વ્યક્ત કરી છે કે મધ્ય અને પૂર્વીય વિષુવવૃત્તીય પેસિફિકમાં સમુદ્રની સપાટીના તાપમાનમાં નોંધપાત્ર વધારો થશે. ઘણા વિસ્તારોમાં સરેરાશ દરિયાની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં બે ડિગ્રી સેલ્સિયસ વધુ રહેવાનો અંદાજ છે, જે મજબૂત અલ નિનોનું સ્પષ્ટ લક્ષણ માનવામાં આવે છે.

ડબલ્યૂએમઓના કહેવા પ્રમાણે અલ નિનોની અસરથી આગામી મહિનાઓમાં વિશ્વનાં ઘણા ક્ષેત્રોમાં ભીષણ ગરમી, લાંબા સમય સુધી દુષ્કાળ, ભારે વરસાદ, પૂર, દરિયાઈ ગરમીના મોજા અને અન્ય હવામાન ઘટનાઓની શક્યતા વધશે. ઉત્તરી ગોળાર્ધમાં પાનખર સુધી તેની અસરો વધુ વ્યાપક બનવાની ધારણા છે. વિષુવવૃત્તીય એટલાન્ટિક મહાસાગરનું તાપમાન પણ સામાન્ય કરતા વધારે રહેવાની ધારણા છે, જેની વૈશ્વિક આબોહવા પ્રણાલી પર વધારાની અસરો પડી શકે છે. હવામાનશાસ્ત્રીઓના મતે અલ નિનોની અસર બધા દેશોમાં સમાન નથી, પરંતુ સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિઓ અને વાતાવરણીય પ્રણાલીઓના આધારે તેનાં પરિણામો જુદા જુદા પ્રદેશોમાં બદલાય છે. એક તરફ અલ નિનોના કારણે ધરતી પર તાપમાન વધે છે અને તેનાથી વિપભયાનક ગરમીભયાનક ગરમીરીત જેને લા નીના કહેવામાં આવ છે જે તાપમાનમાં ઘટાડો કરે છે. એક નિવેદનમાં ડબલ્યૂએમઓના સેક્રેટરી-જનરલ સેલેસ્ટે સેલેસ્ટે સાઉલોએ કહ્યું

(જુઓ પાનું ૨)

## ફ્રાન્સમાં ગરમીએ તોડ્યા રેકોર્ડ, હીટવેવના કારણે મરણાંકમાં ૨૯ ટકાનો વધારો

પૅરિસ: ફ્રાન્સની પબ્લિક હેલ્થ ઓથોરિટીએ શુક્રવારે જણાવ્યું હતું કે ગયા મહિને દેશમાં રેકોર્ડ બ્રૅક ગરમી પડી હતી. દરમિયાન ગરમીના કારણે મોતની સંખ્યામાં ૨૯ ટકાનો વધારો નોંધાયો હતો. એજન્સીએ કહ્યું કે જે સપ્તાહમાં સૌથી વધુ ગરમી પડી તેમાં ઓછામાં ઓછા ૨૦૦૦થી વધુ મોત થયા હતા. ગરમીના કારણે ઇમર્જન્સી વોર્ડમાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો થયો હતો.

'પબ્લિક હેલ્થ ફ્રાન્સ'ના નવા અને હજુ અધૂરા રહેલા આંકડાઓને લગભગ બમણા કરી દીધા છે. અગાઉ એજન્સીએ પ્રારંભિક અંદાજ લગાવ્યો હતો કે ગરમીના કારણે ઓછામાં ઓછા ૧૦૦૦નાં મોત થયા હતા. શરૂઆતના આંકડાઓ ભીષણ અને જીવલેણ ગરમીના સૌથી ગરમ દિવસો પર આધારિત હતા.

પૅરિસમાં અંતિમ સંસ્કાર કરતા લોકોએ કહ્યું હતું કે તેઓને દફનવિધિ અથવા અંતિમ સંસ્કાર કરતા અગાઉ મૃતદેહોને રાખવા માટે જગ્યા ઓછી પડી હતી. કેટલાક શબઘરોના સંચાલકોએ કહ્યું કે જગ્યા ન હોવાના કારણે તેઓને કેટલાક મૃતદેહોને પાછા મોકલવા પડ્યા હતા.

પબ્લિક હેલ્થ ફ્રાન્સ તરફથી આપવામાં આવેલી મૃત્યુઆંક સંખ્યા બાવીસ જૂનથી ૨૮ જૂનના અઠવાડિયા સુધીની છે. ફ્રાન્સે તેના અત્યાર સુધીના સૌથી ગરમ દિવસો જોયા અને દેશભરના ઘણા શહેરો અને નગરોમાં દિવસ અને રાત્રિના તાપમાનના રેકોર્ડ તૂટ્યા હતા. ગરમીએ યુરોપના ઘણા અન્ય ભાગોમાં તાપમાનના રેકોર્ડ પણ તોડી નાખ્યા હતા.

પબ્લિક હેલ્થ ફ્રાન્સે જણાવ્યું હતું કે તેણે તે અઠવાડિયામાં અત્યાર સુધીમાં ૮,૯૭૩ મોતની ગણતરી કરી હતી અને ચેતવણી આપી હતી

(જુઓ પાનું ૨)

## અમદાવાદ ભદ્ર કોર્ટના આસિસ્ટન્ટ ક્લાર્કને એસીબીએ રૂપિયા ૧૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથે ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદની સિટી સેશન્સ ભદ્ર કોર્ટના અપીલ વિભાગના એક આસિસ્ટન્ટ ક્લાર્કની લાંચ લેતા ધરપકડ કરવામાં આવી હતી. એક આસિસ્ટન્ટ ક્લાર્ક પડોશી સાથેના મકાનના વિવાદમાં ફરિયાદીની તરફેણમાં ચુકાદો અપાવવાના બહાને રૂપિયા ૧૦,૦૦૦ની લાંચ લેતા એન્ટિ કરપ્શન બ્યુરોના હાથે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. એસીબીએ નારણપુરા વિસ્તારમાં સફળ ટ્રેપ ગોઠવીને આરોપી ક્લાર્કને દબોચી લીધો હતો.

આ કેસના જાગૃત ફરિયાદીના મકાન અને તેમની બાજુના મકાનની વચ્ચે એક કોમન કમ્પાઉન્ડ દીવાલ આવેલી છે. ફરિયાદીના પડોશીએ આ દીવાલ પર ગેરકાયદેસર રીતે દબાણ કરીને બાંધકામ ખડકી દીધું હતું. આ ગેરકાયદે દીવાલ તોડી પાડવા માટે ફરિયાદીએ પડોશીને નોટિસ આપી હતી. આ નોટિસથી બચવા માટે પડોશીએ દીવાલ ન તૂટે તે સારું નામદાર સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ (ભદ્ર, અમદાવાદ) ખાતે ફરિયાદી વિરુદ્ધ દાવો દાખલ કર્યો

(જુઓ પાનું ૨)

## વડોદરા જિલ્લા પંચાયતની કારોબારી બેઠકમાં વિવિધ સમિતિઓના ચેરમેનની વરણી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા જિલ્લા પંચાયતની વિવિધ આઠ મહત્ત્વની સમિતિઓની રચના કરવામાં આવ્યા બાદ, ૩ જુલાઇ શુક્રવારે મળેલી ખાસ કારોબારી સમિતિની બેઠકમાં સર્વાનુમતે આ તમામ સમિતિઓના ચેરમેન પદ માટેના નામોની જાહેરાત કરવામાં આવી હતી.

આ નિમણૂકોમાં સૌથી મહત્ત્વની ગણાતી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે ભૂમિકાબેન સોલંકીની વરણી કરવામાં આવી છે. તે ઉપરાંત કારોબારી સમિતિ - કૈરવીબા વાઘેલા, સામાજિક ન્યાય સમિતિ - નવીન વસાવા, જાહેર આરોગ્ય સમિતિ - ભાવેશ પટેલ, બાંધકામ સમિતિ - નેહાબહેન બારોટ, અપીલ સમિતિ - જયોત્સનાબહેન રબારી, ઉત્પાદન સહકાર અને સિંચાઈ - મહેન્દ્રસિંહ સોલંકી અને મહિલા અને બાળ વિકાસ - રાજવીર પરમારની નિમણુક કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરા જિલ્લા પંચાયતના સભાખંડમાં પ્રમુખ અને ઉપપ્રમુખની અધ્યક્ષતામાં તેમજ વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં શાસક ભાજપ દ્વારા તમામ સમીકરણોને ધ્યાનમાં રાખીને લાયક અને પક્ષના પાયાના કાર્યકરોને આ સમિતિઓની જવાબદારી સોંપવામાં આવી હતી.

## ઇન્સ્ટાગ્રામ પર બાળકોનાં જાતીય શોષણની જાહેરાતો: સરકાર ઍક્શનમાં, મેટાને મોકલશે નોટિસ

નવી દિલ્હી: ઇન્સ્ટાગ્રામ પર બાળ જાતીય શોષણ સંબંધિત જાહેરાતો કથિત રીતે બતાવવા મામલે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય આઇટી મંત્રીએ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના અધિકારીઓને આ મામલે ઇન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની મેટાને સમન્સ પાઠવવાના નિર્દેશ આપ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર શુક્રવારે આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે તેમના મંત્રાલયના અધિકારીઓને કડક સૂચના આપી છે કે તેઓ તાત્કાલિક મેટાને સમન્સ પાઠવે અને ઇન્સ્ટાગ્રામ પર બાળ જાતીય શોષણના કન્ટેન્ટને પ્રોત્સાહન આપતી જાહેરાતો અંગે જવાબો માંગે. જો કે, આ મામલો ફક્ત ઇન્સ્ટાગ્રામ પૂરતો મર્યાદિત નથી. અગાઉ સરકારે વોટ્સએપના પ્રસ્તાવિત યુઝરનેમ ફીચર અંગે કંપનીને નોટિસ પણ જાહેર કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આઇટી મંત્રાલય મેટાને સ્પષ્ટ કરવા કહી શકે છે કે બાળ જાતીય શોષણ સંબંધિત જાહેરાતો ઇન્સ્ટાગ્રામ પર કેવી રીતે દેખાઈ. વધુમાં સરકાર જાણવા માંગે છે કે આવી ઘટનાઓને રોકવા માટે કંપનીએ કયા સુરક્ષા પગલાં અમલમાં મૂક્યા છે.

સરકારે મેટાને વોટ્સએપના યુઝરનેમ મામલે ચર્ચા પૂર્ણ ન થાય ત્યાં સુધી રોકવાના નિર્દેશ આપ્યા હતા. કેન્દ્ર સરકારે મેટાને સવાલ કર્યો હતો કે વોટ્સએપનું આ નવા ફીચર મામલે આઈટી એક્ટ અને નિયમો હેઠળ કાર્યવાહી કેમ કરવામાં ના આવે જેનાથી સાયબર ગુનાઓ વધી શકે છે.

## ઇ-રિક્ષા બંધ પાડી દેતી સ્માર્ટફોનની ત્રણ ઍપ હટાવવા સરકારનો આદેશ

નવી દિલ્હી: સરકારે બેટરીથી ચાલતા વાહનો, ખાસ કરીને ઇ-રિક્ષાને દૂરથી જ બંધ કરવા જેનો દુરુપયોગ થતો હોવાનું કહેવાય છે, એવી ત્રણ સ્માર્ટફોન એપ્લિકેશનને હટાવવા આદેશ આપ્યો હતો.

ઇ-રિક્ષાની બેટરી મેનેજમેન્ટ સિસ્ટમ્સની સાથે બ્લૂટૂથથી કનેક્ટ કરીને આ સ્માર્ટફોન એપ્લિકેશન્સ દ્વારા તેને બંધ કરી શકાતી હોવાના અહેવાલને પગલે સરકારે સંબંધિત હુકમ કર્યો હતો.

સરકારે બીએટી-બીએમએસ અને એપોચ લી-આયન જેવી એપ્સના સંબંધમાં તપાસ શરૂ કરી છે. અમુક લોકો આ એપ્સનો દુરુપયોગ કરીને બ્લૂટૂથ દ્વારા ઇ-રિક્ષા બંધ કરતા હોવાનું બતાવતો વીડિયો તાજેતરમાં ફેલાયો હતો.

સાયબરલૉના એક નિષ્ણાતે જણાવ્યું હતું કે સ્માર્ટફોનની આવી એપ્લિકેશન્સનો દુરુપયોગ કરીને ઇ-રિક્ષા બંધ કરવી ગુનો ગણાય. આ કોઇ ગૅમ નથી, પણ ગુનો છે અને ૨૦૦૦ની સાલના ઇન્ફોર્મેશન ટૅક્નોલોજી એક્ટની કલમ ૬૬ને કલમ ૪૩ સાથે વાંચતા સજાપાત્ર બને છે. ઇ-રિક્ષાની સિસ્ટમમાં પરવાનગી વિના દખલગીરી કરવી ગુનો છે અને ત્રણ વર્ષની જેલની સજા તેમ જ પાંચ લાખ રૂપિયાનો દંડ થઇ શકે છે.

તેમણે જણાવ્યું હતું કે સ્માર્ટફોનની એપ્લિકેશન્સનો દુરુપયોગ કરીને ઇ-રિક્ષા બંધ કરતા લોકો માટે આ વાત કદાચ મજાક હશે, પરંતુ ખરેખર તો તે ગંભીર છે. ઇ-રિક્ષા જો રસ્તાની વચમાં બંધ થઇ જાય, તો અકસ્માત કે વાહનવ્યવહારની અન્ય સમસ્યા ઊભી થઇ શકે છે. આ ઉપરાંત, ઇ-રિક્ષા ચલાવનારા લોકોની આજીવિકા પણ છીનવાઇ શકે છે. (એજન્સી)

## રામમંદિરના ચંદા-ચોરોને આકરી સજા કરો: સંઘ

નવી દિલ્હી: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાલએ શુક્રવારે જણાવ્યું હતું કે અયોધ્યાના રામમંદિરનું દાન ચોરનારા લોકોને આકરી સજા કરવી જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે મંદિરમાં થયેલી ચોરીથી આખા હિંદુ સમાજની ધાર્મિક ભાવનાને ઘણી ઠેસ પહોંચી છે. આખા હિંદુ સમાજે આવા ષડ્યંત્રનો સામનો કરવા માટે મુશ્કેલ સમયે જરૂરી શાંતિ અને સંયમ જાળવવા જોઇએ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના બીજા ક્રમના ટોચના નેતાએ સોશ્યલ મીડિયા નએક્સથ પર લખ્યું હતું કે અયોધ્યામાં શ્રી રામલલાના મંદિરમાં થયેલી ચોરીની ઘટના કમનસીબ ગણાય

(જુઓ પાનું ૨)

## પતિની હત્યાની આરોપી સોનમ રઘુવંશીના જામીન સુપ્રીમ કોર્ટે રદ ન કર્યા

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે ૨૦૨૫માં હનીમૂન વખતે પોતાના પતિની હત્યા કરનારી સોનમ રઘુવંશીને જામીન આપતા મેઘાલય વડી અદાલતના આદેશ પર સ્ટે આપવાનો શુક્રવારે ઇનકાર કર્યો હતો.

ન્યાયાધીશ એમ. એમ. સુંદરેશ અને ન્યાયાધીશ શીલ નાગુની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે સોનમ રઘુવંશી ખટલો ચલાવનારી અદાલતના આદેશને અનુસરીને હાલમાં જામીનની શરત મુજબ શિલોંગમાં જ છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રાજ્ય સરકાર વતી સર્વોચ્ચ અદાલતમાં દલીલ કરતા જણાવ્યું હતું કે સોનમ રઘુવંશી સામેના આરોપ ગંભીર છે અને તેને માત્ર ટૅક્નિકલ કારણસર છોડી ન શકાય.

મહેતાએ જણાવ્યું હતું કે આ કેસ ખરેખર આંચકાદાયક છે. આ કિસ્સામાં દંપતી મેઘાલયમાં હનીમૂન પર હતું અને સોનમે

(જુઓ પાનું ૨)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચાઈનીઝ એપથી ઈ-રિક્ષા બંધ, સુરક્ષા સામે મોટો ખતરો

**દિલ્લીમાં** હમણાં એક અત્યંત ગંભીર ઘટના બની ગઈ. દિલ્લીમાં છેલ્લા કેટલાક સમયથી 'ટિર્રીસ' તરીકે ઓળખાતી ત્રણ પૈડાંની ઈલેક્ટ્રિકલ રિક્ષાઓ અચાનક બંધ થઈ જતી. ડ્રાઈવર ગમે તેટલા પ્રયત્નો કરે તો પણ સ્ટાર્ટ ના થાય. અડધો-પોણો કલાક પછી અચાનક રિક્ષા ચાલુ થઈ જાય. લાંબા સમયથી આ ખેલ ચાલતો પણ રિક્ષા ચાલુ થઈ જાય એટલે રિક્ષામા બેઠેલાં લોકો રિક્ષાવાળાને ને રીક્ષાવાળો બેટરી બનાવનારને બે-ચાર ગાળો દઈને આખી વાતને ભૂલાવી દેતા.

અચાનક કોઈ સોશ્યલ મીડિયા ઈન્ફલુઅન્સરનું ધ્યાન ગયું ને તેણે ખણખોદ કરી તેમાં ખબર પડી કે આ આખો ખેલ તો બીએટી બીએમએસ અને એપોચ લિ-આયન નામની મોબાઈલ એપ દ્વારા થાય છે. ઈલેક્ટ્રિકલ રિક્ષાઓમાં સસ્તી ચાઈનીઝ બેટરીઓ વપરાયેલી હોય છે. આ બેટરીઓની બિલ્ટ-ઇન મેનેજમેન્ટ સિસ્ટમ (બીએમએસ) બ્લુટૂથથી ચાલે છે તેથી આ બેમાંથી કોઈ એપ સાથે સીધી કનેક્ટ થઈ જતી. બેટરીની બિલ્ટ-ઇન મેનેજમેન્ટ સિસ્ટમ (બીએમએસ) કનેક્ટ થાય એટલે એક ક્લિક કરીને પાવર બંધ કરી દેવાય તેથી રિક્ષા રસ્તાની વચ્ચે જ ઊભી રહી જાય.

ઈન્ફલુઅન્સરે વીડિયો સોશ્યલ મીડિયા પર મૂક્યો એટલે વાતમાં બીજાને પણ રસ પડ્યો. બીજા પણ ઘણાએ આ પ્રકારના વીડિયો બનાવીને મૂક્યા. આ વીડિયો વાઈરલ થયા એટલે ટીવી ચેનલોને રસ પડ્યો. ચેનલોએ ફેક્ટ ચેક એટલે કે સત્યતાની ચકાસણી કરી તેમાં આ વાત સાચી સાબિત થઈ તેથી તેમણે પણ તેના વીડિયો મૂક્યા તેમાં છેલ્લા એક અઠવાડિયાથી દિલ્લીમાં આ મુદ્દો ગાજતો હતો. વાગતું વાગતું કેન્દ્ર સરકાર સુધી પહોંચ્યું એટલે કેન્દ્ર સરકારે બંને એપ હટાવવા માટે પ્લે સ્ટોરને ફરમાન કરી દીધું છે.

આ ઘટના અત્યંત શરમજનક કહેવાય કેમ કે આપણી સરકારને તો ચીનાઓએ આવી કોઈ એપ બનાવીને ગૂગલ પ્લે સ્ટોર પર મૂકી દીધી છે ને ભારતમાં આ એપ કામ કરે છે એ વાતની ખબર જ નહોતી. સોશ્યલ મીડિયા અને મીડિયાએ ધ્યાન ના દોર્યું હોત તો કદાચ હજુ ખબર પણ ના પડી હોત. સરકારમાં બેઠેલા લોકો તો ખાલી ને ખાલી થૂંક ઉડાડવામાં હોંશિયાર છે ને ટેકનોલોજીમાં તેમને સાંધાની સૂઝ પડતી નથી તેથી તેમની પાસેથી તો કશી અપેક્ષા ના રખાય પણ આપણી ઈન્ટેલિજન્સ ને સિક્યુરિટી એજન્સીઓને ગંધ સુધ્ધાં ના આવી એ વધારે શરમજનક કહેવાય. ચીન આપણો સૌથી મોટો દુશ્મન છે ને આપણે ત્યાં અંધાધૂંધી ને અરાજકતા સર્જવા માટે જાત જાતના પેંતરા કરે છે ત્યારે એજન્સીઓએ ચીનાઓ પર ચાંપતી નજર રાખવી જોઈએ.

ચીના ખાલી પોતાની એજન્સીઓ મારફતે નહીં પણ કંપનીઓ અને વિદેશમાં રહેતા ચીના મારફતે પણ દાવપેચ ખેલ્યા કરે છે. સાયબર વોરમાં તો ચીના સૌના બાપ છે ને અમેરિકા જેવા દેશોને પણ ફીણ પડાવી દીધું છે એ જોતાં આપણી એજન્સીઓએ ચોતરફ નજર રાખવી જોઈએ પણ આપણી એજન્સીઓને કંઈ ખબર જ ના પડી એ અત્યંત ચિંતાજનક કહેવાય. આપણે ફિલ્મોમાં એજન્સીઓનાં ગુણગાન ગાઈને મહાન બતાવવામાં મશગૂલ છીએ ને અહીં ચીન આપણી મેથી મારી ગયું તેની એજન્સીઓને ખબર સુધ્ધાં ના પડી એ જોતાં એજન્સીઓને ટાઈટ કરવી પડે.

ચીની એપ્સની હરકતે આપણી એજન્સીઓની પોલ તો ખોલી જ પણ આપણી બીજી નબળાઈને પણ છતી કરી દીધી. આપણે વિચારવું જોઈએ કે, ચીનની એપ્સ આ રીતે આપણે ત્યાં ચાલતી રિક્ષાઓની બેટરીને કઈ રીતે કંટ્રોલ કરી શકે છે? કેમ કે આ બેટરી મેઈડ ઈન ચાઈના છે. આપણે ચાઈનીઝ બેટરી વાપરવી પડે છે કેમ કે આપણે ઈલેક્ટ્રિક રિક્ષાઓ માટેની બેટરી બનાવી શકતા નથી. થોડી ઘણી બનતી હશે તો એ ચીનની લિથિયમ-આયન બેટરીઓની સરખામણીમાં બહુ મોંઘી હોય છે તેથી શટલિયાં મારતી ઈલેક્ટ્રિક રિક્ષાઓ બનાવનારાને પરવડે જ નહીં.

ભારતના મોટા ભાગના લિથિયમ-આયન બેટરી ઉત્પાદકો ચીનથી માલ મગાવીને અહીં એસેમ્બલ કરીને પોતાનો ઠપ્પો લગાવી દે છે તેથી વાસ્તવમાં ભારત ઈલેક્ટ્રિક વાહનોની બેટરીઓ માટે ચીન પર જ નિર્ભર છે. આપણે ચીન-અમેરિકાને પછાડી દેવાના ફડાકા મારીએ છીએ પણ આ કડવી વાસ્તવિકતા છે.

ચીના પોતાની બેટરીઓની બિલ્ટ-ઇન મેનેજમેન્ટ સિસ્ટમ (બીએમએસ)ને બ્લુટૂથથી જોડી શકાય એવી બનાવે છે કે જેથી ગમે તે સમયે બેટરી કેટલી ચાર્જ થયેલી છે, સેલના વોલ્ટેજ, બેટરી ગરમ તો નથી થઈને એ બધું દૂરથી સ્માર્ટફોન અથવા ટેબ્લેટ પર મોનિટર કરી શકાય. ચીનમાં જ બેટરી વપરાવાની હોય તો કશો વાંધો નથી પણ આ જ વાત ભારત માટે મોટી આફત બની શકે છે. બલકે લોકોની સુરક્ષા અને જાન-માલ સામે મોટો ખતરો બની શકે છે ને તેને રોકવામાં ના આવે તો ભવિષ્યમાં ચીના ચીનમાં બેઠાં બેઠાં એક બટન દબાવીને અંધાધૂંધી ને અરાજકતા સર્જી દે એવા દિવસો આવી જશે.

આપણે પેટ્રોલ-ડીઝલના વધતા ભાવોથી બચવા માટે મોટા પાયે ઈલેક્ટ્રિક વાહનો તરફ વળી રહ્યા છીએ. વાહનોમાં ચીનની બેટરીઓ વપરાયેલી હોય તો આ વાહનોને અચાનક રસ્તા પર ઠપ્પ કરી દેવા ચીન માટે ચપટીનો ખેલ છે પણ ચીનમાં ના બનેલી બેટરીની બિલ્ટ-ઇન મેનેજમેન્ટ સિસ્ટમ (બીએમએસ)ને હેક કરીને ચીના હાહાકાર મચાવી શકે.

આપણે ત્યાં ચીનથી જંગી પ્રમાણમાં માલ ઠલવાય છે. ચીનનાં બેટરી ઓપરેટેડ માંડીને ઈલેક્ટ્રિક હોમ એપ્લાયન્સીસ સુધીની ઢગલો ચીજો આપણે વાપરીએ છીએ. આ ચીજોને ઠપ્પ કરીને ચીન કેવો કાળો કેર વર્તાવી શકે છે એ વિચારી જુઓ. ચીન એક ડગલું આગળ વધે તો શું કરી શકે એ પણ વિચારી જુઓ. આપણાં ઘરોમાં રહેલી ચાઈનીઝ ચીજોમાં બ્લાસ્ટ કરાવીને એ લાશોના ઢગ ખડકી શકે.

ચીને ચાઈનીઝ બનાવટનાં હોમ એપ્લાયન્સીસમાં પહેલેથી કેમેરા ગોઠવીને યુકેના મંત્રીઓ સુધ્ધાંની જાસૂસી કરાવી હતી ને બ્લાસ્ટ પણ કરાવ્યા છે. ચીના ભારતમાં પણ આ બધું કરી શકે છે. આપણા મંત્રીઓ કે મહત્ત્વનાં લોકોના વીડિયો ઉતારીને બ્લેકમેઈલ કરવાનાં કૃત્યો પણ કરી શકે, ભારતમાં બધું ઠપ્પ પણ કરી શકે ને બ્લાસ્ટ પણ કરાવી શકે. કોઈને આ વાતો અતિશયોક્તિભરી લાગશે પણ આ બધું થઈ શકે છે.

આ સ્થિતિથી બચવાનો ઉપાય શું? એક જ ઉપાય છે. ચીનના માલથી વેગળા રહેવું. કોઈ પણ પ્રકારનો ચીનનો માલ ખરીદવો નહીં કે ચીનનો માલ વપરાયો હોય એવી ચીજો પણ ખરીદવી નહીં. સરકાર આપણને બચાવશે એવી આશાએ બેસી રહેવાના બદલે આટલું તો આપણે કરી જ શકીએ ને?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, શનિવાર, તા. ૪-૭-૨૦૨૬, પંચક
ભારતીય દિનાંક ૧૩, માહે અષાઢ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ -૪
જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૪
પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
મીસરી રોજ ૧૯મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
નક્ષત્ર ધનિષ્ઠા બપોરે ક. ૧૩-૪૩ સુધી, પછી શતભિષા
ચંદ્ર કુંભમાં.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતી : બપોરે ક. ૧૪-૪૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૫ (તા. ૫)
ઓટઃ સવારે ક. ૦૭-૫૪, રાત્રે ક. ૨૧-૦૧
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ-ચતુર્થી. પંચક, શુક્ર સિંહમાં ક. ૧૯-૧૪.
શુભાશુભ દિશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્ન, શનિ-મંગળ-રાહુ દેવતાનું પૂજન, વસુદેવતાનું પૂજન સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા સુંદરકાંડ વાંચન, ધજા-કળશ-પતાકા ચઢાવવી, પરગામ પ્રયાણ મધ્યમ, નોકરી-વેપાર, દુકાન સંબંધિત કાર્યો, રત્નધારણ, ધાન્ય વેંચવું, બી વાવવું, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
આચમનઃ મંગળ-હર્ષલ યુતિ અસમતોલપણું આવી જાય, ચંદ્ર-રાહુ યુતિ મતલબી, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ મંગળ-હર્ષલ યુતિ, ચંદ્ર-રાહુ યુતિ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ.
ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક/ સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# ઈંધણની કટોકટીને પુતિન જરી કે ગણકારતા નથી

મોસ્કોઃ રશિયામાં ઈંધણની તીવ્ર અછત હોવા છતાં, પ્રમુખ વ્લાદિમીર પુતિન તેમના દેશની તેલ રિફાઇનરીઓ પર યુક્રેન દ્વારા વધતા હુમલાઓથી બેદરકાર દેખાય છે.

તેમણે વિશ્વના અગ્રણી તેલ ઉત્પાદક દેશોમાંના એક માટે થયેલા આંચકાને ગંભીર ન ગણાવીને યુદ્ધવિરામના પ્રસ્તાવોને ફગાવી દીધા છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે તેમનાં લક્ષ્યો પૂર્ણ ન થાય ત્યાં સુધી યુદ્ધ ચાલુ રહેશે.

પુતિને રશિયન ઊર્જા સંસ્થાનો પરના હુમલાઓને યુક્રેન દ્વારા યુદ્ધભૂમિ પરના તેના નુકસાન પરથી ધ્યાન ભટકાવવાના પ્રયાસ તરીકે વર્ણવ્યા છે. જોકે વિશ્લેષકો કહે છે કે તાજેતરના મહિનાઓમાં રશિયન દળોની પ્રગતિ અટકી ગઈ છે.

પુતિન માને છે કે તેમની સરકાર ઇંધણ કટોકટીને તેમની સત્તા અને તેમણે ચાર વર્ષ પહેલાં શરૂ કરેલા યુદ્ધ માટેના સમર્થનને ઘટાડતા અટકાવી શકે છે. રશિયન સૈન્યએ ગુરુવારે સવારે રાતોરાત યુક્રેનની રાજધાની પર ૧૧ કલાકનો વિશાળ હુમલો કર્યો જેમાં ઓછામાં ઓછા ૩૦ લોકો માર્યા ગયા હતા.

રશિયાના સંપૂર્ણ પાયે આક્રમણની શરૂઆત પછી કીવ પર થયેલા આ સૌથી ઘાતક હુમલાઓમાંનો એક હતો.

# મોદી જશે ઈન્ડોનેશિયા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસે

નવી દિલ્હીઃ આ ત્રણ દેશ સાથેના સંબંધ વધુ સઘન બનાવવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૬ થી ૧૧ જુલાઈ દરમિયાન ઈન્ડોનેશિયા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસે જશે, એમ વિદેશ ખાતાએ શુક્રવારે કહ્યું હતું.

મોદી સૌથી પહેલા ઈન્ડોનેશિયાની મુલાકાતે જશે. ત્યાર બાદ તેઓ ઑસ્ટ્રેલિયા જશે જ્યાં મૅલબૉર્નમાં તેમનો મુખ્ય કાર્યક્રમ હશે. ન્યૂ ઝીલૅન્ડની મુલાકાત સાથે તેમનો ત્રણ દેશનો પ્રવાસ પૂરો થશે.

વિદેશી બાબતોના સેક્રેટરી રૂદ્ર ટંડને પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે મોદીની ન્યૂ ઝીલૅન્ડની મુલાકાત એટલે પણ વિશેષ હશે કેમ કે લગભગ ૪૦ વર્ષ બાદ આ દેશના પ્રવાસે જનારા તેઓ ભારતના પ્રથમ વડા પ્રધાન હશે.

ન્યૂ ઝીલૅન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સને મોદી આવતા અઠવાડિયે પહેલીવાર ન્યૂ ઝીલૅન્ડની સત્તાવાર મુલાકાતે આવશે એવી જાહેરાત કરી હતી. તેમણે ભારતને વિશ્વનું સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રમાનું એક લેખાવ્યું હતું.

એપ્રિલમાં ભારત સાથે કરવામાં આવેલા મુક્ત વેપારના કરારને કારણે નોકરીની નવી તકો ઊભી થશે, નિકાસ વધશે અને ન્યૂ ઝીલૅન્ડનો આર્થિક વિકાસ પણ ઝડપી બનશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# ચર્ચાઓમાં ફક્ત ટીકા પર નહીં, પણ ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએઃ ઓમ બિરલા

## સંમતિ અને અસંમતિ લોકશાહીના કુદરતી લક્ષણો છે, પરંતુ મતભેદો હંમેશાં તર્કસંગત, ગૌરવપૂર્ણ અને આદરપૂર્ણ ચર્ચા દ્વારા વ્યક્ત કરવા જોઈએ

કોલકાતાઃ લોકસભા સ્પીકર ઓમ બિરલાએ શુક્રવારે કહ્યું કે અર્થપૂર્ણ લોકશાહી પ્રવચન ફક્ત ટીકાથી આગળ વધવું જોઈએ અને રચનાત્મક અને અમલમાં મૂકી શકાય તેવા ઉકેલો પર સમાન ભાર મૂકવો જોઈએ.

પશ્ચિમ બંગાળ વિધાનસભાના નવા ચૂંટાયેલા સભ્યો માટેના ઓરિએન્ટેશન કાર્યક્રમના ઉદઘાટન સમારોહને સંબોધતા, બિરલાએ કહ્યું કે સંમતિ અને અસંમતિ લોકશાહીના કુદરતી લક્ષણો છે, પરંતુ મતભેદો હંમેશા તર્કસંગત, ગૌરવપૂર્ણ અને આદરપૂર્ણ ચર્ચા દ્વારા વ્યક્ત કરવા જોઈએ.

ધારાસભ્યએ ચર્ચાઓ ફક્ત ટીકા કરતાં ઉકેલો પર કેન્દ્રિત કરવી જોઈએ તેના પર ભાર મૂકતા, સ્પીકરે નોંધ્યું હતું કે રચનાત્મક ચર્ચા એ જીવંત લોકશાહીની ઓળખ છે.

તેમણે કહ્યું કે ટીકા એ કાયદાકીય કામગીરીનો એક આવશ્યક ઘટક છે, પરંતુ દરેક ચર્ચાએ જાહેર સમસ્યાઓના વ્યવહારુ ઉકેલો પણ પ્રદાન કરવા જોઈએ.

સ્પીકરની ટિપ્પણીઓ મહત્વપૂર્ણ છે કારણ કે સંસદમાં વિપક્ષના વિરોધ અને વિવિધ મુદ્દાઓ પર સૂત્રોચ્ચારને કારણે કાર્યવાહીમાં લાંબા સમય સુધી વિક્ષેપ પડ્યો છે, જેના કારણે વારંવાર સત્ર સ્થગિત કરવું પડ્યું છે અને ભૂતકાળમાં અનેક સત્રોમાં દિવસો સુધી લગભગ કોઈ કામ થયું નથી. સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થવાની સંભાવના છે.

બિરલાએ કહ્યું કે દરેક ચર્ચા, કાયદો અને નીતિ જાહેર કલ્યાણ દ્વારા સંચાલિત હોવી જોઈએ અને નાગરિકોના પડકારોના વ્યવહારુ ઉકેલો શોધવાનો હેતુ હોવો જોઈએ.

તેમણે કહ્યું હતું કે ધારાસભ્યોએ લોકશાહી પ્રવચનની ગુણવત્તાને સમૃદ્ધ બનાવવા માટે તથ્યો, સંશોધન અને તર્કસંગત દલીલોના આધારે તેમના હસ્તક્ષેપ કરવા જોઈએ.

તેમણે કહ્યું કે, વિધાનસભાઓ એવી સંસ્થાઓ રહેવી જોઈએ જ્યાં વિચારો સ્પર્ધા કરે છે પરંતુ લોકશાહી મૂલ્યો પ્રવર્તે છે.

તેમણે જાહેર જીવનમાં યુવા નેતાઓ અને મહિલાઓની વધતી ભાગીદારીની પણ પ્રશંસા કરી.

સ્પીકરે સભ્યોને સલાહ આપી કે તેઓ બોલવાના હોય કે ન હોય, વિધાનસભાની અંદર શક્ય તેટલો વધુ સમય વિતાવે.

ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોની આકાંક્ષાઓના રક્ષક છે તેના પર ભાર મૂકતા, સ્પીકરે તેમને પશ્ચિમ બંગાળના સમૃદ્ધ લોકશાહી અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખીને, જાણકાર કાયદા નિર્માણ, રચનાત્મક ચર્ચાઓ અને સુશાસનમાં સક્રિયપણે યોગદાન આપવા વિનંતી કરી.

# - ત્યાં સુધી સિંધુ જળ સંધિ મોકૂફઃ પાકિસ્તાનને ભારતનો જવાબ

નવી દિલ્હીઃ પાકિસ્તાને સિંધુ જળ સંધિ હેઠળ પાણીના તેના હિસ્સામાં વિક્ષેપ પાડવા સામે ભારતને ચેતવણી આપ્યાના થોડા દિવસો પછી, કેન્દ્ર સરકારે શુક્રવારે કહ્યું કે પાકિસ્તાનના વલણમાં કોઈ ફેરફાર થયો નથી અને જ્યાં સુધી ઇસ્લામાબાદ વિશ્વસનીય રીતે સરહદ પાર આતંકવાદને ટેકો આપવાનું બંધ નહિ કરે ત્યાં સુધી સંધિ મુલતવી રાખવામાં આવશે. પાકિસ્તાનના આબોહવા પરિવર્તન પ્રધાન મુસાદિક મલિકે ચેતવણી આપી હતી કે ઇસ્લામાબાદ સંધિ હેઠળ પાકિસ્તાનના પાણીના હિસ્સાનો દાવો કરવા માંગતા હાથ કાપી નાખશે તે પછી વિદેશ મંત્રાલયની આ ટિપ્પણી આવી છે.

એમના માહિતી પ્રધાન અત્તાઉલ્લાહ તરારએ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ૧૯૬૦ના વિશ્વ બૅંક દ્વારા મધ્યસ્થી કરાયેલ કરાર કાયદેસર રીતે બંધનકર્તા રહેશે અને તેને સ્થગિત અથવા એકપક્ષી રીતે સુધારી ન શકાય. સાપ્તાહિક મીડિયા બ્રીફિંગને સંબોધતા, વિદેશ મંત્રાલય પ્રવક્તા રણધીર જયસ્વાલે ભારતના વલણને પુનરાવર્તિત કર્યું હતું.

# ભારત-જાપાન સંબંધોનું ટાર્ગેટ ત્રીજો દેશ ન હોવો જોઈએઃ ચીન

બીજિંગઃ જાપાનનાં વડાં પ્રધાન સના તાકાઇચીની દિલ્હી મુલાકાત દરમિયાન ભારત અને જાપાન વચ્ચે અનેક કરારો કર્યાના એક દિવસ બાદ ચીને શુક્રવારે કહ્યું કે બે દેશો વચ્ચે દ્વિપક્ષી સહયોગનો હેતુ કોઈ ત્રીજા પક્ષને લક્ષ્ય બનાવવાનો હોવો નહીં અથવા બીજા દેશનાં હિતોને નુકસાન પહોંચાડવા માટેનો પણ હોવો જોઈએ નહીં.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને અહીં મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે દેશો વચ્ચેનો સહયોગ પ્રાદેશિક દેશો વચ્ચે સમજણ અને વિશ્વાસ વધારવા અને પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે અનુકૂળ હોવો જોઈએ. તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનનાં વડાં પ્રધાન વચ્ચેની વાતચીત પછી સપ્લાય ચેઈનને મજબૂત કરવા માટે મહત્ત્વપૂર્ણ ખનિજો પર ભારત અને જાપાન વચ્ચે સહયોગ સાથે જોડાયેલા એક સવાલનો જવાબ આપી રહ્યા હતા.

તેમણે કહ્યું હતું કે આવા સહયોગનો ઉપયોગ કોઈપણ ત્રીજાને પક્ષને લક્ષ્ય બનાવવા કરવો જોઈએ નહીં અથવા કોઈપણ ત્રીજા દેશનાં હિતોને નુકસાન પહોંચાડવા પણ કરવો જોઈએ નહીં. વૈશ્વિક ઔદ્યોગિક અને સપ્લાય ચેઈનને સુરક્ષિત અને સ્થિર રાખવી તમામ દેશોની સામાન્ય જવાબદારી છે. બધા પક્ષોએ સહયોગને સમર્થન આપવું જોઈએ અને પ્રક્રિયામાં રચનાત્મક ભૂમિકા ભજવવી જોઈએ.

મોદી અને તાકાઇચી વચ્ચે શિખર મંત્રણા પછી ભારત અને જાપાને ગુરુવારે આર્થિક ભાગીદારી માળખું, લશ્કરી હાર્ડવેરના સહ-વિકાસ માટે સંરક્ષણ કરાર અને ઊર્જા સંબંધો વધારવા માટેના પગલાં સહિત અનેક સીમાચિહ્નરૂપ પગલાભર્યા હતા. તેઓએ પૂર્વ ચીન સમુદ્ર અને દક્ષિણ ચીન સમુદ્રની પરિસ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી અને નેવિગેશનની સ્વતંત્રતાને જોખમમાં મૂકતી એકપક્ષી કાર્યવાહી તેમજ બળ દ્વારા યથાસ્થિતિ બદલવાના પ્રયાસોનો વિરોધ કર્યો હતો. જાપાનનાં વડાં પ્રધાનની ભારત મુલાકાત પર ચીન નજર રાખી રહ્યું હતું કારણ કે નવેમ્બર, ૨૦૨૫માં તાકાઇચીની ટિપ્પણી પછી જાપાન અને ચીન વચ્ચેના સંબંધોમાં તણાવ વધ્યો હતો. તેમણે કહ્યું હતું કે જો ચીન તાઇવાન પર હુમલો કરે તો જાપાન જવાબ આપી શકે છે. ચીને આ ટિપ્પણીનો વિરોધ કર્યો હતો. ચીને જાપાન, અમેરિકા, ભારત અને ઘણા દેશોમાં દુર્લભ ખનિજોની નિકાસ કડક બનાવી જેથી તેનો ઉપયોગ તેના વેપાર હિતોને વિસ્તૃત કરવા માટે લાભ તરીકે થાય. ઇલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઇલ્સ, પવન ઊર્જા, સંરક્ષણ સાધનો અને આધુનિક ગેજેટ્સના ઉત્પાદન માટે આ મિનરલ્સ મહત્ત્વપૂર્ણ છે.

પહેલા પાનાનું ચાલુ

### પતિની હત્યા

પોતાના પતિની હત્યા કરીને તેની લાશ ખીણમાં ફેંકી દીધી હતી. તેના ત્રણ સાથી પણ હતા. તે નાસી ગઇ હતી, પરંતુ ઉત્તર પ્રદેશમાંથી પકડાઇ હતી. તેમણે જણાવ્યું હતું કે જો વડી અદાલતના આદેશનો અમલ નહિ અટકાવાય, તો તે (સોનમ રઘુવંશી) નાસી જશે. અગાઉ, સોનમ રઘુવંશીની જામીન માટેની અનેક અરજી નકારાઇ હતી.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે વડી અદાલતમાં વાદી પક્ષે ટાઇપિંગમાં ભૂલ કરીને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) (હત્યા માટે સજા)ને બદલે કલમ ૪૦૩(૧)નો ઉલ્લેખ કર્યો હતો અને તેને લીધે વડી અદાલતે સોનમ રઘુવંશીને જામીન આપ્યા હતા. (એજન્સી)

### ફ્રાન્સમાં ગરમીએ

કે આ સંખ્યા હજુ પણ આંશિક છે. તેણે જણાવ્યું હતું કે પ્રારંભિક કુલ મૃત્યુ ૧૫ જૂનથી ૨૧ જૂનના છેલ્લા અઠવાડિયામાં નોંધાયેલા ૬,૯૪૮ મૃત્યુ કરતા ૨૯ ટકા વધુ છે. પબ્લિક હેલ્થ ફ્રાન્સે જણાવ્યું હતું કે ઘરોમાં મૃત્યુની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે, જેમાં આ આંકડા ૯૧ ટકા વધ્યા છે. વૃદ્ધોના કેર હોમમાં મૃત્યુદરમાં ૩૭ ટકા અને હોસ્પિટલોમાં લગભગ ૨૦ ટકાનો વધારો થયો છે.

### ભયાનક ગરમી

કે અલ નિનોની સ્થિતિ પહેલાથી જ શરૂ થઈ ગઈ છે. તેનાથી દુનિયામાં અનેક વિસ્તારોમાં દુષ્કાળ અને ભારે વરસાદની સંભાવના છે. ૧૨ જૂનના રોજ ભારત હવામાન વિભાગે અલ નિનોની સ્થિતિની શરૂઆતની ઘોષણા કરી અને કહ્યું કે દક્ષિણ પશ્ચિમ ચોમાસાની ઋતુ દરમિયાન તે વધુ મજબૂત બનશે. અલ નિનોની સ્થિતિમાં સામાન્ય રીતે ભારતમાં ઓછો વરસાદ વરસે છે. જૂનમાં સમગ્ર દેશમાં લગભગ ૪૦ ટકા વરસાદમાં ઘટાડા પાછળનું મુખ્ય કારણ છે. હવામાન વિભાગે આગાહી કરી હતી કે જુલાઈ દરમિયાન ભારતમાં માસિક સરેરાશ વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની ધારણા છે.

### અમદાવાદ ભદ્ર

હતો. આ દાવાના પગલે ફરિયાદીના ઘરે કોર્ટ કમિશનની નોટિસ આવી હતી. આ કેસમાં કોર્ટ કમિશનર તરીકે ફરજ બજાવતા અને ભદ્ર કોર્ટના અપીલ વિભાગના આસિસ્ટન્ટ ક્લાર્ક અશોકભાઇ માધવલાલ પટેલનાઓએ ફરિયાદીનો સંપર્ક કર્યો હતો. અશોકભાઈએ ફરિયાદીને તેમના પક્ષમાં ચુકાદો અપાવી દેવાની ખાતરી આપી અને તેના બદલામાં રૂપિયા ૧૦,૦૦૦/- ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આ લાંચની રકમ ચૂકવવા બિલકુલ માંગતા નહોતા. જેથી તેમણે તાત્કાલિક અમદાવાદ શહેર એસીબીનો સંપર્ક સાધી સમગ્ર હકીકત જણાવી ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે એસીબીની ટીમે ૦૩ જૂનના રોજ લાંચના છટકાનું આયોજન કર્યું હતું. યોજના મુજબ, આરોપી અશોકભાઇ પટેલે ફરિયાદીને લાંચની રકમ આપવા માટે નારણપુરા વિસ્તારમાં આવેલા ધરતી સર્કલ પાસે, મેલડીમાતાના મંદિરની સામે બોલાવ્યા હતા. જેવા ફરિયાદીએ આરોપી અશોકભાઇ પટેલને લાંચના ૧૦,૦૦૦ આપ્યા, કે તરત જ એસીબીની ટીમે ત્રાટકીને આરોપીને લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપી લીધો હતો.

### અમરનાથ યાત્રા

સુચારુ સંચાલન માટે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલીસ, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને અન્ય અર્ધલશ્કરી દળોના હજારો સુરક્ષા કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા છે તથા હવાઈ દેખરેખ પણ કરવામાં આવશે.

વહીવટીતંત્રે કહ્યું છે કે કોઈપણ યાત્રાળુને નોંધણી તારીખ પહેલાં અમરનાથ યાત્રા કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં, અને શ્રદ્ધાળુઓને અપીલ કરી છે કે તેઓ તેમના વારાની રાહ જુએ અને તેમને મળેલી તારીખે જ મુસાફરી કરે.

### ગુજરાતમાં મેઘતાંડવ

પ્રમાણે ભારે વરસાદને કારણે માળિયા હાટીના ગામ નજીકથી પસાર થતી મેઘલ નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. તાપીના ડોલવણ તાલુકામાં પણ ૧૨ ઇંચ વરસાદ નોંધાયો હતો.

જ્યારે વાલોડ ગામે પાણીના પ્રવાહમાં તણાઈ જવાથી બે મજૂરો મોત નિપજ્યાં હોવાનું જાણવા મળ્યું હતું. જાફરાબાદ અને વેરાવળ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું હતું.

### ટાર્ગેટ રથયાત્રા

મધ્ય પ્રદેશના જુદા જુદા વિસ્તારોમાં એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. પકડાયેલા તમામ શખસો સામે આતંકી મોડ્યુલનો હિસ્સો હોવાની આશંકા હેઠળ કાયદેસરની વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી. આતંકવાદીઓનો મુખ્ય હેતુ ગુજરાતમાં જૈશ-એ મોહમ્મદનું નેટવર્ક સક્રિય કરવાનો હતો અને આ માટે તેઓ કામગીરી કરી રહ્યા હતા.

### વૉટ્સઍપના

આઇટી એક્ટ અને નિયમો હેઠળ કાર્યવાહી કેમ ન કરવી જોઇએ, જેનાથી સાયબર ક્રાઇમ વધી શકે છે. સરકારે મેટાને એ પણ યાદ અપાવ્યું કે એક મહત્વપૂર્ણ સોશિયલ મીડિયા મધ્યસ્થી હોવાના નાતે વૉટ્સઍપ આઇટી કાયદા અને નિયમો હેઠળ જરૂરી કર્તવ્યપરાયણતા ફરજથી બંધાયેલું છે.

### રામ મંદિર

અને તેનાથી આખા હિંદુ સમાજ, ખાસ કરીને રામભક્તોની લાગણી દુભાઇ છે. આ ઘટનાથી મને ઘણું દુઃખ થયું છે અને સાથે ગુસ્સો પણ આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે આ પ્રકરણમાં ગૂંચવણ અને અસ્પષ્ટતા દૂર થવા જોઇએ. મંદિરનાં નાણાંનું યોગ્ય મેનેજમેન્ટ થવું જરૂરી છે. અમે આશા રાખીએ છીએ કે શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ હિંદુ સમાજનો વિશ્વાસ ફરી પ્રસ્થાપિત કરવામાં સફળ થશે. (એજન્સી)

# ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવેના નબળા કામની પોલ ખૂલી: ચોમાસાના પહેલા જ વરસાદે બ્રિજ ફાટ્યો, વાહનચાલકોમાં ભારે રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ચોમાસાના આરંભ સાથે જ રસ્તાઓની નબળી ગુણવત્તાની ફરિયાદો ઊઠી રહી છે. ભાવનગર-સોમનાથ નેશનલ હાઇવેની કામગીરી જ્યારથી શરૂ થઈ છે ત્યારથી જ તે વિવાદો અને નબળી ગુણવત્તાની ફરિયાદોના ઘેરામાં રહી છે. કામ પૂર્ણ થયા બાદ પણ આ હાઇવે પર સતત ભ્રષ્ટાચારના દ્રશ્યો સામે આવી રહ્યા છે અને તંત્ર દ્વારા માત્ર થીંગડાં મારવાની કામગીરી ચાલતી હોય તેવું લાગી રહ્યું છે. આ વચ્ચે અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને પીપાવાવ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઇવે પર ચોમાસાના પ્રથમ વરસાદે જ કોન્ટ્રાક્ટરોની પોલ ખોલી નાખી હતી.

રાજુલાથી ઉના તરફ જતા ચારનાળા નજીક આવેલા બ્રિજ પર નબળી ગુણવત્તાના ભયાનક દ્રશ્યો બહાર આવ્યા હતા, જ્યાં પહેલા જ વરસાદમાં સીસી રોડ ઉપર મોટી તિરાડો પડી જતાં હાઇવે રીતસર ફાટી ગયો છે. આશ્ચર્યની વાત એ છે કે, થોડા દિવસ પહેલા જ તંત્ર દ્વારા જ્યાં સમારકામ કરીને થીગડા મારવામાં આવ્યા હતા, તે જ જગ્યા પર રોડ ફરીવાર ફાટી જવાના કારણે વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, મહુવાથી લઈને રાજુલા અને ઉના સુધીના મોટાભાગના બ્રિજ અને રોડ પર નબળા કામોને કારણે તિરાડો પડી ગઈ છે.

આ ગંભીર પરિસ્થિતિ અંગે સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, મેં અગાઉ પણ પત્ર લખીને આ બાબતે કેન્દ્રીય મંત્રીનું ધ્યાન દોર્યું છે અને વારંવાર રજૂઆતો કરી છે. આ નેશનલ હાઇવે પર નબળી કામગીરીના કારણે અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેથી આ સમગ્ર બાબતે ઉચ્ચ સ્તરીય તપાસ થવી અનિવાર્ય છે.

બીજી તરફ, હાઇવે પરથી પસાર થતા વાહનચાલક અનિરૂદ્ધભાઈ અને પ્રિતેશભાઈએ તંત્ર સામે આક્રોશ ઠાલવતા સવાલ કર્યો હતો કે, ભવિષ્યમાં જો આ બ્રિજ ધરાશાયી થશે તો તેનો જવાબદાર કોણ? બ્રિજ પર ચારથી પાંચ વાર રિપેરિંગ કરવા છતાં સામાન્ય મેન્ટેનન્સ કરીને મૂકી દેવાય છે, જેના કારણે તિરાડો સતત વધી રહી છે. સરકાર દ્વારા પૂરતું બજેટ આપવામાં આવતું હોવા છતાં અહીં મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. સ્થાનિકોએ માંગ કરી છે કે કેન્દ્ર સરકાર દ્વારા તાત્કાલિક એક ખાસ તપાસ ટીમ મોકલી સ્થળ નિરીક્ષણ કરવામાં આવે અને નબળું કામ કરનાર કોન્ટ્રાક્ટર એજન્સીને પેનલ્ટી ફટકારી, તેના બિલ પાસ કરનારા જવાબદાર અધિકારીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે તો જ ભવિષ્યમાં થનારી મોટી જાનહાનિ અટકાવી શકાશે.



રાજકોટના બેડી માર્કેટિંગ યાર્ડમાં અચાનક વાતાવરણ પલટાતાં અને વરસાદ ખાબકતાં ખુલ્લામાં તેમજ શેડમાં પડેલી કાળા તલની જણસી પલળી ગઈ હતી.અચાનક માલ પલળી જતાં યાર્ડમાં હાજર ખેડૂતો,વેપારીઓ અને મજૂરોમાં ભારે અફરાતફરી અને ચિંતાનો માહોલ સર્જાયો હતો.વરસાદ એટલો ઝડપી હતો કે શેડની અંદર પણ પાણી ભરાઈ ગયા હતા,જેના કારણે ત્યાં રાખેલો કાળા તલનો કિંમતી જથ્થો પલળી ગયો હતો.માલ બગડતો જોઈ મજૂરો દ્વારા યુદ્ધના ધોરણે તાત્કાલિક કાળા તલનો જથ્થો સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મજૂરોની ઝડપી કામગીરી છતાં, જણસી પલળી જવાને કારણે ખેડૂતો અને વેપારીઓને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. (પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગર જિલ્લામાં અડધાથી દોઢ ઇંચ વરસાદ :વલભીપુર, પાલિતાણામાં ૧.૫ ઇંચ વરસાદ, ભાવનગર શહેર, ઉમરાળા અને શિહોરમાં એક ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગોહિલવાડ પંથકમાં અડધાથી દોઢ ઇંચ વરસાદ પડ્યો છે. જિલ્લાના વલભીપુર અને પાલિતાણામાં ધોધમાર ૧.૫ ઇંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે ભાવનગર શહેર, ઉમરાળા અને શિહોરમાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. હજુ ભાવનગરમાં ભારે વરસાદની આગાહી હોય એનડીઆરએફની ટીમ સ્ટેન્ડ બાય કરવામાં આવી છે. ભાવનગર શહેર અને સમગ્ર જિલ્લામાં વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સમગ્ર જિલ્લામાં મેઘરાજાની મહેર થઈ છે. આજે બપોર બાદ વરસાદ તૂટી પડ્યો હતો. વરસાદી માહોલ ઉભો થતા ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાય હતી. સાંજના છ વાગ્યા સુધીમાં ભાવનગર જિલ્લાના વલભીપુરમાં ૩૨, ઉમરાળામાં ૨૯, ભાવનગર શહેરમાં ૨૧, ઘોઘા માં ૧૪, સિહોરમાં ૨૧, ગારિયાધારમાં ૯, પાલિતાણામાં૩૧, તળાજામાં ૧૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ભાવનગર શહેર અને જિલ્લામાં ભારે વરસાદની આગાહી હોય એન.ડી. આર. એફ.ની ટીમ સ્ટેન્ડ બાય કરવામાં આવી હતી.

# ભાવનગરમાં ભારે વરસાદની આગાહીને પગલે એનડીઆરએફની ટીમ તહેનાત, તંત્ર અલર્ટ



(વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર સહિત સમગ્ર જિલ્લામાં ભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. આ સંભવિત કુદરતી આફત અને કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા અત્યારથી જ આગોતરા પગલાં લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં સુરક્ષા અને તાત્કાલિક બચાવ કામગીરી સુનિશ્ચિત કરવાના ભાગરૂપે ભાવનગરમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ એનડીઆરએફની એક વિશેષ ટીમ તહેનાત કરી દેવામાં આવી છે. એનડીઆરએફના ૩૦ જવાનો પોતાના અદ્યતન બચાવ સાધનો સાથે ભાવનગરમાં આવી પહોંચ્યા છે.જ્યાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેઓને પરિસ્થિતિ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, ભારે વરસાદને કારણે જો જિલ્લાના કોઈ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય અથવા પૂર જેવી ગંભીર સમસ્યા ઊભી થાય, તો ક્ષણભરનો પણ વિલંબ કર્યા વિના બચાવ અને રાહત કામગીરી શરૂ કરી શકાય તે માટે આ સઘન વ્યવસ્થા કરવામાં આવી છે. નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રિમતા આપીને તંત્ર દ્વારા તમામ કંટ્રોલ રૂમને પણ ચોવીસ કલાક કાર્યરત કરી દેવામાં આવ્યા છે અને લોકોને નદી-નાળાં કે પાણી ભરાયેલા વિસ્તારોથી દૂર રહેવા તથા સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

# કચ્છમાં વિદ્યાર્થીઓની અપૂરતી સંખ્યાના કારણે ૪૫ ખાનગી શાળાઓ બંધ કરવા તંત્રનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં નિયત ધારા-ધોરણ કરતાં ખૂબ જ ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી ૪૫ જેટલી ખાનગી શાળાઓને બંધ કરવાનો શિક્ષણ વિભાગે આદેશ કર્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું કે, તપાસના અંતે નિયમ મુજબ પૂરતા વિદ્યાર્થીઓ ન હોવાનું માલૂમ પડતાં ૨૩ માધ્યમિક અને ૨૨ પ્રાથમિક ખાનગી શાળાઓના સંચાલકોને શાળા બંધ કરવા માટેની નોટિસ ફટકારવામાં આવી હતી.

અંજાર તાલુકાની લાખાપર-સારસ્વત વિદ્યાલય, હેપ્પી વેલી પબ્લિક સ્કૂલ, નવરચના પબ્લિક સ્કૂલ (અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ), માનવ રચના એકેડેમી, ટ્વિંકલ સ્ટાર સ્કૂલ; મુંદરા તાલુકાના પત્રીની જ્ઞાનધારા વિદ્યાલય, ઝરપરાની વ્હાઈટ હાઉસ પબ્લિક સ્કૂલ, ભુજપુરની સાંદીપનિ ઋષિ વિદ્યાલય;

ગાંધીધામની અંબે ભવનાથ હાઈસ્કૂલ અને મારુતિ માધ્યમિક શાળા; ભચાઉની નવજીવન વિકલાંગ સેવાશ્રય સ્કૂલ; નલિયાની દિલ્હી પબ્લિક સ્કૂલ, નખત્રાણાના મોટા અંગિયાની ધી વ્હાઈટ ઈગલ સ્કૂલ; માંડવીના બિદડાની શારદાનિકેતન સ્કૂલ; મિરજાપરની જય ક્રિષ્ના સ્કૂલ; ભુજની રોટરી એએમએમ સ્કૂલ, સેન્ટ મેરી પ્રિ. શાળા; માધાપરની ટીએલસી ગુરુકુળ, વર્ધમાન વિદ્યાલય; દેશલપરની આર. અમૃતિયા વિદ્યામંદિર; ધાણેટીની સેન્ટ થોમસ સ્કૂલ અને પદ્ધરની બીએમસીબી પબ્લિક સ્કૂલનો સમાવેશ થાય છે.

બંધ થવાના આદેશ હેઠળ આવેલી ૨૨ પ્રાથમિક શાળાઓમાં અંજારની સિક્સ સ્ટાર પ્રિ-સ્કૂલ, વાયબ્રન્ટ ઈન્ડિયા પબ્લિક સ્કૂલ, પ્રગતિ વિદ્યામંદિર, દેવળિયાની એસ.ટી. સ્ટેપીસ સ્કૂલ; ખેડોઈની એચ.આર. પબ્લિક સ્કૂલ; વરસામેડીની ક્રિષ્ના પબ્લિક સ્કૂલ, રોશની પ્રાઈમરી સ્કૂલ; ગળપાદરની ગુરુનાનક પબ્લિક સ્કૂલ; અંતરજાળની અંબે ભવનાથ હિન્દી શાળા; ગાંધીધામની અક્ષર વિદ્યાપીઠ, અંબે ભવનાથ પ્રાઈમરી શાળા; મીઠીરોહરની ચાણક્ય પ્રાઈમરી સ્કૂલ; વિથોણનું ઉપાસના વિદ્યાલય; નલિયાની મા આશાપુરા પબ્લિક સ્કૂલ; કોઠારાની મેમણ અનિશા પબ્લિક સ્કૂલ; મિરજાપરની જય ક્રિષ્ના એકેડેમી અને પ્રિ-શાળા; કેરાની એચ.જે.ડી. ઈન્સ્ટિટયૂટ; દેશલપરની પ્રીતિ એજ્યુ. સોસાયટી અને કુકમાની બીએમસીબી પબ્લિક સ્કૂલનો સમાવેશ થાય છે. શિક્ષણ વિભાગની આ કડક કાર્યવાહીથી જિલ્લાના શૈક્ષણિક આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# ભુજ નજીક જંગલમાં ચાલતી આંતરજિલ્લા જુગાર ક્લબ પર એસએમસીનો દરોડો

## ૯.૩૬ લાખની રોકડ અને વાહનો સહિત ₹ ૪૫.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીએ ભુજની ભાગોળે સેડાતા અને ભારાપર વચ્ચે આવેલા જંગલ વિસ્તારમાં ચાલતી એક મોટી જુગાર ક્લબ પર ત્રાટકીને સપાટો બોલાવ્યો હતો. રાજ્યસ્તરની પોલીસે સ્થળ પરથી ધાણી-પાસાનો જુગાર રમતા ૭ અઠંગ ખેલીઓને રૂપિયા ૯.૩૬ લાખની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા છે, જ્યારે દરોડા દરમિયાન ૮ શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે રોકડા રૂપિયા ઉપરાંત થાર, ટેમ્પો ટ્રેક્સ અને બોલેરો સહિત રૂપિયા ૩૨.૮૦ લાખની કિંમતના ૯ વાહનો અને ૯ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૪૫.૨૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, આ જુગાર ક્લબ અંજારના અબ્બાસ ઈબ્રાહિમ શેખ અને જુસબશા જમનશા શેખ તથા ભુજના મનીષ હરિલાલ રાજગોર નામના કુખ્યાત બુટલેગરો અને જુગારીઓની ત્રિપુટીએ ભાગીદારીમાં શરૂ કરી હતી. દરોડા દરમિયાન સંચાલક જુસબશા શેખ પકડાઈ ગયો હતો, જ્યારે અબ્બાસ અને મનીષ નાસી છૂટ્યા હતા. પકડાયેલા અન્ય ખેલીઓમાં આદિપુરના ભીમજી વાણિયા, સાંતલપુરના ધનજી ગોલકર, લાકડીયાના મુરાદ મીર અને ભુજના મહેબૂબ બાયડ તથા મોહન રાજગોરનો સમાવેશ થાય છે. આ ખેલીઓ પૂર્વ કચ્છ તેમજ પાટણના સાંતલપુર અને લાકડિયાથી ખાસ જુગાર રમવા આવ્યા હતા. ઝડપાયેલા આરોપીઓ અને વચેટિયાઓનો મોટો ગુનાહિત ઇતિહાસ બહાર આવ્યો છે. મુખ્ય સંચાલક મનીષ રાજગોર અગાઉ ૨૦૧૯માં નાગોરની સીમમાં જુગાર ક્લબ ચલાવતા પકડાયો હતો અને વર્ષ ૨૦૨૨માં માધાપર ખાતે એક યુવકની હત્યાના પ્રયાસના ગુનામાં પણ સંડોવાયેલો હતો. આવી જ રીતે પકડાયેલો આદિપુરનો ભીમજી વાણિયા અને લાકડીયાનો મુરાદ મીર પણ અગાઉ અનેકવાર જુગાર ક્લબ ચલાવતા કે જુગાર રમતા સ્ટેટ વિજિલન્સ અને સ્થાનિક પોલીસના હાથે ચડી ચૂક્યા છે.

બીજી તરફ, સ્થાનિક માનકૂવા પોલીસ સ્ટેશનની હદમાં લાંબા સમયથી આટલી મોટી જુગાર ક્લબ ધમધમતી હોવા છતાં સ્થાનિક પોલીસ અજાણ હોવાથી તંત્રની ઘોર નિષ્ક્રિયતા અને બેદરકારી છતી થઈ છે. આ સફળ દરોડા બાદ બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયાએ લાલ આંખ કરી છે અને માનકૂવા પોલીસ મથકના જવાબદાર બીટ જમાદારથી લઈને પીઆઈ સુધીના સ્ટાફ સામે શિક્ષાત્મક પગલાં લેવાય તેવી પ્રબળ સંભાવના સેવાઈ રહી છે.

# વૈશ્વિક તાપમાનમાં ચિંતાજનક ઉછાળો: અરબી સમુદ્રથી ભૂમધ્ય સુધી ‘મરીન હીટવેવ’નો પ્રકોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વૈશ્વિક ગ્લોબલ વોર્મિંગની અસરો હવે દરિયાઈ સપાટી પર અત્યંત વિકરાળ સ્વરૂપે જોવા મળી રહી છે. જૂન-૨૦૨૬માં દુનિયાભરના સમુદ્રોએ ગરમીના તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. યુરોપિયન કોપરનિકસ સર્વિસના તાજેતરના આંકડા અનુસાર, વૈશ્વિક દરિયાઈ સપાટીનું સરેરાશ તાપમાન ૨૦.૯૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ના રેકોર્ડ કરતાં પણ ઘણું વધારે છે. ગત ૨૧મી જૂને તો આ તાપમાન ૨૧ ડિગ્રીની સપાટી વટાવી ગયું હતું. પર્યાવરણ વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, હાલમાં દુનિયાના ૮૨ ટકા સમુદ્રો ભારે ’મરીન હીટવેવ’ની ઝપેટમાં છે, જે વર્ષ ૨૦૨૪ પછીની બીજી સૌથી મોટી ચિંતાજનક વૈશ્વિક ઘટના છે.

આ પ્રચંડ દરિયાઈ ગરમીનું મુખ્ય કેન્દ્ર અત્યારે અરબી સમુદ્ર બન્યો છે. ‘ભારતીય રાષ્ટ્રીય મહાસાગર માહિતી સેવા કેન્દ્ર’ આઇએનસીઓઆઇએસના અહેવાલ મુજબ, જૂન મહિનામાં અરબી સમુદ્રના ૨૨ ટકા વિસ્તારમાં ‘વોચ’, ૯ ટકામાં ’એલર્ટ’ અને ૫ ટકા વિસ્તારમાં ‘વોર્નિંગ’ લેવલની મરીન હીટવેવ નોંધાઈ છે. કચ્છ-સૌરાષ્ટ્રના દરિયાકાંઠાથી લઈને કેરળ અને ઓમાન સુધીના દરિયાનું પાણી ૩૨ થી ૩૪ ડિગ્રી સેલ્સિયસ સુધી તપી ગયું છે, જે સામાન્ય તાપમાન કરતાં આશરે ૪ ડિગ્રી જેટલું વધારે છે. ભારતીય રાષ્ટ્રીય મહાસાગર માહિતી સેવા કેન્દ્ર’ના ડિરેક્ટર ટી.એમ. બાલકૃષ્ણન નાયરે આ અંગે ચેતવણી આપતા જણાવ્યું છે કે, દરિયાનું આ અસાધારણ તાપમાન કોરલ (પરવાળા), પ્લેન્કટન અને માછલીઓ જેવા દરિયાઈ જીવો માટે જીવલેણ સાબિત થઈ રહ્યું છે. ખાસ કરીને સાર્ડીન અને મેકરેલ જેવી માછલીઓ ઠંડા પાણીની શોધમાં અન્યત્ર સ્થળાંતર કરી રહી છે, જેના કારણે કચ્છ અને સૌરાષ્ટ્રના માછીમારોની દૈનિક પકડમાં ૩૦ થી ૪૦ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે, જેનાથી સ્થાનિક મત્સ્યઉદ્યોગ સંકટમાં મુકાયો છે. દરિયાનું આ તાપમાન માત્ર મત્સ્યઉદ્યોગ જ નહીં, પરંતુ સમગ્ર પ્રાદેશિક હવામાનનું સંતુલન પણ બગાડી રહ્યું છે. અરબી સમુદ્ર ગરમ થવાને કારણે તેમાંથી અસામાન્ય માત્રામાં ભેજ હવામાં વહી રહ્યો છે, જે પાકિસ્તાન તરફથી આવતા સૂકા પવનો સાથે ભળતાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં અચાનક વાદળ ફાટવા જેવી અતિવૃષ્ટિની સ્થિતિ સર્જે છે. ગત વર્ષે સર્જાયેલું ભયાનક ‘ચક્રવાત શક્તિ’ ૨૯ ડિગ્રી ગરમ પાણીના સંપર્કમાં આવતા જ ગણતરીના કલાકોમાં વિકરાળ બની ગયું હતું અને તેણે દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં ભારે તારાજી સર્જી હતી. હવામાન વિજ્ઞાનીઓ માને છે કે અરબી સમુદ્ર સતત ગરમ રહેવાથી ચોમાસાના નિયમિત પવનો નબળા પડે છે અને ભેજ જમીન તરફ આગળ વધવાને બદલે દરિયામાં જ વરસી જાય છે, જે અંતરિયાળ વિસ્તારોમાં દુષ્કાળ અને કાંઠાના વિસ્તારોમાં અતિવૃષ્ટિનું કારણ બને છે. વૈશ્વિક સ્તરે નજર કરીએ તો, ભૂમધ્ય સમુદ્રે પણ ૨૪.૩ ડિગ્રી સેલ્સિયસ સાથે જૂન મહિનાનો નવો રેકોર્ડ બનાવ્યો છે અને તેના ૯૮ ટકા વિસ્તારમાં હીટવેવ પ્રસરી ચૂકી છે. જ્યારે ઉષ્ણકટિબંધીય પ્રશાંત મહાસાગર ૨૭.૨૬ ડિગ્રી સાથે હાલ દુનિયાનો સૌથી ગરમ દરિયો બન્યો છે. ભારતીય રાષ્ટ્રીય મહાસાગર માહિતી સેવા કેન્દ્ર’ના અંદાજ મુજબ, આગામી સમયમાં ‘અલ નિનો’ની સક્રિયતાને કારણે બંગાળની ખાડીમાં પણ તાપમાન વધશે અને પૂર્વ કિનારો તોફાની બનશે. આ ‘અલ નિનો’ નવેમ્બર ૨૦૨૬થી જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન તેની ચરમસીમાએ પહોંચશે, જેના પગલે માર્ચથી મે ૨૦૨૭ દરમિયાન અરબી સમુદ્ર અને બંગાળની ખાડી બંનેમાં ‘થર્મલ સ્ટ્રેસ’ અસાધારણ રીતે વધી જશે. તે સમયે મોટા પાયે કોરલ બ્લીચિંગ અને મત્સ્ય ઉત્પાદનમાં ઐતિહાસિક ઘટાડો થવાની ભીતિ છે.

સામાન્ય રીતે સમુદ્રો ધરતીની ૯૦ ટકા જેટલી વધારાની ગરમી પોતાનામાં શોષી લે છે, પરંતુ હવે આ અતિશય ગરમ થઈ રહેલા સમુદ્રો જ વાવાઝોડા અને પૂર જેવી કુદરતી આપત્તિઓને વધુ વિનાશક તાકાત આપી રહ્યા છે. કોપરનિકસના ડિરેક્ટર કાર્લો બુઓન્ટેમ્પોના જણાવ્યા અનુસાર, માનવજાત હવે હવામાનની દ્રષ્ટિએ એક અજાણ્યા અને જોખમી ક્ષેત્રમાં પ્રવેશી રહી છે. અરબી સમુદ્ર ભૌગોલિક રીતે અર્ધ-બંધ હોવાના કારણે અહીં ગરમી ફસાઈ જાય છે, જેથી કચ્છ-સૌરાષ્ટ્રનો લાંબો દરિયા કિનારો હાલ મરીન હિટવેવનું મોટું હોટસ્પોટ બની ગયો છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ‘ભારતીય રાષ્ટ્રીય મહાસાગર માહિતી સેવા કેન્દ્ર’ દ્વારા માછીમારો અને તટીય વિસ્તારના રહેવાસીઓને સતત સાવચેત રહેવા તથા સમયાંતરે જાહેર થતી સરકારી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરવામાં આવી છે.

# રાજકોટમાં પારિવારિક વિખવાદ અને માનસિક તણાવમાં નેપાળી પરિણીતાનો આપઘાત

અમદાવાદ: રાજકોટના દૂધસાગર રોડ પર આવેલા હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં એક અત્યંત આઘાતજનક ઘટના બની હતી. અહીં રહેતી ૨૫ વર્ષીય નેપાળી પરિણીતા ભગવતીબેન પરિહારે માનસિક તણાવમાં આવીને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. પરિણીતાએ આપઘાત કર્યો હોવાની જાણ થતાં પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને તપાસ શરૂ કરી દીધી હતી. મળતી માહિતી મુજબ, ગત મંગળવારે ભગવતીબેન અમન નામના એક મુસ્લિમ યુવક સાથે ઘરેથી ભાગી ગઈ હતી. આ બાબતે પિતા સૂરજસિંહ અને પતિ પવન પરિહારે તેને સમજાવતા તે ઘરે પરત ફરી હતી. થોરાળા પોલીસ મથકમાં આ અંગે બંને પક્ષો વચ્ચે સમાધાન પણ થઈ ગયું હતું અને પતિએ પત્નીને સ્વીકારીને જીવનમાં આગળ વધવાનું આશ્વાસન આપ્યું હતું. જો કે, મનમાં ચાલી રહેલી ભારે મૂંઝવણ અને તણાવને કારણે ભગવતીબેને આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. ઘટનાના દિવસે જ્યારે પતિ કામ પર ગયા હતા અને પિતા બહાર હતા, ત્યારે ભગવતીબેને સૌપ્રથમ હાથ પર બ્લેડના ઘા માર્યા હતા અને બાદમાં પંખા સાથે ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. માતા જમનાબેન જ્યારે ઘરે પરત ફર્યા ત્યારે દરવાજો અંદરથી બંધ હતો અને ટીવીનો અવાજ ખૂબ મોટો હતો. દરવાજો તોડીને અંદર જોતાં પુત્રી લટકતી હાલતમાં મળી આવી હતી.

# અબડાસાના ભાનાડા પાસે બે કેમિકલ બલ્કર વચ્ચે ભીષણ અકસ્માત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના ભાનાડા પાસે ગત મોડી સાંજે કેમિકલ ભરેલા બે બલ્કર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બંને વાહનોના ચાલકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. સામસામે ટકરાયેલા બંને બલ્કરોમાં ક્ષણભરમાં ભીષણ આગ ફાટી નીકળતાં બંને ચાલકો કેબિનમાં જ જીવતા ભડથું થઈ ગયા હતા. નલિયા પોલીસ મથક પાસેથી મળતી વિગતો મુજબ, મોડી સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં ભાનાડા માર્ગ પર કેમિકલ પ્રવાહી ભરેલા બે બલ્કરો સામસામે ધડાકાભેર ટકરાયા હતા. ટક્કર એટલી પ્રચંડ હતી કે જોતજોતામાં બંને વાહનો આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ નલિયા એરફોર્સના અગ્નિશમન દળે ભારે જહેમત બાદ દોઢથી બે કલાકે આગ પર કાબૂ મેળવ્યો હતો.

આ દુર્ઘટનામાં વાહનોની કેબિનમાંથી અબડાસાના ધુફી ગામના ચાલક મંધરા ઉસ્માનગની આધમ અને નખત્રાણાના અમરગઢ-નિરોણા ગામના ચાલક અબ્દુલ સતાર હજામના સંપૂર્ણપણે બળી ગયેલા મૃતદેહો બહાર કઢાયા હતા.

# રતાડિયા સીમમાં આંતરરાજ્ય તેલચોરીના કૌભાંડનો પર્દાફાશ: એસએમસીના દરોડામાં ૧૧ ઝબ્બે, ₹ ૪.૩૪ કરોડનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ કચ્છમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર ધોંસ બોલાવતા સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મુંદરા તાલુકાના પ્રાગપર પોલીસ મથકની હદમાં એક મોટું ઓપરેશન પાર પાડ્યું હતું. એસએમસીએ રતાડિયા (ગણેશવાળા) ગામની સીમમાં મોડી રાત્રે દરોડો પાડીને ચાલતા આંતરરાજ્ય તેલ ચોરીના મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે લાખો લીટર ઓઇલ અને છ ટેન્કરો સહિત કુલ રૂપિયા ૪,૩૪,૫૨,૬૩૫થી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઘટનાસ્થળેથી ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે મુખ્ય સૂત્રધારો સહિત ૫ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.એસએમસીના પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એમ. જાડેજા અને તેમની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે, મોખા ટોલ પ્લાઝાથી મુંદરા તરફ જતા હાઇવે પર શિવમ હોટેલ નજીક ખુલ્લા ખેતરમાં કન્ટેનર રાખીને આ આખું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું હતું. કંડલા અને મુંદરા પોર્ટ વચ્ચે દોડતા મોટા ઓઇલ ટેન્કરોમાંથી ડ્રાઇવરોને ફોડી, ગેરકાયદેસર રીતે કિંમતી તેલ ચોરી કરીને તેને બેરલ અને કાર્બોયમાં ભરવાનું મોટું કૌભાંડ ચાલી રહ્યું હતું. પોલીસે સ્થળ પરથી તેલની હેરાફેરી કરતા ડ્રાઈવર-ક્લિનર અને કન્ટેનરમાં મજૂરી કરતા ઉત્તર પ્રદેશ, ઝારખંડ, રાજસ્થાન, બિહાર અને રાપરના ૧૧ શ્રમિકોને ઝડપી પાડી આગળની તપાસ માટે પ્રાગપર પોલીસને સોંપ્યા હતા. જો કે, આ કૌભાંડનો મુખ્ય માસ્ટરમાઇન્ડ અબ્દુલ ગફુર અહેમદ હાલેપોત્રા (રહે. આદિપુર), પંકજ (રહે. અંજાર), ધ્રુવરાજાસિંહ જેઠવા (રહે. અંજાર), ગોપાલ લાખા ગઢવી (રહે. વવાર) અને હરભમ રબારી (રહે. ભીમાસર) હજુ પોલીસ પકડથી દૂર હોઈ તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે. પોલીસે ઘટનાસ્થળેથી રૂપિયા ૧.૫૦ કરોડની કિંમતના ૬ મોટા ટેન્કર, ૨,૦૫,૧૭૦ કિલો ઓઈલ (કિં. રૂ. ૨.૮૧ કરોડ), ૧,૪૬૫ કિલો ચોરીનું અન્ય તેલ, ૧૦ મોબાઈલ, એક બાઈક તેમજ તેલ ચોરી માટે વપરાતા ૫૦ બેરલ, ૭૨ કાર્બોય અને ઇલેક્ટ્રિક મોટર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પ્રાગપર પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતા હેઠળ વિશ્વાસઘાત, ચોરી અને સંગઠિત ગુનાખોરીની ગંભીર કલમો તળે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરાઈ છે.

# ‘મુંબઈ સમાચાર’ના મેગેઝિન એડિટર ભરત ઘેલાણીના પત્નીનું અવસાન



મુંબઈ: વરિષ્ઠ પત્રકાર અને ‘મુંબઈ સમાચાર’ના મેગેઝિન એડિટર તથા ‘ચિત્રલેખા’ના પૂર્વ તંત્રી ભરત ઘેલાણીનાં પત્ની વર્ષા ઘેલાણીનું શુક્રવાર ત્રીજી જુલાઈના દુ:ખદ અવસાન થયું છે. એમના પરિવારમાં પુત્રી ઈશિતા છે.

લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. શોકસંદેશ માત્ર મોબાઇલ પર.

# મરીન લાઈન્સ, મલાડ, જોગેશ્વરી, પાલઘર સ્ટેશનોનું કામ આ વર્ષે પૂર્ણ થશે

મુંબઈ: મુંબઈના ૧૦ સબર્બન સ્ટેશનોનો દેખાવ ૨૦૨૮ સુધીમાં બદલાઈ જશે, જેમાં આ વર્ષે ચાર સ્ટેશનોનો સમાવેશ થાય છે. ‘અમૃત ભારત સ્ટેશન યોજના’ હેઠળ પશ્ચિમ રેલવેના ૧૨૪ સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. આ યોજના અંતર્ગત મુંબઈના ૩ નોન-સબર્બન અને ૧૦ સબર્બન સ્ટેશનોનો કાયાકલ્પ થશે. આ સિવાય, અન્ય પાંચ મોટા સ્ટેશનોનો પણ પુન:વિકાસ કરવામાં આવશે, જે અમૃત ભારતમાં સમાવિષ્ટ નથી.

પશ્ચિમ રેલવેના ૭ સબર્બન સ્ટેશનોના સુધારણાનું કામ મુંબઈ રેલવે વિકાસ નિગમ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ સેન્ટ્રલ રેલવેના ૧૦ અને પશ્ચિમ રેલવેના સાત સ્ટેશનો મળીને કુલ રૂ. ૯૪૭ કરોડના ખર્ચે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટનું અત્યાર સુધીમાં ૬૬ ટકા ભૌતિક કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને તેને માર્ચ ૨૦૨૭ સુધીમાં પૂરું કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ખાર રોડ, કાંદિવલી અને મીરા રોડ સ્ટેશનનું કામ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે ભાયંદર, નાલાસોપારા, વસઈ રોડ અને દાદર સ્ટેશનનું કામ માર્ચ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. અમૃત ભારત યોજના ઉપરાંત મુંબઈના પાંચ મોટા સ્ટેશનોને મોટા પાયે અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. આ સ્ટેશનોમાં મુંબઈ સેન્ટ્રલ, દાદર, બાંદ્રા ટર્મિનસ, અંધેરી અને બોરીવલી સ્ટેશનનો સમાવેશ થાય છે.

અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત હાલમાં મલાડ સ્ટેશનનું કામ ૯૦ ટકા કામ પૂરું થઈ ગયું છે, ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ સુધી સ્ટેશનનું પુર્નવિકાસનું કાર્ય પૂર્ણ થઇ જશે. જ્યારે મરીન લાઈન્સનું ૬૭ ટકા, પાલઘરનું ૬૮ ટકા અને જોગેશ્વરીનું ૧૨ ટકા કાર્ય પૂર્ણ થયું છે.

આ વર્ષના અંત આ સ્ટેશનોનું કાર્ય પૂર્ણ થઈ જશે. ગ્રાંટ રોડ, લોઅર પરેલ અને પ્રભાદેવી સ્ટેશનનું પુર્નવિખાસનું કાર્ય ૨૦૨૭ ના અંત સુધીમાં પૂર્ણ થશે. ■

# કાયદાના ૨૯ વિદ્યાર્થીઓને શૂન્ય માર્ક્સ! યુનિવર્સિટીનો મોટો છબરડો

મુંબઈ: મુંબઈ યુનિવર્સિટી (એમયુ) ની એક ગંભીર ભૂલને કારણે કાયદાના અંતિમ વર્ષના ૨૯ વિદ્યાર્થીઓને છઠ્ઠા સેમેસ્ટરની પરીક્ષામાં એક અથવા વધુ પેપરમાં શૂન્ય ગુણ મળ્યા હતા. સેનેટ સભ્યોએ દખલ કર્યા પછી યુનિવર્સિટીને પરિણામોમાં સુધારો કરવાની ફરજ પડી હતી.

યુનિવર્સિટીના ત્રણ વર્ષના એલએલબી પ્રોગ્રામના વિદ્યાર્થીઓને આંચકો લાગ્યો જ્યારે તેમને જાણવા મળ્યું કે, મોટાભાગના પ્રશ્નોના જવાબ આપ્યા હોવા છતાં તેમને શૂન્ય અથવા અસામાન્ય રીતે ઓછા ગુણ મળ્યા હતા. પોતાની ઉત્તરવહીઓ જોવાની માગણી કર્યા બાદ આ ભૂલો પ્રકાશમાં આવી હતી.

વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે કેટલાક કિસ્સાઓમાં, ઉત્તરવહીઓ તપાસવામાં જ આવી નહોતી, જ્યારે અમુક કિસ્સાઓમાં માત્ર થોડા જ જવાબો તપાસવામાં આવ્યા હતા. તમામ પ્રશ્નોના જવાબ આપનાર એક વિદ્યાર્થીએ કહ્યું કે તેના માત્ર ત્રણ જ જવાબો તપાસવામાં આવ્યા હતા, જેના પરિણામે તેને માત્ર નવ માર્ક્સ મળ્યા હતા.

વિદ્યાર્થીઓએ પહેલા યુનિવર્સિટીના પરીક્ષા અને મૂલ્યાંકન બોર્ડના અધિકારીઓનો સંપર્ક કર્યો, પરંતુ તેમને યોગ્ય પ્રતિભાવ ન મળ્યો હોવાનો દાવો કર્યો. ત્યારબાદ તેઓએ યુવા સેના (યુબીટી) ના પ્રતિનિધિઓ અને યુનિવર્સિટી સેનેટ સભ્યોનો સંપર્ક કર્યો, જેમણે પ્રો-વાઈસ-ચાન્સેલર અજય ભામરે સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો અને ઉત્તરવહીઓનું તાત્કાલિક પુનઃમૂલ્યાંકન કરવાની માગ કરી હતી.

સેનેટ સભ્ય પ્રદીપ સાવંતે કહ્યું કે જ્યારે વિદ્યાર્થીઓને શૂન્ય ગુણ મળે અને યુનિવર્સિટીના વરિષ્ઠ અધિકારીઓનો સંપર્ક કરવા છતાં તેમને કોઈ મદદ ન મળે, તે એક ‘ગંભીર બાબત’ છે. તેમણે વાઇસ-ચાન્સેલર પ્રો. રવિન્દ્ર કુલકર્ણીને આ ભૂલ માટે જવાબદારો સામે પગલાં લેવાનો આગ્રહ કર્યો. ■

# ક્લિનિકલ સંસ્થાઓનું નિયમન કરવા અને પારદર્શિતા લાવવા માટે ખરડો રજૂ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે એક ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ ખરડો રજૂ કરી તમામ આરોગ્યસંભાળ સુવિધાઓને એકીકૃત નિયમનકારી માળખા હેઠળ લાવીને પારદર્શિતા અને જવાબદારી વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકર દ્વારા રજૂ કરવામાં આવેલા મહારાષ્ટ્ર ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ (નોંધણી અને નિયમન) ખરડાએ ૧૯૪૯ના જૂના નર્સિંગ હોમ્સ રજીસ્ટ્રેશન એક્ટનું સ્થાન લીધું છે. આ ખરડો તમામ હોસ્પિટલો, ક્લિનિક્સ, ડાયગ્નોસ્ટિક સેન્ટરો અને અન્ય આરોગ્યસંભાળ સુવિધાઓ માટે રજિસ્ટ્રેશન ફરજિયાત કરે છે.ખરડાના ઉદ્દેશ્યો અને કારણોના નિવેદન અનુસાર હાલનો કાયદો ફક્ત નર્સિંગ હોમ અને મેટરનિટી હોમ્સને જ નિયંત્રિત કરે છે. વર્ષોથી ઉભરી આવેલી આરોગ્યસંભાળ સંસ્થાઓની વિશાળ શ્રેણીને આવરી લેતો નથી. સરકારે જણાવ્યું છે કે નવો કાયદો તમામ માન્ય દવા પ્રણાલીઓમાં પારદર્શિતા, જવાબદારી અને લઘુત્તમ ધોરણોનું પાલનની તકેદારી રાખવાનો પ્રયાસ છે. (પીટીઆઈ) ■

# અભિનેત્રી પ્રીતિ ઝિંટા ડીપફેક્સ, એઆઇ-જનરેટેડ અને મોર્ફ્ડ કન્ટેન્ટ સામે હાઈ કોર્ટ પહોંચી

મુંબઈ: અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાએ બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરીને અનેક સોશિયલ મીડિયા અને ઓનલાઈન પ્લેટફોર્મ પર એઆઈ-જનરેટેડ ડીપફેક ફોટો અને મોર્ફ કરેલી સામગ્રીને દૂર કરવાની માંગ કરી છે. તેણે કોર્ટમાં આવી અનધિકૃત સામગ્રી પોસ્ટ કરવા સામે મનાઈ હુકમની પણ માંગ કરી હતી.

શુક્રવારે ન્યાયાધીશ માધવ જામદારની સિંગલ બેન્ચે, કેસમાં સંક્ષિપ્ત રજૂઆતો સાંભળ્યા પછી, ઓનલાઈન પ્લેટફોર્મ સહિતના પક્ષકારોને વેબસાઇટ્સ પરથી વાંધાજનક સામગ્રી દૂર કરવા માટે એક પદ્ધતિ વિકસાવવા જણાવ્યું હતું. પોતાના દાવામાં ઝિન્ટાએ એઆઈ -જનરેટેડ ડીપફેક્સ અને મોર્ફ કરેલા વિઝ્યુઅલ્સ દ્વારા તેને દર્શાવતા વિડિઓઝ, ફોટાઓ અને ચેટબોટ-શૈલીની ચર્ચાઓ ઓનો ઉલ્લેખ કર્યો હતો.તેણે હાઈકોર્ટ પાસેથી આવી સાઇટ્સને આવી સામગ્રી તાત્કાલિક કાઢી નાખવાનો નિર્દેશ આપવાની અને તેને દર્શાવતી અનધિકૃત સામગ્રી પોસ્ટ કરવા સામે મનાઈ હુકમની પણ માગ કરી હતી. કોર્ટે આ મામલાની વધુ સુનાવણી છઠ્ઠી જુલાઈના રોજ મુલતવી રાખી છે. (પીટીઆઈ) ■

મુંબઈ લોકલમાં મહિલાઓની સુરક્ષા માટે મોટો નિર્ણય

# રાત્રે નવથી સવારે આઠ વાગ્યા સુધી લેડીઝ કોચમાં તહેનાત રહેશે હોમગાર્ડ

મુંબઈ: મુંબઈની જીવાદોરી ગણાતી ઉપનગરીય લોકલ ટ્રેનોમાં છેલ્લા કેટલાક દિવસોથી મુસાફરો પર હુમલા, ચેઈન સ્નેચિંગ, પોકેટમારી, મોબાઈલ ચોરી અને નશાખોરોનો આતંક સતત વધી રહ્યો છે. તાજેતરમાં જ ચર્ચગેટ-નાલાસોપારા લોકલમાં ટ્રેનની અંદર જ એક મુસાફરની હત્યાની ચોંકાવનારી ઘટના પણ સામે આવી હતી. આ તમામ ગંભીર બનાવો અને વધતા અકસ્માતોને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે મહિલા મુસાફરોની સુરક્ષા માટે એક ખૂબ જ મોટો નિર્ણય લીધો છે, જેની સત્તાવાર જાહેરાત વિધાનસભામાં કરવામાં આવી છે.

વિધાનસભામાં વિધાનસભ્ય રવિન્દ્ર ફાટક દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા ગૃહ રાજ્ય પ્રધાન યોગેશ કદમે જાહેરાત કરી હતી કે મુંબઈ લોકલ ટ્રેનમાં મહિલા મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાત્રે ૯:૦૦ વાગ્યાથી લઈને સવારે ૮:૦૦ વાગ્યા સુધી મહિલાઓના ડબ્બામાં સુરક્ષા રક્ષકો અને હોમગાર્ડની નિયુક્તિ કરવામાં આવશે. આ નિર્ણયની તાત્કાલિક અસરથી અમલવારી શરૂ કરી દેવામાં આવશે. આ સિવાય રેલવે પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે મળીને ટૂંક સમયમાં એક હાઈ-લેવલ બેઠક પણ યોજાશે.

યોગેશ કદમે જણાવ્યું કે, મુંબઈ લોકલમાંથી રોજ ૭૫થી ૮૦ લાખ મુસાફરો પ્રવાસ કરે છે, તેથી દરેક વ્યક્તિનું વ્યક્તિગત સ્કેનિંગ કરવું અશક્ય છે. પરંતુ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે.

હાલમાં ૧૭૭ રેલવે સ્ટેશનો પર આશરે ૬,૯૦૦ સીસીટીવી કેમેરા કાર્યરત છે અને ૨૦ પોલીસ સ્ટેશનો દ્વારા ૨૪ કલાક તેનું મોનિટરિંગ થાય છે. આ સિવાય ‘ફેશિયલ રેકગ્નિશન’ (ચહેરો ઓળખવાની ટેકનોલોજી)નો પણ ઉપયોગ શરૂ કરાયો છે, જેના કારણે તાજેતરમાં જ એક ગંભીર ગુનાના આરોપીને માત્ર ૧૫ કલાકમાં પકડી પાડવામાં આવ્યો હતો.

રેલવે પોલીસે મુસાફરોની મદદ માટે ૧૫૧૨ હેલ્પલાઇન નંબર શરૂ કર્યો છે, જેના પર અત્યાર સુધીમાં ૧.૫૬ લાખથી વધુ કોલ્સ આવ્યા છે. આ હેલ્પલાઈનની મદદથી પોલીસે ૫૬ હજાર મુસાફરોના અંદાજે ૪.૩૬ કરોડ રૂપિયા પરત અપાવવામાં સફળતા મેળવી છે. આ ઉપરાંત ટ્રેનોમાં નશો કરનારા અને ગુનાહિત પ્રવૃત્તિઓ કરનારા ૩૦૩ ગુનેગારોને તડીપાર કરવામાં આવ્યા છે, જ્યારે ૧૭૭ લોકો સામે ડ્રગ્સ અને દારૂ પીવા બદલ કડક કાર્યવાહી કરાઈ છે. ■

# પોલીસ કર્મચારીની મારપીટના આરોપમાં દોષી: સારા વર્તન બદલ મુક્ત

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લાની એક અદાલતે પોલીસ સ્ટેશનની અંદર એક પોલીસકર્મી પર હુમલો કરવાના આરોપી ૩૦ વર્ષીય વ્યક્તિને દોષિત ઠેરવ્યો, પરંતુ તેને સારા વર્તનના બોન્ડ પર મુક્ત કરવાનો નિર્ણય લીધો, કારણ કે ૨૦૧૮ની એ ઘટના પછી ક્યારેય ગુનાહિત પ્રવૃત્તિઓમાં એ સંડોવાયો નથી. ગુરુવારે એડિશનલ સેશન્સ જજ મહેશ એસ લોણેએ આ કેસમાં બે સહ-આરોપીને નિર્દોષ જાહેર કર્યા કારણ કે ગુનો સાબિત કરતા પુરાવાનો અભાવ હતો.મુખ્ય આરોપી વાગળે એસ્ટેટના રહેવાસી આકાશ લક્ષ્મણ કવડેને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૩ (જાહેર સેવકને ફરજ બજાવવાથી રોકવા માટે હુમલો), ૩૩૨ (જાહેર સેવકને રોકવા માટે સ્વેચ્છાએ નુકસાન પહોંચાડવું), ૫૦૪ (ઇરાદાપૂર્વક અપમાન) અને ૫૦૬ (ગુનાહિત ધાકધમકી) હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો હતો.

કેસની વિગતો મુજબ આ ઘટના ૧૪ ઓક્ટોબર, ૨૦૧૮ના દિવસે બની હતી. શ્રીનગર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ મનોજ ભીમરાવ સપકાળ એક કાર્યક્રમમાં ધાંધલ મચાવવા બદલ અટકાયતમાં લેવાયેલા યુવકની પૂછપરછ કરી રહ્યા હતા. (પીટીઆઈ) ■

# આખે આખી ‘શિવાઈ’ બસ ચોરી લીધી

નાગપુર: નાગપુરના ઇમામવાડા બસ ડેપોમાંથી રૂપિયા એક કરોડ ૫૩ લાખની કિંમતની એસટી નિગમની ‘શિવાઈ’ ઇલેક્ટ્રિક બસ ચોરી થવાની એક ખૂબ જ અજીબ ઘટના સામે આવી છે. સુરક્ષા વ્યવસ્થા સતર્ક હોવા છતાં મધ્યરાતે ચોરી કરાયેલી આ હાઇટેક બસને આખરે અમરાવતીની રાજાપેઠ પોલીસે ચોર સાથે પકડી પાડી છે. પહેલી જુલાઈના ગુરુવારે મધ્યરાતે આશરે ૩:૩૦ વાગ્યે નાગપુરના ઇમામવાડા ડેપોમાંથી ચાર્જિંગમાં મૂકેલી ઈ-બસ તેલંગાણાના એક રીઢા ચોરે ચોરી લીધી અને અમરાવતી તરફ લઈ ગયો. સવારે બસ ગાયબ હોવાની ખબર પડતાં જ નાગપુર પોલીસ અને એસટી પ્રશાસનમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ■

પાચમાં પાનાનું ચાલુ

## ઉદ્ધવ ઠાકરે

છે. ૧૯૯૦ના દાયકામાં વાજપેયીએ કહ્યું હતું કે હિન્દુઓ હવે માર નહીં ખાય. અત્યારે હું કહી રહ્યો છું કે હિન્દુઓ હવે માફ નહીં કરે’ એવી બુલંદ ઘોષણા કરી તેમણે દરેકને આ આંદોલનમાં ભાગ લેવાની અપીલ કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ અપીલ કરી હતી કે વિરોધ પ્રદર્શન પાંચમી જુલાઈ, રવિવાર સાંજે દાદરના હનુમાન મંદિર પાસે શરૂ થશે. જેમણે હિન્દુત્વનો ત્યાગ નથી કર્યો, જેમણે બાળાસાહેબના વિચારોનો ત્યાગ નથી કર્યો એ બધાએ આવવું જોઈએ. તેમનું આક્રમક વલણ ચર્ચાનો વિષય બની ગયું છે અને એવા સંકેતો છે કે ભાજપ છાવણીમાં પણ ખળભળાટ મચી જશે. રામ મંદિરમાંથી દાનની ચોરીનો ઉલ્લેખ કરી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે ‘ભાજપના સમયમાં હિન્દુત્વ જોખમમાં લાગતું હોવાથી મોરચો કાઢનારા તમામ હિંદુઓને રવિવારે સાંજે પાંચ વાગ્યે દાદર કબુતરખાના પાસે આવેલા રામ મંદિર પાસે આવવા હું આમંત્રણ આપું છુ. મંદિરમાં ચોરી સહન નહીં કરી શકતા લોકોએ પણ આવવું જોઈએ.’ ઉદ્ધવ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે અમે રામ રક્ષા આંદોલન કરી રહ્યા છીએ. પહેલા અમે હિન્દુઓમાં જાગૃતિ લાવવા મહા આરતી કરતા હતા. હવે હિન્દુઓ જાગ્યા છે, હિન્દુઓ હવે જવાબ માંગશે. જવાબ માંગવા માટે અમે રામ રક્ષા બોલીશું, અમે હનુમાન ચાલીસા અને હનુમાન સ્તોત્ર પણ બોલીશું. રવિવારે યોજાવાનો કાર્યક્રમ ફક્ત શરૂઆત છે, ત્યારબાદ રાજ્યભરમાં, જિલ્લા સ્તરે, શહેરો અને ગામડાઓમાં, જ્યાં પણ રામ મંદિર અને હનુમાન મંદિર હશે, ત્યાં રામ ભક્તો વિરોધ કરશે. વારકરી પણ એકઠા થશે અને ભાજપને જવાબદારી સ્વીકારવા માટે મજબૂર કરશે. હું બધા હિન્દુઓ અને રામ ભક્તોને આમંત્રણ આપી રહ્યો છું. હિન્દુત્વના નામે લૂંટ નહીં ચલાવી લેવામાં આવે.’

## ‘નિષ્પક્ષ ખટલા’

ગોળીબારના કેસની તપાસ મુંબઈ પોલીસ કરી રહી છે. સ્પેશિયલ એમસીઓસીએ કોર્ટમાં કરવામાં આવેલી અરજીમાં અનમોલે જણાવ્યું હતું કે તે ‘હાલમાં ચાલતા ખટલાનો સામનો કરવા અને નિષ્પક્ષ ટ્રાયલના હિતમાં અદાલતી કાર્યવાહીમાં જોડાવા અને ન્યાયના હિતમાં’ કોર્ટ સમક્ષ સ્વૈચ્છિક શરણે થવા માગે છે.

તેણે જણાવ્યું છે કે અન્ય મામલામાં (એનઆઈએ) કાયદાના નિયંત્રણ હેઠળ હોવાથી યોગ્ય આદેશ વિના તે વિશેષ અદાલત સમક્ષ પ્રત્યક્ષ હાજરી આપી શકશે નહીં. તેણે ભારપૂર્વક જણાવ્યું છે કે પોતે શરણે થશે તેની વિધિસર નોંધ અને વર્તમાન કેસમાં વર્ચ્યુઅલ અથવા ફિઝિકલ રિમાન્ડ પ્રક્રિયા થાય તે માટે તેની કોર્ટ સમક્ષ હાજરી મહત્ત્વપૂર્ણ છે. અનમોલે કોર્ટને પોતાની હાજરી માટે તિહાર જેલને પ્રોડક્શન વૉરન્ટ જારી કરવા વિનંતી કરી હતી. ‘ફરિયાદ પક્ષને કોઈ પૂર્વગ્રહ નડશે નહીં. વાસ્તવમાં તે ટ્રાયલ અને કાનૂની કાર્યવાહી ઝડપી બનાવી શકશે અને કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ ટાળી શકાશે,’ એવું પણ અરજીમાં જણાવાયું છે. બાઈક પર આવેલા વિકી ગુપ્તા અને સાગર પાલે ૧૪ એપ્રિલ, ૨૦૨૪ની વહેલી સવારે બાન્દ્રાના ગૅલેક્સી એપાર્ટમેન્ટમાં આવેલા સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર કર્યો હતો. બાદમાં પોલીસે ગુપ્તા, પાલ, સોનુકુમાર બિશ્નોઈ, મોહમ્મદ રફીક ચૌધરી અને હરપાલ સિંહની ધરપકડ કરી હતી. હાલમાં એ અદાલતી કસ્ટડીમાં છે. એક આરોપી અનુજકુમાર થાપણે પોલીસ કસ્ટડીમાં આત્મહત્યા કરી હતી. આ કેસમાં લૉરેન્સ બિશ્નોઈને પણ ફરાર આરોપી દર્શાવાયો છે. (પીટીઆઈ)

## શિંદે શિવસેનાની

એ નિમિત્તે તમને હનુમાન ચાલીસા વાંચવા મળી રહ્યા છે. હવે તમને રાજકારણ માટે હિન્દુઓની જરૂર છે.’ આકરી ભાષામાં કટાક્ષ કરતા સંજય શિરસાટએ જણાવ્યું હતું કે ’તમારા સરઘસમાં ઉંદરની જેમ બેફામ નાચનારા લોકો વગેરે નર્યો દેખાડો છે. હિંદુત્વના નારા લગાવીને કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષને તમારી સાથે લઈ જાઓ. તમે જે પક્ષને તમારી સાથે લઈ રહ્યા છો એમને જ પૂછો કે શું તેઓ તમારા હિન્દુત્વને સ્વીકારે છે. તમારી બધી ભૂલોનો પસ્તાવો કરવા માટે, દાદર જાઓ અને હનુમાન ચાલીસાનો પાઠ કરો અને તમારી ભૂલો માટે હનુમાનની માફી માગો.

સંજય શિરસાટએ વધુમાં જણાવ્યું હતું કે લૂંટ ચલાવનારાઓને અમે માફ નહીં કરીએ. દરેક જણ એવું જ માને છે. શ્રદ્ધા છે ત્યાં લૂંટ ન થવી જોઈએ. અડવાણીની રામ મંદિરની રથયાત્રાને ભવ્ય પ્રતિસાદ મળ્યો હતો. ગુંબજ તોડી પાડ્યા પછી, એકમાત્ર સિંહ, વાઘ, બાળાસાહેબે કહ્યું હતું કે જો શિવસૈનિકો હોત તો ગર્વની બાબત છે. તેનો શ્રેય લેવાની જરૂર નથી. તે શ્રેય ફક્ત બાળાસાહેબ ઠાકરેનો છે.’

માર્મિક સલાહ આપતા શિરસાટે કહ્યું હતું કે સંઘર્ષના સમયે અમે અયોધ્યા ગયા હતા. તો તમારો મતલબ છે કે જ્યાં સુધી અમિત શાહ રામને ન મળે ત્યાં સુધી તમે નહીં જાઓ? શું તમે હનુમાન ચાલીસાના પાઠ કરીને હિન્દુઓની માફી માગવાના છો? રામના નામે રાજકારણને નવી દિશા આપવાનો પ્રયાસ કરવો રહેવા દ્યો. હવે હિન્દુઓ સાથે તમારો કોઈ સંબંધ નથી. પહેલા પક્ષને ઢંઢોળો, તમારી જાતને જગાડો, તમારી આસપાસ રહેલી ચાંડાલ ચોકડીને જાગૃત કરો, પછી દેશ વિશે વિચારો.

## પાણીના દરમાં

મિલિયન લિટર ક્ષમતાનો ડિસેલિનેશન (ખારા પાણીને મીઠા પાણીમાં ફેરવવાનો) પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે; આ માટે ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ જેબીપીઆર નામની કંપનીને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો, જે ઇઝરાયેલમાં આવા પ્લાન્ટ્સના નિર્માણનો અનુભવ ધરાવે છે. સામંત ભાજપના વિધાનસભ્ય યોગેશ સાગરના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.મુંબઈની વસ્તી વધી રહી છે અને શહેરની ભવિષ્યની પાણીની માગ ફક્ત હાલના સ્રોત દ્વારા જ પૂરી કરવી શક્ય નથી, તેથી ડિસેલિનેશન પ્લાન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ પીવાના પાણીનો એક વિશ્વસનીય નવો સ્રોત પૂરો પાડશે, એમ તેમણે જણાવ્યું હતું.

# જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મૂળ બિલાખા નિવાસી-હાલ અંધેરી-મુંબઈ ભરત ઘેલાણીનાં ધર્મપત્ની વર્ષા ઘેલાણી ( વય : ૭૧ ) એ પુષ્પાબેન-બાબુભાઈ પરીખનાં પુત્રી તથા ઈશિતા ઘેલાણી નાં મમ્મી તાઃ ૩ જુલાઈ -૨૦૨૬ના શુક્રવારના રોજ અરિહંતશરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તથા લૌકિક ક્રિયા બંધ રાખી છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ મુંબઇ સ્વ. મંગલદાસ લાલજી કંપાણીના સુપુત્ર કિરણ મંગલદાસ કંપાણી (ઉં. વ. ૭૬) તે સ્વ. દિપ્તીબેનના પતિ. સ્વ. ભરતભાઇ, દિલીપભાઇ, સ્વ. સતીશભાઇ અને કીરીટભાઇ તથા પ્રતિભા કોઠારી અને જ્યોત્સના ઠારના ભાઇ. સ્વ. નરેન્દ્રભાઇ તથા હેમલતાબેન દોશીના જમાઇ. શુક્રવાર, તા. ૩-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સાણંદ વિરમગામ સમાજ જૈન**

વિરમગામ નિવાસી હાલ બોરીવલી રક્ષાબેન પંકજભાઇ હિંમતલાલ શાહના પુત્ર જીગરના ધર્મપત્ની માનસી શાહ (ઉં. વ. ૩૯) રવિવાર તા.૨૮-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે છાયાબેન અરવિંદભાઇ દમાણિયાની પુત્રી. વિનીતના ભાભી. મંથનની બેન. મેઘલના નણંદ. રૈયાંશના ફઇ. દક્ષાબેન કિરીટભાઇ, આશાબેન કમલેશભાઇ, જાગૃતિબેન કલ્પેશભાઇ, હેતલબેન રાકેશભાઇના ભત્રીજા વહુ. પ્રાર્થનાસભા તા. ૫-૭-૨૬ રવિવારના બપોરે ૩થી ૫. ઠે. પી. ડી. ખખ્ખર હોલ, અસ્પી ઓડિટોરિયમ માર્વે રોડ, મલાડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ગારિયાધાર નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ. પરમાણંદદાસ ત્રિભોવનદાસ ગાંધીના સુપુત્ર ગિરીશભાઇ ગાંધી (ઉં. વ. ૬૬) અવસાન તા. ૨-૭-૨૬ ગુરુવારના થયેલ છે. તે સ્વ. નયનાબેનના પતિ. ખ્યાતિ તથા યશના પિતાશ્રી. હર્ષદભાઇ, મહેન્દ્રભાઇ, પ્રવીણભાઇ, નગીનભાઇ તથા જયશ્રીબેન ચંદ્રકાન્ત દેસાઇના ભાઇ. સ્વ. જયાબેન પ્રાણલાલ વીરચંદ મોટાણીના જમાઇ. સ્વ. લલિતભાઇ, સ્વ. રાજેશભાઇ, સ્વ. હરેશભાઇ, સ્વ. મંજુલાબેન હરગોવિંદદાસ સંઘવીના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, ચક્ષુદાન કરેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રામપરડા નિવાસી હાલ વિલે પાર્લે, સ્વ. મરઘાબેન જશરાજભાઈ શાહના સુપુત્ર પ્રવીણભાઈ જશરાજ શાહ (ઉં. વ. ૮૬) તા. ૨/૦૭/૨૬ના અંરિહતશરણ પામેલ છે. તે સ્વ. મનોરમાબેનના પતિ. કેતનભાઈ, નિમેશભાઈ, છાયાબેન, હિનાબેન, પારૂલબેનના પિતાશ્રી. અલ્પાબેન, પરાગીબેન, હર્ષદભાઈ, અશોકભાઈ સંદિપભાઈના સસરા. નટવરલાલ અને કિરીટભાઇના મોટાભાઈ, સ્વ. રેવાબેન લાભુભાઈ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી નિવાસી, હાલ અંધેરી, સ્વ. કાંતીલાલ મોહનલાલ મહેતાના પુત્રવધૂ. શ્રીદેવી (ઉં.વ.૭૨) મહેશ મહેતાના પત્ની (ઉં. વ. ૭૨) તા. ૨/૭/૨૦૨૬ના અરીહંતશરણ પામેલ છે. તે જિમિશ તથા દીપના માતુશ્રી. સ્વ. હીરાચંદ ઓધડભાઈ સંઘવીના દીકરી. દીના, મીનેશ, અલકા તથા મિલનના ભાભી. લૌકીક વ્યવહાર તથા સાદડી પ્રથા બંધ રાખેલ છે. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે.

**ઘોઘારી લોહાણા**

હાલ રહેવાસી વીરાર, સ્વ. દલપતરાય હરજીવનદાસ વસાણી નવાણિયાવાળાના સુપુત્ર બળવંતરાય (ઉં. વ. ૭૭) તે ઉષાબેનના પતિ. દ્વારકાદાસ, ચંદ્રકાંત તથા સ્વ. પ્રવીણાબેન હસમુખરાય બાટવીયા તથા વીમળાબેન સતીષકુમાર (સુરત)ના ભાઇ. આરતીબેન ગંધાર નાર્વેકર તથા દીપકભાઈના પિતાશ્રી, ધરમપુરવાળા સ્વ. ઝવેરભાઇ છગનલાલ કોટકના જમાઇ, તા. ૨/૭/૨૬ને ગુરૂવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૪/૭/૨૬ના સાંજે ૪ થી ૬. સ્થળ : તેરાપંથ હોલ જૈન મંદિર રોડ, શ્રીયા હોટલની બાજુની ગલી, વિરાર (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નીવાસી હાલ વસઈ રોડ, સ્વ. રમાબેન હિંમતલાલ તારાચંદ સંઘવીના પૌત્ર, ભારતીબેન ભરતભાઈ સંઘવીના નાનાપુત્ર ચી. નીરવ (ઉં. વ. ૪૬) તે રાજવીબેનના પતિ. ચી. શેઈવીના પિતા. ભાવિકભાઈના નાનાભાઈ, શાંતાબેન પ્રભાકરભાઈ કાટકરના જમાઈ, અમદાવાદ મુકામે તા.૨૮.૦૬.૨૬ ના શ્રી અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર તા. ૫.૭.૨૬ સાંજે ૩થી ૫. ઠે. માણેકપુર સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગુજરાતી શાળાની બાજુમાં વસઈ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણના જયંતીલાલ ભવાનજી ગાલા (ઉં. વ. ૮૩) તા. ૨-૭-૨૬નાં અવસાન પામેલ છે. વેલબાઈ ભવાનજી નાગશીના પુત્ર. વિમળાબેનના પતિ. હર્ષા, વીરેનના પિતાશ્રી. રમેશ, મંજુલા, મનહર, ધીરેન, દામજીના ભાઈ. મેરાઉ વેલબાઈ વસનજી તેજશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ત્વચા દાન કરેલ છે. ઠે .વિમળાબેન જયંતીલાલ ગાલા ૨૦૩, ઘાટકોપર તૃપ્તિ કો-ઓપ.હા.સોસાયટી, ૮૦, પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ).

રાયણના અ.સૌ. હેમાબેન રમેશ ગોસર (ઉં. વ. ૭૧) તા. ૨-૭-૨૬ના મુંબઇમાં અવસાન પામેલ છે. તે માતુશ્રી મણીબેન માલશી નરશી કોરશી ગોસરના પુત્રવધૂ. રમેશ માલશીના ધર્મપત્ની. વિરેનના માતુશ્રી. ગામ : નાના ભાડીયાના માતુશ્રી ઝવેરબેન રામજી દેવજી ગોગરીના સુપુત્રી. પ્રાર્થના સભા રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. એડ્રેસ : રમેશ માલશી ગોસર, ધન ભુવન નં. ૧, ૨જે માળે, રૂમ નં. ૧૯, ગજદર સ્ટ્રીટ, ચીરાબજાર, મુંબઇ.

બિદડા વીરા ફરીયાના રવિન્દ્ર ભવાનજી વીરા (ઉં. વ. ૬૯) તા. ૧-૭-૨૬ના અવસાન પામ્યા છે. ગાંગબાઇ ભવાનજી પાંચારીયાના પુત્ર. હેમલતાના પતિ. ડુંગરશી, દમયંતી, રૂક્ષ્મણી, કુસુમના ભાઇ. દિપેશ, જીગર, પુનમના પિતાશ્રી. લાછબાઇ રાયશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દિપેશ શાહ, ૫૦૧, જય એપા., નહેરૂ રોડ, સાંતાક્રુઝ (ઇ.).

બાડાના મીઠીબેન ડુંગરશી વિસરીયા (ઉં. વ. ૯૩) તા. ૩૦ જૂન ૨૦૨૬ ના અવસાન પામેલ છે. સ્વ. ડુંગરશીભાઈના ધર્મપત્ની. સ્વ. મીઠાંબેન નાનજી સામતના પુત્રવધૂ. વીઢના સ્વ. પુરબાઈ કેશવજી આસુ નાગડાના સુપુત્રી. બીન્દુ, સુમન, મીના, મયુરી, પ્રીતિના માતુશ્રી. કોટડા રોહાના વિજ્યાબેન જીવરાજ ગોસર, ગોધરાના જવેરબેન રતનશી ગોસર, ખીમજી, લક્ષ્મીચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મીઠીબેન વિસરીયા, ૭, બંધુ નિવાસ, તિલક રોડ, ઘાટકોપર (ઈ), મું - ૭૭.

# પારસી મરણ

મેહરુ બેહરામ ભાદા તે બહેરામ જહાંગીરજી ભાદાના ધનીયાની. તથા શેહેનાઝ, જેસમીન નિલુફરના માતાજી. દારા મિસ્ત્રીના બહેન તથા મરહુમ હોમાય પીલુના નણંદ તથા મરહુમ માહેઝબાન મિસ્ત્રીના બહેન. મરહુમ તહેમુસ્પ તથા ફ્રેનીના દીકરી તથા મરહુમ જહાંગીરજી તથા હીરાબાઇના વહુ. (ઉં. વ. ૮૪) રે. ઠે. ૧૮૦૨, ડી. બ્લોક, ૧૮મે માળે, લક્ષ્મી નારાયણ રેસિડેન્સી, દેવ દયા નગર સામે, થાણે મુંબઇ-૪૦૦૬૧૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૭-૨૦૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં.૧માં ડુંગરવાડી.

# હિન્દુ મરણ

રાજકોટ, જગદીશભાઈ લાખાભાઈ રાઠોડ (ઉં. વ. ૭૩) તા. ૧-૭-૨૬ના અવસાન થયું છે. તે સ્વ. લાખાભાઈના પુત્ર. સ્વ. પુષ્પાબેનના પતિ. પ્રતાપભાઇ તેજલ, જલ્પા, ભાવના, સોનુ અને હીનાના પૂજ્ય પિતાશ્રી. યોગિતાબેનના સસરા. રાજના પ્રેમાળ દાદાશ્રી. સ્વ. કલ્યાણજીભાઈ નરસિંહભાઈ જાની કોમ્યુનિટી હોલ, સરકારી કર્મચારી સોસાયટી, ચંદન પાર્ક મેઇન રોડ, પેરેડાઇઝ હોલ પાસે, રૈયા ચોકડી, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૭.

**વિસલનગરા નાગર બ્રાહ્મણ**

ગામ ગેરિતા કોલવડા હાલ બોરીવલી, સ્વ વીરબળાબેન કનુભાઈ જોષી (ઉં. વ. ૮૩) તા. ૨/૭/૨૬ના બુધવારે શ્રી હાટકેશ્વરશરણ થયા છે. તે જીજ્ઞેષ, અલ્પા, સ્વ. ધરતિષના માતૃશ્રી તેમનું બેસણુ તા. ૫/૭/૨૬ના સવારે ૧૦ થી ૧૨. બોરીવલી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંગ હોલ, એલ.ટી રોડ ડાયમંડ સિનેમાની સામે બોરીવલી વેસ્ટ.

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

રાજકોટવાળા હાલ ગોરેગાવ, સ્વ. ભગવાનજી વશનજી દુબલના ધર્મપત્ની લીલાવતિબેન (ઉં. વ. ૧૦૦) તે ગોંડલવાળા સ્વ. વનમાળીદાસ મણિયારના દીકરી. જીતુભાઇ, મહેન્દ્રભાઈ, નરેન્દ્રભાઈ, રંજનબેન પ્રમોદરાય સોનેજી, ગીતાબેન બિપીનકુમાર આશરા, અલ્કાબેન નરેન્દ્રકુમાર બોસમીયાના માતુશ્રી. વિમળાબેન રસનાબેન શિલ્પાબેનના સાસુ ૨/૭/૨૬ના શ્રીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા હાલ મલાડ, સ્વ. ગુલાબબેન અમૃતલાલ મહેતાના પૌત્ર તથા ગં.સ્વ. ચિત્રાબેન ભરત મહેતાના પુત્ર દિપેનભાઈ (ઉં. વ. ૩૯) ૧/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે નિકિતા મિહિર ગાંધીના ભાઈ. ગં.સ્વ. નિલા હરેન્દ્ર, સ્વ. કોકિલા દિલીપભાઈ, રેખાબેન પંકજભાઈ મુનીના ભત્રીજા. સ્વ. દક્ષા, સ્વ. જયંત, દિલીપભાઈ ગુણવંતરાય ગાંધી અમરેલીવાળાના ભાણેજ. તેમની પ્રાર્થનાસભા ૫/૭/૨૬ના રોજ ૫ થી ૭ ક. લોહાણા બાળાશ્રમ મથુરાદાસ એક્ષટેંશન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બીલખા નિવાસી હાલ બોરીવલી, સ્વ. રમણીકલાલ તારાચંદ વસ્તાણી (ઉં. વ. ૯૧) તે અરુણાબેનના પતિ. કેતન, હિતેશ તથા જાગૃતિ હસમુખભાઈ મુંજ્યાસરાના પિતા. સોનલ તથા મનીષાના સસરા. સ્વ. મગનભાઈ, સ્વ. વૃંદાવનભાઈ, સ્વ. બાલકૃષ્ણભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. કાંતાબેન, સ્વ. મુક્તાબેન, સ્વ. કિરણબેન, મંજુબેનના ભાઈ. સ્વ. અમીચંદ ધનજીભાઈ ગાંધીના જમાઈ. ૨/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ**

શિહોરવાળા હાલ વલસાડ, સ્વ. પદમાબેન કનૈયાલાલ દામોદરદાસ મહેતાના પુત્ર ગોયેશભાઈ (ઉં. વ. ૭૬) તે રેખાબેનના પતિ. દર્શના હર્ષ મોદી, હેમલ તથા હિરલના પિતા, સ્વ. ધનલક્ષ્મીબેન, સ્વ. અરવિંદભાઈ, મહેન્દ્રભાઈના ભાઈ. પીપરલાવાળા સ્વ. ચંપકલાલ મુળજીભાઈ કાચરીયાના જમાઈ. ૩૦/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદીચ્ય સિદ્ધપુર સંપ્રદાય સાડા ચારસો બ્રાહ્મણ**

મૂળ જસદણ, હાલ કાંદીવલી પશ્ચિમ, સ્વ. નિરંજનભાઈ કેશવલાલ ત્રિવેદી. સ્વ. જ્યોતિબેન નિરંજનભાઈ ત્રિવેદીના પતિ. જયેશભાઈ, હીનાબેન, જાગૃતિબેન (જુલીબેન) અને જાન્વીબેન (જીગુબેન)ના પપ્પા. શ્રુતિબેન જયેશભાઈ ત્રિવેદી, હેમંત અંચન, સ્વ. કમલેશ જોષી, વિપુલ જોષીના સસરા, તા. ૨/૦૭/૨૬ના શ્રીજીચરણ પામેલ છે, તેમની પ્રાર્થનાસભા (સાદડી) તા. ૪/૦૭/૨૬ના શનિવારે સમય ૪ થી ૬. સ્થળ: આયંબિલ ભુવન, ૫ મો માળ, શ્રી વર્ધમાન સ્થાનકવાસી હોલ, એસ વી રોડ, હાલાઈ લોહાણા વાડીની સામે, કાંદીવલી પશ્ચિમ.

**ગણદેવી લાડ વણિક**

ભરત શ્રોફ, (ઉં. વ. ૮૩) હાલ મુંબઈ, સ્વ. શારદાબેન મોહનલાલ શ્રોફના પુત્ર. સ્વ. ચંપાબેન બાબુલાલ કસબવાલાના જમાઈ. રેખાબેનના પતિ. ફેનિકા મિત્તલ શાહના પિતાશ્રી, ભવ્યના નાના, સ્વ. લીલીબેન, કંચનભાઈ, નવલભાઈ, હીરાબેનના ભાઈ. તા. ૩-૦૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## યુનિફોર્મ સિવિલ કોડ

કરવા માટે નિવૃત્ત હાઇ કોર્ટના ન્યાયાધીશના નેતૃત્વમાં એક સમિતિની રચના કરવામાં આવશે.

સમાન નાગરિક સંહિતા એક બંધારણીય નિર્દેશ છે જેનો હેતુ તમામ નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, વારસો, દત્તક વગેરેને નિયંત્રિત કરતા સમાન કાયદાઓ સ્થાપિત કરવાનો છે. (પીટીઆઈ) ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

### મુંબઈ-અમદાવાદ હાઈવે પર જીવલેણ ખાડા

# ૧૫થી વધુ વાહનના ટાયર ફાટ્યા, અકસ્માતોની વણઝાર

મુંબઈ: મહારાષ્ટ્રના પાલઘર જિલ્લા નજીક મુંબઈ-અમદાવાદ નેશનલ હાઇવે પર શુક્રવારે વહેલી સવારના ફ્લાયઓવર પરના મોટા ખાડાને કારણે થોડી જ વારમાં અનેક વાહનોના ટાયર ફાટતા ગમખ્વાર અકસ્માત સર્જાયા હતા, જેમાં પંદરથી વધુ વાહન ધડાકાભેર ટકરાતા આ અકસ્માત સર્જાયો હતો, જેના કારણે સ્થાનિકો પણ પરેશાન થયા હતા.

ઘટનાસ્થળ પરથી મળતી વિગતો મુજબ ફ્લાયઓવર પર અનેક વાહનો ક્ષતિગ્રસ્ત થયા હતા. આ ઘટનાને લીધે થોડા સમય સુધી હાઇવે પર વાહનોની અવરજવર પર ભારે અસર જોવા મળી હતી. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, છતાં અનેક વાહનો એકબીજા સાથે ટકરાવના કારણે ભારે નુકસાન થયું હતું.

### રામમંદિરમાં ઉચાપતનો કેસ

# ઉદ્ધવ ઠાકરે કરશે રવિવારથી રામ રક્ષા આંદોલન

મુંબઈ: શિવસેના ઠાકરે જૂથના છ સંસદ સભ્ય પક્ષ છોડી શિંદે સેનામાં જોડાયા. ત્યારબાદ સૌથી નજીકના અને સૌથી વિશ્વાસુ ગણાતા સચિન અહિર પણ ઉદ્ધવ ઠાકરેને રામ-રામ કહીને શિવસેના શિંદે જૂથમાં જોડાયા. છેલ્લા એક મહિનાથી અનેક આંચકા પચાવી રહેલા ઠાકરે જૂથમાં ભારે હલચલ મચી ગઈ છે. જોકે હવે શિવસેના (યુબીટી) પક્ષના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ આક્રમક વલણ અપનાવ્યું છે. ફરીથી હિન્દુત્વનો માર્ગ પસંદ કરી રામ મંદિરમાં કથિત ઉચાપત કેસ પર અવાજ ઉઠાવી રહ્યા છે. આના ભાગરૂપે તેમણે રામ રક્ષા આંદોલનની જાહેરાત કરી

(જુઓ પાનું ૪) ▸▸

#### શિંદે શિવસેનાની ઉગ્ર પ્રતિક્રિયા

મુંબઈ: રામ મંદિર દાનપેટીમાંથી ચોરાયેલા પૈસાનો ઉપયોગ પક્ષમાં ભાગલા પાડવા માટે થઈ રહ્યો છે એવો સણસણતો આરોપ ઉદ્ધવ ઠાકરેએ કર્યો છે. શિવસેનાના નેતા અને પ્રવક્તા સંજય શિરસાટે તેમને સામો જવાબ આપતા કહ્યું છે કે 'રાજકારણ માટે પૈસાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે એવું કહેવું બાલિશ છે. પહેલા હનુમાન ચાલીસા વાંચવા બદલ રાણા દંપતીની ધરપકડ કરવામાં આવી હતી. હવે હનુમાન ચાલીસા વાંચશે

(જુઓ પાનું ૪) ▸▸

### મુંબઈના પ્રથમ ડિસેલિનેશન પ્રોજેક્ટને મંજૂરી

# પાણીના દરમાં નજીવો વધારો થશે: પ્રધાન

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે જણાવ્યું હતું કે શહેરની વધતી જતી પીવાના પાણીની માગને પહોંચી વળવા માટે મુંબઈના પ્રથમ ડિસેલિનેશન પ્રોજેક્ટનું કામ આગળ વધી રહ્યું છે અને પુષ્ટિ આપી છે કે વર્ક ઓર્ડર જારી કરવામાં આવ્યો છે અને મુખ્ય મંજૂરીઓ પ્રાપ્ત થઈ છે.

રાજ્યના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે વિધાનસભાને માહિતી આપી હતી કે એક નિષ્ણાત કંપની દ્વારા હાથ ધરવામાં આવનાર આ પ્રોજેક્ટને કારણે પ્રતિ લિટર આશરે ૧૫ થી ૧૭ પૈસાનો નજીવો દર વધારો (ટેરિફ હાઈક) કરવો પડશે.

તેમણે જણાવ્યું હતું કે મુંબઈને હાલમાં વૈતરણા, મોડક સાગર, તાનસા, ભાતસા, વિહાર અને તુલસી ડેમમાંથી પાણી મળે છે. જોકે, વધતી જતી માંગને કારણે પીવાના પાણીનો વૈકલ્પિક સ્રોત વિકસાવવો જરૂરી બન્યો છે. ગૃહમાં એક પ્રશ્નના જવાબમાં પ્રધાને જણાવ્યું હતું કે, પાલિકા દ્વારા દરરોજ ૨૦૦

(જુઓ પાનું ૪) ▸▸

### સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબારનો કેસ

# 'નિષ્પક્ષ ખટલા' માટે અનમોલ બિશ્નોઈની કોર્ટ સમક્ષ શરણાગતિની અરજી

મુંબઈ: બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનના નિવાસસ્થાને ગોળીબાર કરવાના ૨૦૨૪ના કેસમાં 'નિષ્પક્ષ ખટલા અને ન્યાયના હિતમાં' શરણે થવાની દરખાસ્ત સાથે તિહાર જેલમાં બંધ ગૅન્ગસ્ટર અનમોલ બિશ્નોઈએ મુંબઈની વિશેષ અદાલતમાં અરજી કરી હતી.

કુખ્યાત ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના નાના ભાઈ અનમોલને ગયા વર્ષના નવેમ્બરમાં યુએસથી પ્રત્યર્પણ દ્વારા ભારત લવાયો હતો. પછી નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ તેની ધરપકડ કરી હતી. અનમોલનો ભાઈ લૉરેન્સ પણ અત્યારે જેલમાં બંધ છે. સલમાન ખાનના બાન્દ્રા સ્થિત નિવાસસ્થાન બહાર ગોળીબાર કરવા સહિત અનેક સંવેદનશીલ કેસોમાં અનમોલ વૉન્ટેડ દર્શાવાયો છે. બાન્દ્રાના ગૅલેક્સી એપાર્ટમેન્ટ બહાર

(જુઓ પાનું ૪) ▸▸

# યુનિફોર્મ સિવિલ કોડ માટે મહારાષ્ટ્ર સરકાર સમિતિની રચના કરશે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર યુનિફોર્મ સિવિલકોડ-યુસીસી (સમાન નાગરિક સંહિતા) માટે કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે બે અઠવાડિયામાં એક સમિતિની રચના કરે તેવી અપેક્ષા છે.

સમિતિની રચના અને સંદર્ભની શરતો અંગેની વિગતો હજુ સુધી નક્કી કરવામાં આવી નથી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ગૃહ રાજ્યપ્રધાન યોગેશ કદમે ગયા અઠવાડિયે વિધાનસભાને માહિતી આપતા જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં યુસીસી લાગુ કરવામાં આવશે અને કાયદાનો મુસદ્દો તૈયાર

(જુઓ પાનું ૪) ▸▸




# મુંબઈમાં સતત પાંચમા દિવસે વરસાદની ધબધબાટી

## ટ્રેનો મોડી દોડી અને ઠેર ઠેર ટ્રાફિકની સમસ્યા: મુંબઈના અનેક ભાગોમાં ૧૦૦ મિ.મીથી વધુ વરસાદ: નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં






**ભીની મુસીબત:** મુંબઈમાં સતત પાંચ દિવસથી પડી રહેલા વરસાદને કારણે જનજીવન ખોરવાયું હતું. દરિયામાં જોખમી ભરતીની શક્યતાને કારણે ચોપાટી વિસ્તાર ખાલી કરવાયો હતો, જ્યારે પાલિકા દ્વારા રસ્તા પરના ખાડા પુરવાનું કામ હાથ ધરાયું હતું. શહેરના દાદર સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ અને આસપાસના પરિસરમાં સતત પાંચમા દિવસે વરસાદે જોરદાર બૅટિંગ કરી હતી. વરસાદનું જોર મધરાતે વધુ રહેતું હોવાથી નોકરિયાતોએ ઓછી હાલાકી સહન કરવી પડી રહી હોવા છતાં દિવસ દરમિયાન અનેક માર્ગો પર ટ્રાફિકની સમસ્યા કાયમ હતી. ગુરુવારથી શુક્રવારની સવાર સુધીમાં મુંબઈના અનેક ભાગોમાં ૧૦૦ મિ.મી.થી વધુ વરસાદની નોંધ થઈ હતી.

ચોમાસાની શરૂઆતથી જ મુંબઈમાં વરસાદનું જોર ધીરે ધીરે વધી રહ્યું છે. એમાંય બુધવાર અને ગુરુવારે તો વરસાદે જાણે આફત કરી હોય તેમ ૧૧ વર્ષના વિદ્યાર્થી સહિત બે જણે જીવ ગુમાવ્યા હતા. ગુરુવારની મધરાતથી અનરાધાર વરસી રહેલા વરસાદે શુક્રવારની બપોર સુધી તો મુંબઈને જાણે ધમરોળી નાખ્યું હતું.

મુંબઈ મહાનગરપાલિકાના આંકડા દર્શાવે છે કે ગુરુવારની સવારે આઠ વાગ્યાથી શુક્રવારની સવારે છ વાગ્યા સુધીમાં સૌથી વધુ વરસાદ દક્ષિણ મુંબઈના વાડી બંદર ખાતે ૧૫૦.૨ મિ.મી. પડ્યો હતો. ત્યાર બાદ મલબાર હિલમાં ૧૪૫.૮ મિ.મી., બી વૉર્ડ અને મેમણવાડામાં ૧૪૦ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી.

પશ્ચિમ ઉપનગરોમાં અંધેરીમાં ૧૩૬.૬ મિ.મી અને કે-ઈસ્ટ વૉર્ડ ઑફિસ ખાતે ૧૩૪.૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. પૂર્વ ઉપનગરોમાંથી સૌથી વધુ વરસાદની નોંધ માનખુર્દમાં ૧૧.૮ મિ.મી. થઈ હતી.

શુક્રવારની સવારે આઠથી એક વાગ્યા સુધીના માત્ર પાંચ કલાકમાં જ બાન્દ્રામાં ૭૩.૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ત્યાર બાદ દક્ષિણ મુંબઈના જી-સાઉથ વૉર્ડ ઑફિસમાં ૭૨.૨ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી. પૂર્વ પરામાં પણ વરસાદ જોરદાર રહ્યો હતો. ચેમ્બુરમાં ૬૩.૮ મિ.મી. વરસાદ પડ્યો હોવાનું પાલિકાનું કહેવું છે.

હવામાન ખાતાએ આગામી ૨૪ કલાક માટે મુંબઈ શહેર અને ઉપનગરોમાં મુશળધાર અને અતિભારે વરસાદની આગાહી કરી છે. આ દરમિયાન ૫૦થી ૬૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા પણ દર્શાવાઈ છે.

દરમિયાન ગુરુવારની મધરાતે પડેલા મુશળધાર વરસાદને અને સમુદ્રમાં ભરતીને કારણે ગાંધી માર્કેટ, મહાલક્ષ્મી જંક્શન, નૅશનલ ઓલ્ડ માર્કેટ, ચેમ્બુર, સાકીનાકા, ઘાટકોપર, કુર્લા અને અંધેરી સબ-વેમાં પાણી ભરાયાં હતાં. આ દરેક સ્થળે પમ્પથી પાણી કાઢવાની કામગીરી શરૂ કરાઈ હતી. પાણી ભરાવાને કારણે અનેક ઠેકાણે ટ્રાફિક જૅમની સ્થિતિ હતી. સવારના સમયે લોકલ ટ્રેનો મોડી દોડતી હોવાની ફરિયાદો પ્રવાસીઓએ કરી હતી.

#### ટીપે ટીપે જળાશયો ભરાય છે...

પાંચ દિવસ સતત પડેલા વરસાદને કારણે જળાશયોમાં પાણીની સપાટી ધીરે ધીરે વધી રહી હોવાનું પાલિકાના અહેવાલ પરથી જણાય છે. ગુરુવારે મધરાતે ઉપરવાસમાં સારો વરસાદ પડવાને કારણે મુંબઈને પીવાનું પાણી પૂરું પાડતાં સાત જળાશયોમાં પાણીની આવક વધી રહી છે. જોકે હજુ ખાસ્સી લાંબી મજલ કાપવાની બાકી હોવાથી પાણીકાપની સમસ્યાનું સમાધાન હાલ તુરંત મળે એવું જણાતું નથી. અપર વૈતરણા અને મોડક સાગરમાં ગુરુવાર કરતાં શુક્રવારની સવારે પાણીની સારી આવક નોંધાઈ હોવાનું કહેવાય છે.

#### ઘાટ પરિસરમાંથી વાહન સંભાળીને ચલાવજો

વરસાદી માહોલની મજા માણવા હિલ સ્ટેશન તરફ જવાનું મુંબઈગરાઓ વિચારતા હોય તો ઘાટ પરિસરમાં સંભાળીને વાહન ચલાવવાની સલાહ છે. મુંબઈ-થાણેની જેમ નાશિક, પુણે અને સાતારાના ઘાટ વિસ્તારોમાં પણ શનિવારે રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. નાશિક અને પુણેના ઘાટ પરિસરમાં તો રવિવારે પણ રેડ અલર્ટ રહેશે, જ્યારે સોમવારે ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. આ વિસ્તારમાં મેઘતાંડવની સાથે તોફાની પવન ફૂંકાવાની શક્યતા પણ વર્તાવાઈ છે.

#### ભાયંદરમાં નાળિયેરનું ઝાડ પડતાં ભૂતપૂર્વ ડેપ્યુટી મેયરના પુત્રનું મૃત્યુ

થાણે: બાઈક પર પસાર થતા ભૂતપૂર્વ ડેપ્યુટી મેયરના પુત્ર પણ નાળિયેરનું ઝાડ તૂટી પડતાં તે ગંભીર રીતે ઘવાયો હતો. હૉસ્પિટલમાં બે દિવસની સારવાર પછી તેનું મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા મુજબ મુર્ધાગાંવમાં રહેતો મૃતક રાહુલ અશોક પાટીલ (૩૫) મીરા-ભાયંદર મહાનગરપાલિકાના ભૂતપૂર્વ ડેપ્યુટી મેયરનો પુત્ર હતો. બુધવારે રાહુલ બાઈક પર ભાયંદરના સદાનંદ નગર પાસેથી પસાર થતો હતો ત્યારે જોરદાર વરસાદ અને ઝડપી પવનને કારણે મૂળસોતું ઊખડેલું ઝાડ તેના પર પડ્યું હતું. ગંભીર હાલતમાં સારવાર માટે તેને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યારે બે દિવસ પછી તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઈ)

# સાકીનાકામાં મેનહૉલમાં પડવાથી મૃત્યુ પ્રકરણે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાકીનાકામાં ખુલ્લા મેનહૉલમાં પડી જવાથી પંચાવન વર્ષની વ્યક્તિએ જીવ ગુમાવ્યાની ઘટનામાં કોન્ટ્રાક્ટર અને કર્મચારીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ડેપ્યુટી પોલીસ કમિશનર દત્તા નલાવડેએ જણાવ્યું હતું કે મુંબઈ મહાનગરપાલિકાના એલ વૉર્ડના અધિકારીએ નોંધાવેલી ફરિયાદને આધારે સાકીનાકા પોલીસે કોન્ટ્રાક્ટર અને ઘટના સમયે હાજર કર્મચારીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

કહેવાય છે કે મેનહૉલનું ઢાંકણ કાઢવામાં આવ્યા પછી ફરતે કોઈ બેરિકેડ્સ ગોઠવવામાં આવ્યા નહોતા. એ સિવાય રાહદારીઓનું ધ્યાન દોરાય એ માટેની કોઈ તકેદારી લેવાઈ નહોતી. ઘટનાસ્થળે સુરક્ષાના ઉપાયના અભાવ જણાયો હોવાથી પાલિકાએ કોન્ટ્રાક્ટર વિરુદ્ધ લાલ આંખ કરી હતી.

મહાપાલિકાના સ્યુએજ ઑપરેશન ડિપાર્ટમેન્ટ દ્વારા ગુરુવારે કુર્લા-સાકીનાકાના ખૈરાની રોડ પર મેનહૉલ પર સંરક્ષણ જાળી બેસાડવાનું કામ ચાલી રહ્યું હતું. તે સમયે સાકીનાકાના યાદવ નગરમાં રહેતો અસલમ ઈસાક શેખ મોબાઈલ પર વાત કરતો ત્યાંથી પસાર થયો હતો. મેનહૉલનું ઢાંકણ ખુલ્લું હોવાનું શેખના ધ્યાનમાં આવ્યું નહોતું અને તે મેનહૉલમાં પડી ગયો હતો. પાણીના પ્રવાહને કારણે મેનહૉલ નીચેની ગટરમાં તણાઈ ગયેલા શેખનો મૃતદેહ બાદમાં ફાયર બ્રિગેડના જવાનોએ શોધી કાઢ્યો હતો.

આ ઘટનાને ગંભીરતાથી લઈ પાલિકા દ્વારા કોન્ટ્રાક્ટર અને કર્મચારીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. એ સિવાય પાલિકા પ્રશાસને પણ આસિસ્ટન્ટ કમિશનર સહિત ચાર અધિકારીને તાત્કાલિક સસ્પેન્ડ કરી દીધા હતા અને એડિશનલ કમિશનરની અધ્યક્ષતામાં ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની સ્થાપના કરવામાં આવી હતી.■

# મુંબઈના ૪,૪૪૬ ખુલ્લા મેનહોલ જીવલેણ છે: કૉંગ્રેસનો દાવો

મુંબઈ: પંચાવન વર્ષની વ્યક્તિ ખુલ્લી ગટરમાં પડી જવાની દુર્ઘટનાને પગલે,કોંગ્રેસના વિધાન પરિષદના સભ્ય ભાઈ જગતાપે શુક્રવારે શહેરમાં ડ્રેનેજ નેટવર્કની ટીકા કરી મુંબઈના ૪ હજાર ૪,૪૪૬ ખુલ્લા મેનહોલ જીવલેણ ગણાવ્યા હતા. ગૃહમાં બોલતા જગતાપે કહ્યું હતું કે મહાનગરમાં એક લાખ ત્રણ હજાર ૯૯૬ મેનહોલ છે જેમાંથી ૯૬ હજાર ૩૮૩માં રક્ષણાત્મક જાળીઓ છે. ૪ હજાર ૪૪૬ મેનહોલ હજી પણ ખુલ્લા છે અને જીવલેણ બની ગયા છે. આ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરવાની તેમણે માગણી કરી હતી.

ગૃહની બહાર સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જગતાપે પ્રશ્ન કર્યો કે શહેરમાં કેટલા સ્માર્ટ મેનહોલ બેસાડવામાં આવ્યા છે. ગુરુવારે ભારે વરસાદ પડ્યો ત્યારે મુંબઈમાં ખુલ્લી ગટરમાં પડી જવાથી ૫૫ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું. આ દુર્ઘટના પછી મુંબઈ મહાનગરપાલિકાએ એ ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરી ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરી હતી. (પીટીઆઈ)■

# એફડીએએ મહારાષ્ટ્રના દૂધ ક્ષેત્ર માટે આદેશ જારી કર્યો

મુંબઈ : મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને (એફડીએ) શુક્રવારે ભેળસેળને રોકવા માટે સમગ્ર દૂધ પુરવઠા શૃંખલા માટે આદેશો જારી કર્યા છે અને ચેતવણી આપી છે કે ભેળસેળ, ખોટા દાવાઓ અને ગેરકાયદેસર કામગીરી માટે ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. એફડીએ કમિશનર તુકારામ મુંઢેએ જણાવ્યું હતું કે વિભાગે સમગ્ર દૂધ અને દૂધ ઉત્પાદનોના ઇકોસિસ્ટમ માટે આદેશો જારી કર્યા છે, જેથી સમગ્ર ક્ષેત્રમાં એકસમાન અમલીકરણ સુનિશ્ચિત કરી શકાય. નોંધણી કે પરવાના વિના કામગીરી કરવી, ગેરમાર્ગે દોરતી જાહેરાતો, ખોટા દાવા કરવા અને દૂધમાં ભેળસેળ જેવા ગુનાઓ માટે ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે; તેમણે વધુમાં કહ્યું કે, આવા કૃત્યોને રોકવા માટે એફડીએ મહત્તમ નિર્ધારિત દંડ ફટકારશે.

નવી માર્ગદર્શિકામાં પુરવઠા શૃંખલાના દરેક તબક્કાને આવરી લેવામાં આવ્યા છે, જેમાં દૂધ સંગ્રહ કેન્દ્રો, કુલિંગ યુનિટ, પેશ્ચ્યુરાઇઝેશન અને હોમોજનાઇઝેશન સુવિધાઓ, શુદ્ધિકરણ પ્લાન્ટ, પૅકેજિંગ અને ફિલિંગ સ્ટેશન, વિતરકો, જથ્થાબંધ વેપારીઓ, છૂટક દૂધ વિક્રેતાઓ, ઓટોમેટિક વેન્ડિંગ મશીન ઓપરેટરો, દૂધ ઉત્પાદનોના ઉત્પાદકો અને છૂટક વેપારીઓનો સમાવેશ થાય છે.

આદેશો અનુસાર બધી સંસ્થાઓએ ફરજિયાત જોખમ વિશ્લેષણ અને ક્રિટિકલ કંટ્રોલ પોઈન્ટ મૂલ્યાંકન હાથ ધરવા પડશે અને તેમને નિયમિતપણે અપડેટ કરવા પડશે. તેમણે ફૂડ-ગ્રેડ સ્ટેનલેસ સ્ટીલના વાસણો, સ્ટોરેજ ટાંકીઓ અને સરળતાથી સાફ કરી શકાય તેવા સાધનોનો ઉપયોગ કરવો પડશે, જ્યારે લાઇસન્સ ધારકોએ અસરકારક જંતુ નિયંત્રણ પગલાં પણ સુનિશ્ચિત કરવા પડશે. મુંઢે એ જણાવ્યું હતું કે દૂધની ખરીદી અને પરિવહન સાથે સંકળાયેલી તમામ સંસ્થાઓએ રજિસ્ટર્ડ ઓપરેટરોના રેકોર્ડ જાળવવા પડશે. દૂધના ટેન્કરોની સ્વચ્છતા તપાસ કરાવવી પડશે અને જો કોઈ વાહન નિરીક્ષણમાં નિષ્ફળ જશે, તો અધિકારીઓએ એફડીએ ને તેની જાણ કરવી પડશે. ■

# વીક એન્ડ


સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com


## મૅન્ચેસ્ટરે ક્રિકેટ જગતને મહારથીઓ આપ્યા છે: આજે વૈભવને ડેબ્યૂનો મોકો મળશે?

### ૧૯૩૬માં પ્રથમ ભારતીય સેન્ચુરી ઑલ્ડ ટ્રેફર્ડના જ મેદાન પર અને ૧૯૯૦માં સચિનની પ્રથમ ટેસ્ટ સદી પણ અહીં જ: કુંબલેએ અહીં જ કરીઅર શરૂ કરી હતી.



અનિલ કુંબલેએ ૧૯૯૦માં ૨૦ વર્ષની ઉંમરે મૅન્ચેસ્ટરમાં કારકિર્દી શરૂ કરી હતી.



સચિન તેન્ડુલકરે ૧૯૯૦માં ૧૭ વર્ષની ટીનેજ વયે મૅન્ચેસ્ટરમાં પ્રથમ ટેસ્ટ સેન્ચુરી ફટકારી હતી.



ઇંગ્લૅન્ડમાં મૅન્ચેસ્ટર શહેરના જગવિખ્યાત ક્રિકેટ સ્ટેડિયમનું નામ ‘ઑલ્ડ’ છે, પણ આ સ્થળ ઘણા ટૅલન્ટેડ ક્રિકેટરો માટે કાયમ માટે ‘ન્યૂ’ બન્યું, કારણકે છેલ્લાં ઘણા દાયકાઓ દરમ્યાન આ સ્થળેથી અનેક એવા ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરી છે જેમણે આગળ જતાં તેમના દેશનું નામ રોશન કર્યું, પોતાની ટીમ માટે રત્ન બની ગયા અને કરોડો ક્રિકેટપ્રેમીઓના દિલમાં વસી ગયા.

આપણે મૅન્ચેસ્ટરના ઑલ્ડ ટ્રેફર્ડની વાત કરી રહ્યા છીએ. આ એવું સ્થળ છે જેણે ક્રિકેટ જગતને ઘણા ‘ન્યૂ’ ખેલાડીઓ આપ્યા છે જેઓ પહેલી વાર અહીં રમ્યા બાદ શાનદાર કારકિર્દી સાથે નિવૃત્ત થયા હતા. આ મુદ્દા પર ચર્ચા કરવા પાછળનો આશય એ છે કે શનિવાર, ચોથી જુલાઈએ આ ઐતિહાસિક સ્થળે ભારતના ૧૫ વર્ષના ટીનેજ સેન્સેશન વૈભવ સૂર્યવંશીને આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરવાની તક મળી શકે. આઇપીએલ-૨૦૨૬માં દિગ્ગજ બૅટ્સમેનો વચ્ચે સૌથી વધુ ૭૭૬ રન બનાવનાર અને વિક્રમજનક ૭૨ છગ્ગા ફટકારનાર સિક્સર-સ્પેશિયાલિસ્ટ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન વૈભવને ઓપનિંગમાં સંજુ સૅમસનને બદલે રમાડવામાં આવશે કે પછી ઇશાન કિશન અથવા બીજા કોઈને બદલે એ નક્કી નથી, પણ જો તેને મોકો મળશે તો મૅન્ચેસ્ટરના ઑલ્ડ ટ્રેફર્ડમાં રમીને ઇન્ટરનૅશનલ ક્રિકેટના રણમેદાન પર ડેબ્યૂ કરનાર ભારતના અબ્બાસ અલી બેગ, ખરશેદ મેહરહોમજી, ચંદુ સરવટે, કૉટાર રામસ્વામી, બ્રિજેશ પટેલ, મદનલાલ, સુરુ નાયક, અનિલ કુંબલે, અજિંક્ય રહાણે, અંશુલ કમ્બોજ તેમ જ ઇંગ્લૅન્ડના ફ્રેડી ટ્રૂમેન વગેરેનો સમાવેશ છે.

બરાબર એક વર્ષ પહેલાં (જુલાઈ, ૨૦૨૫માં) પચીસ વર્ષીય પેસ બોલર અંશુલ કમ્બોજને ભારત વતી પહેલી વખત રમવાનો અવસર ઑલ્ડ ટ્રેફર્ડમાં જ મળ્યો હતો. ત્યાર બાદ ૧૨ મહિનામાં તેને ફરી ટીમ ઇન્ડિયા વતી રમવાનો મોકો નથી મળ્યો એ વાત અલગ છે, પણ તેનું નામ ‘મૅન્ચેસ્ટરના મહારથીઓ’ સાથે જરૂર જોડાઈ ગયું છે.

મૅન્ચેસ્ટરના ઑલ્ડ ટ્રેફર્ડ ક્રિકેટ સ્ટેડિયમની સ્થાપના ૧૮૫૭માં (૧૬૯ વર્ષ પૂર્વે) થઈ હતી. લૅન્કેશર કાઉન્ટીની ટીમ આ શહેરની હોમ-ટીમ છે. એમિરેટ્સ ઑલ્ડ ટ્રેફર્ડ તરીકે પણ ઓળખાતા આ સ્ટેડિયમમાં ૧૯,૦૦૦ પ્રેક્ષક બેસી શકે એટલી સીટ છે. ૨૦૧૧માં અહીં ફ્લડલાઇટ્સ બેસાડવામાં આવી હતી.

વૈભવ સૂર્યવંશી માટે પણ મૅન્ચેસ્ટર ઐતિહાસિક સ્થળ બની શકે.

સચિન તેન્ડુલકરે ૧૯૮૯માં ૧૬ વર્ષની ઉંમરે પાકિસ્તાનમાં રમીને આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરી હતી, પણ ૧૯૯૦માં ૧૭ વર્ષની ઉંમરે ક્રિકેટમાં જાણે તેનો નવો જન્મ મૅન્ચેસ્ટરના ઑલ્ડ ટ્રેફર્ડમાં થયો હતો. આ સ્થળે તેણે ત્યારે પ્રથમ ટેસ્ટ સદી ફટકારી હતી. સચિને ત્યારે ઇંગ્લૅન્ડ સામેની એ ટેસ્ટના પ્રથમ દાવમાં છઠ્ઠા નંબર પર રમીને ૬૮ રન બનાવ્યા હતા અને પછી બીજા દાવમાં પણ છઠ્ઠા નંબરે રમીને અને ૨૨૫ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૧૭ ચોગ્ગાની મદદથી ૧૮૯ બૉલમાં અણનમ ૧૧૯ રન બનાવ્યા હતા. તેની એ સદી અને મનોજ પ્રભાકરના અણનમ ૬૮ રનની મદદથી ભારત એ ટેસ્ટ ડ્રૉ કરાવી શક્યું હતું.

સચિન માટે જાણે મૅન્ચેસ્ટરની એ સદી શુકનિયાળ સાબિત થઈ, કારણકે તેની કુલ ૫૧ ટેસ્ટ સદીનો વિશ્વવિક્રમ દાયકાઓથી નથી તૂટ્યો અને બીજા અનેક દાયકાઓ સુધી કદાચ તૂટશે પણ નહીં. એ પહેલાં, ૧૯૩૬માં ભારતીય ક્રિકેટ માટે ઑલ્ડ ટ્રેફર્ડનું મેદાન ઐતિહાસિક બન્યું હતું. ત્યારે ભારતના મહાન ખેલાડી સૈયદ મુશ્તાક અલી વિદેશમાં ટેસ્ટ સેન્ચુરી ફટકારનાર પ્રથમ ભારતીય બન્યા હતા અને તેમણે એ સિદ્ધિ મૅન્ચેસ્ટરના ઑલ્ડ ટ્રેફર્ડમાં જ મેળવી હતી. બીજી ઇનિંગ્સમાં તેમણે બનાવેલા ૧૧૨ રનની મદદથી ભારત ત્યારે ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ ડ્રૉમાં લઈ જઈ શક્યું હતું.


૧૯૯૦માં આ જ મેદાન પર અનિલ કુંબલેએ કરીઅર શરૂ કરી હતી અને તેના માટે પણ આ સ્થળ યાદગાર બની રહ્યું છે. તેની ૬૧૯ ટેસ્ટ વિકેટ ભારતના તમામ ટેસ્ટ બોલર્સમાં હાઇએસ્ટ છે અને વિશ્વભરના ટેસ્ટ બોલર્સમાં તે ચોથા નંબરે છે.


ફરી ‘બૅબી બૉસ’ વૈભવ સૂર્યવંશીની વાત પર આવીએ. શનિવાર, ચોથી જુલાઈએ સાંજે ૭.૦૦ વાગ્યે મૅન્ચેસ્ટરના ઑલ્ડ ટ્રેફર્ડ ગ્રાઉન્ડ પર ઇંગ્લૅન્ડ સામે રમાનારી સિરીઝની બીજી ટી-૨૦માં વૈભવને ઇન્ડિયા કૅપ મળશે અને તે આઇપીએલ જેવા જ ફૉર્મમાં રમીને બ્રિટિશ બોલર્સની ખબર લઈ નાખશે તો મૅન્ચેસ્ટરનું મેદાન ભારતના કરોડો ક્રિકેટચાહકો વર્ષો સુધી નહીં ભૂલે. ■


અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com


## આલેસુન્ડની ટેકરી પરનો એ યાદગાર ગ્રે ને યલો વ્યુ...










શુહોલ્ટનો વિલા તો છોડવાની ઇચ્છા જ નહોતી થતી, પણ જેવી ખબર પડી કે આલેસુન્ડમાં વરસાદ નથી અને અહીં તો ઘરમાં જ બેસી રહેવું પડે તેવું છે, એવાં જ અમે પાંચેય વાતો કર્યા વિના સમજીને એકસાથે તૈયાર થવા જતાં રહ્યાં. એકદમ સિન્કમાં હોય તેવાં ટ્રાવેલ પાર્ટનર સાથે લેશર ટ્રિપ માટે નીકળવાનો ફાયદો અમે બધાં જાણે દરરોજ અનુભવતાં હતાં. ટ્રાવેલ કોમ્પેટિબિલિટી અત્યંત મહત્ત્વની હોય છે. ભૂતકાળમાં ઘણાં મિત્રો સાથે ફર્યા પછી પણ શક્ય હોય તો દર વર્ષે આ નાનકડું ગ્રૂપ દુનિયાનાં કોઈ ને કોઈ ખૂણે ભેગું થયા કરે છે તેની અલગ મજા છે. અને હવે એ જ ગ્રૂપ આલેસુન્ડ જવા બિલકુલ શિસ્ત સાથે ગાડીમાં ગોઠવાઈ ચૂક્યું હતું. ત્યારે એવો વરસાદ પડી રહ્યો હતો કે થોડીવાર માટે લાગ્યું કે ક્યાંય ફ્યોર્ડમાં પૂર ન આવી જાય અને બરાબર અનિશ્ચિત સ્કેન્ડિનેવિયન વેધરની રેપ્યુટેશનને જાળવવા, માંડ પંદર મિનિટમાં આકાશે એવી પલટી મારી કે ફરી સમરનો સૂરજ બહાર આવી ગયો.

આલેસુન્ડને આમ તો ફ્યોર્ડનું ગેટ-વે કહે છે, પણ એમ જોવા જાઓ તો નોર્વેનું દરેક મોટું ગામ ફ્યોર્ડને કિનારે છે અને તેની શરૂઆત



અને અંત ફ્યોર્ડથી જ આવે છે. થોડા દિવસો પછી તો દરેક ફ્યોર્ડનાં સાઇઝ અને શેપ એકસરખાં લાગવા માંડ્યાં હતાં. હવે ત્યાંનાં ગામડાં પણ એકસરખાં લાગવા માંડેલાં. જોકે તેમાં જ હવે કમ્ફર્ટ પણ લાગવા માંડેલું. આમ પણ કહેવાય છે ને કે વેકેશનનાં ત્રીજા-ચોથા દિવસ પછી રૂટિન સાથે એવો ઘરોબો બંધાઈ જાય છે કે કશું નવું ન લાગે. એટલે જ અમે એવાં હાઇક અને મનોરંજનની વ્યવસ્થા રાખેલી કે ક્યાંય ફ્યોર્ડ સિવાય કશું રિપિટ થતું હોય તેવું લાગ્યું નહીં. બસ નોર્વે પોતાના અલગ અલગ ચહેરા બતાવતું રહ્યું.

હજી અમે ટ્રોલ ટુન્ગાના વાંકાચૂંકા રસ્તા પર હાઈક કરવાનાં હતાં, ટ્રોન્ડહાઇમમાં જઈને સિટીમાં બાઈક રાઈડ કરવાનાં હતાં. હજી તો ઓસ્લોનું એડવર્ડ મન્ક મ્યુઝિયમ બાકી હતું. અરે હજી ફ્યોર્ડમાં ડૂબકી મારવાની પણ બાકી હતી. અહીં રાત્રે બાર વાગ્યા સુધી રખડી તો શકાતું હતું, પણ સમય થાય એટલે દુકાનો અને રેસ્ટોરાં જરૂર બંધ થઈ જતાં. એવામાં આલેસુન્ડ પહેલી વાર પહોંચતાં બપોર પડી ચૂકી હતી.

પહેલો પ્લાન હતો ફ્યેલ્ટુઆ પોઇન્ટ પર અકસલા ટેકરીની હાઇક કરવાનો. અમારી નાનકડી ટોળકી એટલી ઉત્સાહમાં હતી કે અમને ચઢતી વખતે ધ્યાનમાં ન રહ્યું કે આટલું જ પાછું ઊતરવું પણ પડશે. તે સમયે તો આલેસુન્ડનું પેનોરમા દૃશ્ય જોવા માટે અમને એક પરફેક્ટ વ્યુવાળી બેન્ચ પણ મળી ગઈ. ત્યાંથી આલેસુન્ડનું ગ્રે આર્કિટેક્ચર વચ્ચે વચ્ચે પીળા રંગની ઇમારતો જરા અણધાર્યો આર્ટિસ્ટિક વાન્ટેજ પોઇન્ટ બનાવતી હતી. આ પહેલાં ગ્રે રંગનું સ્કોટિશ શહેર એબરડીન જોઈને મગજ ઇમ્પ્રેસ થઈ ગયું હતું. અહીં ગ્રે તો ભરપૂર હતો, પણ પીળો જાણે ખાસ શહેરને અલગ બનાવવા માટે ગોઠવવામાં આવ્યો હોય તેવું લાગતું હતું. ફ્યેલ્ટુઆ અહીં સો વર્ષથી ધમધમતાં રેસ્ટોરાંનું નામ છે. હવે જાણે તે વ્યુ પોઇન્ટ અને ટેકરીનું નામ પણ બની ગયું છે. છેક ૧૯૦૩માં તે રેસ્ટોરાં એક નાનકડા લાકડાના કાફે તરીકે ખૂલ્યું હતું, હવે ત્યાં ભવ્ય હોટલ બની ચૂકી છે.

મજાની વાત છે એ જ પોઇન્ટ પરથી હવે અમારે આલેસુન્ડને રાતની લાઇટમાં જોવું હતું. ત્યાં સાવ અંધારું તો થવાનું ન હતું, પણ રાતના અગિયાર-બાર વાગ્યે સંધ્યાકાળ જેવું જરૂર થવાનું હતું. તે સમયે આખું શહેર ઝગારા મારતું જોવાનું રેકમેન્ડ કરવામાં આવેલું. તે પહેલાં અમે નીચે કાર સુધી માંડ માંડ પહોંચ્યાં. જો કે અમે એ જોઈ ચૂક્યાં હતાં કે ઉપર હોટલનાં પાર્કિંગ અને વ્યુ સુધી ડ્રાઇવ કરીને પણ પહોંચી શકાય છે. ત્યાં પહેલાં પણ થાકવાની કોઈ જરૂર ન હતી. ત્યાં ગાડી સાથે ન હોય તો પબ્લિક ટ્રાન્સપોર્ટની બસ લઈને પણ ઉપર સુધી જઈ શકાય છે. નોર્વેમાં આમ પણ ઘણા પહાડો ચઢવા પડે છે, એવામાં આ ટેકરી ચઢવાનું પ્રમાણમાં બિનજરૂરી લાગેલું. જોકે માત્ર આલેસુન્ડ જવાનું હોય તો એ ટેકરી જરૂર ચઢીને જવું. નીચે પોર્ટ પર આવીને જુનવાણી મકાનો અને બોટ્સ વચ્ચે ફરી થોડા ફોટા પાડ્યા. લાકડા અને ટિનનાં મકાનોનાં વ્યુ સાથે આ હાર્બર પણ એવું મજેદાર નીકળ્યું, થોડી વાર માટે ત્યાં રાત રોકાવાના પ્લાન બનવા માંડેલાં. પછી યાદ આવ્યું કે અહીંથી અડધા કલાકના અંતરે અમારો વિલા રાહ જોઈ રહ્યો હતો.

ક્યારેક સીધી આલેસુન્ડની ફ્લાઇટ લઈને પહોંચો તો સીધું હાર્બર જઈને ત્યાંની હોટલમાં રહેવાનું પણ કરવું જોઈએ. આલેસુન્ડની વાઈબ બાકીના નોર્વે કરતાં પણ વધુ સ્કેન્ડી લાગી રહી હતી. આ સ્કેન્ડી-વાઇબ સાથે એવો ગળાડૂબ પ્રેમ થઈ ગયો છે કે ત્યાંથી પાછાં આવ્યાં પછી ક્યાંય પણ જતા પહેલાં એકવાર તો નોર્વે જવાની ઇચ્છા થઈ જ આવતી હતી. એમ લાગતું હતું કે એ ફ્યોર્ડ રોજેરોજ જોવા મળે તો લાઇફમાં સતત વેકેશન જેવી ફીલિંગ આવી જાય એ તો નક્કી હતું. ત્યાં હાર્બરની નજીક જ એક કલ્ચરલ માર્કેટ અને ગ્લાસ ફેક્ટરી પણ જોવાલાયક છે, પણ તે સમયે સાંજ પડતાં જ તે બંધ થઈ ચૂક્યાં હતાં. તેના માટે બીજા દિવસે સવારે વહેલું આવવાનું હતું.

આલેસુન્ડથી એક દિવસ હજી ટ્રોલસ્ટિગનને આપવાનો હતો. ત્યાં વળી એક હાઈક હતી. ત્યાં જ્યાં સુધી કાર જાય ત્યાં સુધી લઈ જવી એ નક્કી કરેલું. હવે આલેસુન્ડ પાસે જ નોર્વેની સૌથી લાંબી ટનલ પણ છે. નોર્વે એક પછી એક સુંદર જગ્યા બતાવતું જતું હતું, પણ ત્યાં કોઈ ટ્રેડિશનલ સાઇટસીઇંગનાં સ્થળો ન હતાં. ત્યાં પહાડો ખોદીને બનાવેલી ટનલને ઘણી જગ્યાએ લાઇટિંગ સાથે જોવાલાયક બનાવેલી. ત્યાં ઊભા રહીને ફોટો પાડવાનું પણ શક્ય હતું અને અલગ સાઇકલ લેનની અલગ ટનલ પણ હતી. આલેસુન્ડ નજીક નોર્વેનું સૌથી સુંદર લાઇટહાઉસ જોવા જવાનું હતું. ■

એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# ઊંઝાઃ ધર્મ- અર્થ- કલાનો ત્રિવેણી સંગમ

## સાઈઠેક હજારની વસતિનું ગામ ઉમિયા માતા, માર્કેટ યાર્ડ અને ભવાઈને કારણે ખ્યાતિ ધરાવે છે

મોજીલા મેહોણા (મહેસાણાને સ્થાનિક લહેકામાં મેહોણા કહેવાય છે) તરીકે પ્રસિદ્ધ એવું આ શહેર મહેસાણા જિલ્લાનો હિસ્સો છે. આમ તો આ જિલ્લો મોઢેરાના સૂર્યમંદિર માટે અનેક વર્ષોથી જાણીતો છે. આ જિલ્લામાં વડનગર પણ છે, જેનું ઐતિહાસિક અને કલાત્મક મહત્ત્વ તો છે જ ઉપરાંત વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું જન્મસ્થળ હોવાથી એની ખ્યાતિ વિસ્તરી છે. વડનગર એક જોવાલાયક સ્થળ છે અને આબુ - અંબાજીની મુલાકાત લેવાનું નક્કી કર્યું હોય તો મહેસાણા જિલ્લાના આ શહેરની મુલાકાત અવશ્ય લેવી જોઈએ. ગયા હપ્તામાં આપણે ધાર્મિક પ્રવાસને આવરી લીધો હતો. એમાં સ્થળ સંકોચને કારણે અંબાજીનો સમાવેશ નહોતો થઈ શક્યો. આજે આપણે અંબાજી - ગબ્બર તેમ જ ઊંઝા વિશે જાણીએ.




### અંબાજી મંદિર - ગબ્બર

ગુજરાતના ‘મસ્ટ વિઝિટ’ ધર્મસ્થાનકમાં અંબાજી મંદિરનો સમાવેશ છે. શક્તિપીઠ હોવાથી એનું મહત્ત્વ વધારે છે. શક્તિપીઠ માતા સતીને સમર્પિત પવિત્ર તીર્થસ્થાન છે. પૌરાણિક કથા અનુસાર પિતા દક્ષ પ્રજાપતિએ ભગવાન શિવના કરેલા અપમાનથી દુઃખી થઈ માતા સતીએ યજ્ઞકુંડમાં પ્રાણ ત્યાગ કર્યો હતો. સતીના દેહના વિચ્છેદનથી પૃથ્વી પર ૫૧ સ્થાન પર તેમના અંગ પડ્યા જે ‘શક્તિપીઠ’ તરીકે ઓળખાયા. હિંદુ ધર્મમાં પ્રચલિત માન્યતા પ્રમાણે ૫૧ શક્તિપીઠ છે અને અંબાજી મંદિર તેમાંથી એક છે અને તેની ગણના ‘સિદ્ધપીઠ’ તરીકે થાય છે. હિંદુ માન્યતા અનુસાર શિવે તાંડવ કર્યું ત્યારે સતીનું હૃદય અહીં પડ્યું હતું. મંદિરના પરિસરમાં એક શ્રીયંત્ર છે, જેની ભક્તો અચૂક પૂજા કરે છે. અંબાજી મંદિર આરાસુર પર્વતની ટેકરી પર આવેલું હોવાથી આરાસુરી અંબા માતા તરીકે પણ ઓળખાય છે. નવરાત્રી વખતે ગવાતા ગરબા કે થાળમાં ‘આરાસુરની અંબે મા’ એવો ઉલ્લેખ જરૂર ધ્યાનમાં આવ્યો હશે. દર વર્ષે લાખોની સંખ્યામાં લોકો દર્શનાર્થે આવે છે. દર્શનાર્થીઓની ભીડ અંબા માતામાં કેવી અખૂટ શ્રદ્ધા છે એનું પ્રતિબિંબ હતી.

અહીંની ગબ્બર ટેકરી પર શક્તિપીઠ છે. પર્વત પર એક નાની ગુફા જેવી જગ્યા છે જેને ‘ગબ્બર ગોખ’ કહેવાય છે. અહીં એક પવિત્ર અખંડ દીવો પ્રજ્વલિત રહે છે. આ ટેકરી પગથિયાં અને સાંકડી કેડી જેવા ખૂબ કપરા અને મુશ્કેલ ચઢાણવાળી છે. ઘણા લોકો જાત્રા તો ચડીને જ કરાય એવી માન્યતા ધરાવતા હોય છે. અનેક લોકોને ચડીને જતા જોવા મળ્યા. ચઢાણ કપરું લાગતું હોય એવા લોકો રોપ - વે (ઉડનખટોલા)ની સગવડનો લાભ લઈ જતા હોય છે. કલાકેક લાઈનમાં ઊભા રહેવું પડે એમ હોવા છતાં કેટલીક જનેતા એક વર્ષનું પણ ન થયું હોય એવા બાળક સાથે દર્શન કરવા મક્કમ હતી. આસ્થા કેવી સજ્જડ હોય એનો વધુ એક પુરાવો અંબાજીમાં નજરે પડ્યો.

ઉમિયા માતાજી



અસાઈત ઠાકર

ઊંઝા મહેસાણાથી ત્રીસેક કિલોમીટરને અંતરે હોવાની જાણ થતા ત્યાં તો જવું જ છે એવો નિર્ધાર કર્યો. ઊંઝા માટે વિશેષ લાગણી હોવાના ત્રણ કારણ હતા ધર્મ- અર્થ ને કલા. પહેલું ધાર્મિક કારણ એ કે અહીં ઉમિયા માતાનું મંદિર છે, જે કડવા પાટીદારોના કુળદેવી છે.

ઉમિયા માતા પાર્વતીજીનું જ એક સ્વરૂપ છે. આ પૌરાણિક મંદિર માત્ર ધાર્મિક સ્થળ ઉપરાંત સેવાકીય સંસ્થા તરીકે પણ ખૂબ જાણીતું બન્યું છે.

બીજું કારણ અર્થ - વ્યાપાર સંબંધી. અમદાવાદ પછી સમગ્ર ગુજરાતનું બીજા નંબરનું માર્કેટ યાર્ડ ઊંઝામાં છે. અહીં કરોડો રૂપિયાનું જીરું, ઘોડાજીરું, ઇસબગુલ, તુવેર અને વરિયાળી વેચાવા આવે છે.

જીરાની નિકાસ સમગ્ર ભારતમાં થાય છે. ઇસબગુલની ભારતનાં રાજ્યો ઉપરાંત પરદેશમાં મુખ્યત્વે અમેરિકા અને યુ.કે.માં નિકાસ થાય છે.

ત્રીજું કારણ કલા સંબંધી છે. મુસ્લિમ શાસન દરમિયાન ઊંઝાના પટેલની કન્યાને ઉગારનારા સિદ્ધપુરના લોકનાટ્ય ભવાઈના સ્થાપક અને કવિ અસાઈત ઠાકરને બ્રાહ્મણ જ્ઞાતિમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યા બાદ તે ઊંઝા આવીને વસ્યા હતા એમ કહેવાય છે.

જ્ઞાતિ બહાર થવાને કારણે પરંપરાગત કથાકારનું કામ બંધ થઈ ગયું. એટલે અસાઈતે ભવાઈના વેશોની રચના કરી પોતાના ત્રણ પુત્રો સાથે એ વેશ ભજવ્યા. તેમના ત્રણ પુત્રના વંશજો ત્રિઘરા કે ત્રણ ઘરવાળા (તરગાળા) તરીકે પછીથી ઓળખાવા લાગ્યા. આ જ્ઞાતિએ ગુજરાતની રંગભૂમિને અનેક પેઢીઓથી કલાકારો આપ્યા છે.

ધર્મયાત્રાના આલેખનને વિરામ આપી હવે પછી આ ધર્મસ્થાનોની નજીક આવેલા કલા સ્થાનકોથી પરિચિત થઈશું. ■



### હાટકેશ્વર મંદિર

દેશવાસીઓમાં વિવિધ સ્થળ સાથે ધાર્મિક જોડાણ અગ્રક્રમે હોવાથી વડનગર એટલે હાટકેશ્વર મંદિર એવું સમીકરણ અનેક વર્ષ સુધી રહ્યું. આજે પણ માત્ર ધાર્મિક ભાવના સાથે સફર કરતા લોકોના દિમાગમાં પહેલો ઝબકારો મંદિરનો જ થાય. હાટકેશ્વર નાગર બ્રાહ્મણોના ઇષ્ટદેવ છે. અહીં શ્રદ્ધાળુઓ ‘જય હાટકેશ’ બોલતા હોય છે. મહાદેવનું મૂળ સ્થાનક હોવાનું મનાય છે. સમગ્ર મંદિરમાં સુંદર શિલ્પો ધ્યાન ખેંચે છે. દેવદેવીઓની મૂર્તિઓ તથા કૃષ્ણ અને પાંડવોના કેટલાક જીવનપ્રસંગો કોતરેલાં છે. મત્સ્યાવતાર વિષ્ણુનું શિલ્પ ઉલ્લેખનીય છે. મંદિરના પરિસરમાં અનેક નાનીમોટી દેરીઓ આવેલી છે. આ મંદિરનો અનેક વાર જીર્ણોદ્ધાર થયેલો છે. મોટે ભાગે ગામનું મુખ્ય મંદિર ગામની અંદર આવેલું હોય, પરંતુ આ મંદિર ગામની બહાર આવેલું છે. હટકનો એક અર્થ સોનાની ખાણ એવો પણ થાય છે. સુવર્ણના લિંગ રૂપે પૂજાતા નાગરોના ઇષ્ટદેવ - મહાદેવ હટકેશ્વર અને પછી હાટકેશ્વર તરીકે ઓળખાયા એવી માન્યતા છે. અહીં સાંજના સમયે મંદિરના શિખર પર જ લેસર શોથી આપવામાં આવતી ધાર્મિક જાણકારીનો અનુભવ અલાયદો રહ્યો.

### પારસ પીપળો




હિન્દુ ધર્મમાં સંસ્કારનું ઘણું મહત્ત્વ છે. મનુષ્ય જીવન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે ઉચ્ચ કોટિનું બને એ આશય સાથે ૧૬ સંસ્કારનું વર્ણન છે. ગર્ભાધાન સંસ્કારથી શરૂ કરી દેહાવસાન સુધીના આ સંસ્કારોમાં ધાર્મિક અને સામાજિક વિધિઓ જોવા મળે છે, જે મનુષ્ય જીવનને યોગ્ય દિશાએ દોરી જાય એવી માન્યતા છે. આ સોળ સંસ્કારમાં એક સંસ્કાર છે ચૌલ ક્રિયા અથવા બાબરી વિધિ, જે મુંડન અથવા ચૂડા કર્મ તરીકે પણ ઓળખાય છે. બાળક ત્રણ કે પાંચ વર્ષનું થાય ત્યારે તેના ગર્ભાવસ્થાના વાળ ઉતારવાની ક્રિયા કરવામાં આવે છે. અંબાજીમાં ગબ્બરના દર્શન કરવા જતી વખતે ‘પારસ પીપળો’ નામની જગ્યા નજરે પડે છે. લોકવાયકા અનુસાર ભગવાન શ્રી કૃષ્ણ અને બલરામની ચૌલ ક્રિયા (બાબરી) પણ આ સ્થળે શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવી હતી. પારિજાત તરીકે પણ ઓળખાતા પારસ પીપળાના વૃક્ષને સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવી મહાભારત કાળમાં શ્રી કૃષ્ણએ દ્વારકામાં વાવ્યું હોવાની માન્યતા છે. જોકે, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પારસ પીપળાને પીપળા સાથે કોઈ જ સંબંધ નથી. અમારી સાથે જોડાયેલા એક ભાઈ વનસ્પતિશાસ્ત્રના અભ્યાસુ હતા અને તેમણે જણાવ્યું કે એના પાન પીપળા જેવા હોવાથી તેનું નામ પારસ પીપળો પાડી દેવામાં આવ્યું છે. પારસ એટલે સોનું અને આ પાનનો રંગ સોનાની પીળાશને મળતો આવે છે. શ્રદ્ધા અને સાયન્સ વચ્ચે ક્યારેક જોજનો દૂરનું અંતર હોય છે. અલબત્ત, આ પીપળાના દર્શન જોવા ઊમટેલા દર્શનાર્થીઓમાં ગજબનું કુતૂહલ હતું. એ કુતૂહલમાં શ્રદ્ધા - સાયન્સના પ્રમાણ વિશે જાણી શકાય એમ નહોતું.

---

ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પૂર્ણાહૂતિ | કચરો |
| પૂર્તિ | વડવા |
| પૂર્વજ | ઉમેરણ |
| પૂંજી | અંત |
| પૂંજો | દોલત |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ૮ | ■ | ૯ | | ■ | |
| ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | | ■ | ૧૩ | ૧૪ | |
| ૧૫ | | | ■ | | ■ | ૧૬ | ■ | | ■ |
| ■ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | | ■ | ■ |
| ■ | ■ | ૧૯ | | ■ | ૨૦ | | | ૨૧ | ■ |
| ■ | ૨૨ | ■ | | ■ | | ■ | ૨૩ | | ૨૪ |
| ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | | ૨૮ | ■ | ૨૯ | |
| | ■ | ૩૦ | ૩૧ | ■ | ૩૨ | | ૩૩ | ■ | |
| ૩૪ | | | | ■ | ■ | ૩૫ | | | |

**આડી ચાવી**

૧. બેવકૂફ, મૂર્ખ (૪)
૪. જાગીર, માલમિલકત (૪)
૭. વગર (૩)
૯. મજા, લહેર (૨)
૧૦. યજ્ઞ (૨)
૧૨. વ્યવસ્થા કરનાર, ગોઠવનાર (૩)
૧૩. બંદગી કરનાર (૩)
૧૫. સામો વાદવિવાદ કરવો (૩)
૧૭. પથારી (૨)
૧૮. હીરા, માણેક વગેરે (૨)
૧૯. રાજાનો મુગટ (૨)
૨૦. ઉપાસના, આરાધના (૨)
૨૩. ઊંઘનો છડીદાર (૩)
૨૫. સાદડી (૩)
૨૭. રીંગણું (૩)
૨૯. પવન (૨)
૩૦. મારું (૨)
૩૨. કૂદકો, ઠેકડો (૩)
૩૪. સાવધતા, જાગૃતતા (૪)
૩૫. આચરણ, વર્તણૂક (૪)

**ઊભી ચાવી**

૧. પાયો, મૂળ (૪)
૨. પડ (૨)
૩. પઢતા પંડિત નીપજે, લખતાં --- થાય (૩)
૪. મોટા ઘેર વાળો એક જાતનો લાંબો અંગરખો (૨)
૫. પૂજન (૩)
૬. ---નો દીકરો જીવે ત્યાં સુધી સીવે (૩)
૮. વ્યવસ્થા, જોગવાઈ (૪)
૧૧. ગંદું (૩)
૧૪. ક્ષમા (૨)
૧૬. પત્ની (૩)
૧૭. નદીનું પાણી (૩)
૨૦. પૂછપરછ (૪)
૨૧. નજર, દૃષ્ટિ (૩)
૨૨. વાળનું ઝૂંડ (૨)
૨૪. સુગંધી (૪)
૨૫. એક કેફી પદાર્થ (૩)
૨૬. આસ્થા, શ્રદ્ધા (૩)
૨૮. લાંછન, આળ (૩)
૩૧. ધન, દોલત (૨)
૩૩. ફળની અંદરનો માવો (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સુ | ધા | ■ | ૨ પ્ર | જા | ૩ પ | ૪ તિ | ■ | ૫ પા | ૬ પ |
| ર | ■ | ૭ મ | તિ | ■ | ૮ ત | લ | ૯ પ | ■ | હે |
| ૧૦ પ | રા | ક્રા | ષ્ઠા | ■ | જ | ■ | ડ | ■ | લું |
| તિ | ■ | ન | ■ | ૧૧ બો | ડ | ■ | ૧૨ ઘો | ૧૩ ર | ■ |
| ■ | ૧૪ વિ | ■ | ૧૫ સુ | ■ | ■ | ૧૬ દુઃ | ■ | ૧૭ સા | જા |
| ૧૮ ગ | યો | ■ | ખ | ■ | ■ | ખ | ■ | ળ | ■ |
| ■ | ૧૯ ગ | ૨૦ મે | ■ | ૨૧ ભં | ગ | ■ | ૨૨ નો | ■ | ૨૩ ત |
| ૨૪ પ્ર | ■ | ળા | ■ | જ | ■ | ૨૫ સુ | ધા | ક | ર |
| તિ | ■ | ૨૬ પ | ૨૭ ર | વા | ■ | ૨૮ ખ | રું | ■ | ક |
| ૨૯ મા | ઝા | ■ | ૩૦ ત | ડ | જો | ડ | ■ | ૩૧ કો | ટી |

### જાણવા જેવું

કલ્પના કરવી એ માનવ સ્વભાવ છે. સદીઓથી આપણે આપણા સૌરમંડળની બહારના ગ્રહો પર જીવન હશે કે કેમ અને હોય તો કેવું હશે એની કલ્પનામાં રાચતા આવ્યા છીએ. ઊડતી રકાબી અને પરગ્રહવાસીઓને શોધવા પાછળ અબજો રૂપિયા ખર્ચાઈ ચૂક્યા છે ને ખર્ચાતા રહેવાના છે. પણ જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ.


### ગુજરાત મોરી મોરી રે

રંગભૂમિના સશક્ત કલાકાર ઉપરાંત ગુજરાતી ફિલ્મો, ટીવી સિરિયલોમાં પ્રભાવ પાડનારા અરવિંદ વેકરિયા કયા હુલામણા નામથી જાણીતા હતા.

અ) ભઈલા બ) દાદુ
ક) કર્ટન ડ) સચ્ચુ

### નોંધી રાખો

ક્યારેક એવું બનતું હોય છે કે કોઈને જીવનમાં પહેલી વાર મળ્યા હોઈએ પણ એ મુલાકાત ક્ષણજીવી ન રહેતાં કાયમનો સથવારો બની જાય.




### ઓળખાણ પડી?

ટેસ્ટ ક્રિકેટમાં શરૂઆતમાં ઓસ્ટ્રેલિયા વતી અને રંગભેદ પ્રતિબંધ હટ્યા પછી દક્ષિણ આફ્રિકા વતી રમેલા ખેલાડીની ઓળખાણ પડી?

અ) ગ્રેમ હિક બ) એન્ડી ફ્લાવર
ક) ગ્રેમ સ્મિથ ડ) કેપ્લર વેસલ્સ

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

રાત્રીના આકાશનું ઝીણવટથી નિરીક્ષણ કરવા વપરાતા ટેલિસ્કોપ સહિત અન્ય મહત્ત્વના સંશોધન કરનારા સંશોધકનું નામ જણાવો.

અ) પ્રિસ્ટલી બ) પ્લુટો ક) સ્મિથ ડ) ગેલીલિયો

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૫, ૩૧, ૬૩, ૧૨૭... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૨૭ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૭૭ બ) ૧૯૧ ક) ૨૦૧ ડ) ૨૫૫

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | ૫ | ૬ | | | | ૪ | |
| ૬ | | ૭ | | | ૯ | ૮ | ૨ | |
| | | | | | ૨ | | | |
| ૯ | ૫ | ૩ | ૨ | | | | | |
| ૮ | | ૬ | | ૭ | | ૩ | | ૨ |
| | | | | | ૬ | ૫ | ૯ | ૪ |
| | | | ૫ | | | | | |
| | ૬ | ૪ | ૧ | | | ૨ | | ૩ |
| | ૭ | | | | ૮ | ૬ | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૧ | ૬ | ૫ | ૮ | ૪ | ૭ | ૯ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૧ | ૯ | ૮ | ૨ | ૩ |
| ૪ | ૯ | ૮ | ૭ | ૩ | ૨ | ૧ | ૫ | ૬ |
| ૮ | ૫ | ૪ | ૯ | ૨ | ૭ | ૩ | ૬ | ૧ |
| ૩ | ૭ | ૯ | ૧ | ૬ | ૫ | ૨ | ૮ | ૪ |
| ૧ | ૨ | ૬ | ૩ | ૮ | ૪ | ૫ | ૯ | ૭ |
| ૬ | ૧ | ૫ | ૮ | ૯ | ૩ | ૭ | ૪ | ૨ |
| ૭ | ૮ | ૩ | ૨ | ૪ | ૬ | ૯ | ૧ | ૫ |
| ૯ | ૪ | ૨ | ૫ | ૭ | ૧ | ૬ | ૩ | ૮ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પુષ્કળ | ખૂબ |
| પુષ્ટિ | સમર્થન |
| પુષ્પ | ફૂલ |
| પૂજા | આરાધના |
| પૂરપાટ | વેગીલું |

ગુજરાત મોરી મોરી રે:
મણિલાલ દ્વિવેદી
ઓળખાણ પડી?
રામાધીન
માઈન્ડ ગેમ :
૫૬
ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
ડાર્વિન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભરત કજરિયા (૪) ભારતી બુચ (૫) ડો. પ્રકાશ કટકિયા (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) વિપીન સાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) લજિતા ખોના (૧૬) મીનળ કાપડિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) ભાવના કર્વે (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ખુશરૂ કાપડિયા (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) વિણા સંપટ (૨૪) અરવિંદ કામદાર (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) અંજુ ટોલિયા (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) હિનાબેન દલાલ (૩૦) ઈનાક્ષીબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ડાયના સંતોકે (૩૩) મનીષા શેઠ (૩૪) ફાલ્ગુની શેઠ (૩૫) અલકા વાણી (૩૬) ભારતી બુચ (૩૭) નિતીન જયંતીલાલ બજરિયા (૩૮) સુભાષ મોમાયા (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પુષ્પા પટેલ (૪૪) પ્રવીણ વોરા (૪૫) મહેશ દોશી (૪૬) મહેશ સંઘવી (૪૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૮) નંદુભાઈ એ. ઘોટી

# છટકું



## એક આગવી રહસ્ય કથા

ટીના દોશી

આસવ તૈયાર થઈને શયનખંડમાંથી બહાર આવ્યો એ જ ક્ષણે ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. ઘંટડી સાંભળી જ ન હોય એમ આસવે સોફામાં પલાણ્યું. એક હાથમાં ચા લીધી ને બીજા હાથમાં અખબાર લીધું. ચાનો ઘૂંટ આસવે ભર્યો. ઘંટડી લગાતાર રણકતી રહી. પણ આસવના કાને તો કાંઈ ન સાંભળવાની હઠ લીધેલી. લગાતાર ઘંટડીના રણકવાથી રસોડામાં કામ કરી રહેલી સુરાહી હાથમાં વેલણ સાથે ઉતાવળે દોડી આવી. આસવને આંખોથી ધમકાવતાં ભવાં તંગ કરીને એણે ફોન ઉઠાવ્યો. રિસીવર કાને ધર્યું. ખિજવાઈને બોલી : ‘હેલ્લો, કોણ?’

અત્યાર સુધી એકધારો ચિચિયારી પાડી રહેલો સામો છેડો શાંત થઇ ગયો. એકદમ શાંત. સુરાહી ચિડાઈને બોલી : ‘અરે ભાઈ, કોણ છે? કેમ કોઈ બોલતું નથી?’

સામેથી કોઈ ન બોલ્યું. જાણે મૌનવ્રત લીધું હોય!

‘હેલ્લો, હેલ્લો.. સવાર સવારમાં ફોન કરો છો ને પાછા બોલતા કેમ નથી?’ સુરાહીનો પિત્તો ઉછળ્યો: ‘બોલવું નથી તો ફોન કેમ કર્યો ?’

સામા છેડાએ મોંમાં મગ ભરી રાખેલા. આખરે કંટાળીને સુરાહીએ ફોન પછાડ્યો. રિસીવર પટક્યું ને ગુસ્સે થઈને આસવને કહ્યું : ‘તમે અહીં બેઠા છો તોય ફોન ઉઠાવતા કેમ નહોતા?’

‘સુરુ ડાર્લિંગ, તું રોષે ભરાય છે ને ત્યારે તારી ખૂબસૂરતીમાં ચાર ચાંદ લાગી જાય છે...’ આસવે મીઠી મુસ્કાન સાથે કહ્યું : ‘મારી વાત માન્યામાં ન આવતી હોય તો જા જઈને આયનામાં જોઈ લે. તું જાણે છે ને, આયનો ક્યારેય જૂઠ બોલતો નથી !’

ન ચાહવા છતાં સુરાહી મલકી પડી. બોલી : ‘વાતનો જવાબ પણ નથી આપવો ને વાતથી ભોળવી પણ જાણે છે. આ કળા તો તારી પાસેથી શીખવી પડે.’

‘હા, તો શીખ ને..’ આસવને આસવ ચડ્યો હોય એવા નશીલા સૂરે બોલ્યો : ‘આજથી હું તારો ગુરુ ને તું મારી શિષ્યા, બોલ મંજૂર ?’

‘જોયા મોટા ગુરુને..’ સુરાહીએ મીઠો છણકો કર્યો: ‘વાત ફોનની હતી. તે તું ક્યાંથી ક્યાં લઇ ગયો.. તને ક્યારની કહું છું કે ફોનનું કોલર આઈડી મહિનાથી બગડેલું છે. એનું કાંઈક કર. છેલ્લા અઠવાડિયાથી આવા નનામા ફોન આવ્યા કરે છે. તું તો અહીં બેઠો હોય તોયે ફોન ઉઠાવવાની તસ્દી લેતો નથી. ને મારે રસોડામાંથી દોડવું પડે છે. ક્યારેક લોટ બાંધતાં બાંધતાં, ક્યારેક રોટલી વણતાં વણતાં તો ક્યારેક વળી શાક સમારતાં... ફોન લેવા કામ પડતું મૂકીને આવું ને સામેથી તો કોઈ બોલે જ નહીં. એવી તો દાઝ ચડે છે ને કે...’

‘અરે સુરુ, ફોન નહીં ઉપાડવાનો..’ આસવે નનામા ફોનની ઉપેક્ષા કરવાની કૂંચી બતાડી: ‘એ વાગ્યા કરશે ને પછી બંધ થઇ જશે..’

‘અરે, એ તે કાંઈ ઉપાય છે ?’ સુરાહી બબડી : ‘એમ તો કામના ફોન હોય એ પણ ઘંટી વગાડ્યા કરે. એના કરતાં તું કોલર આઈડી રિપેર કરાવી દે. એનાથી ખબર પડી જશે કે કયો ફોન કામનો છે ને કયો નનામો.’

‘પણ આપણા કામના ફોન તો આપણા મોબાઈલ પર જ આવે છે...’ આસવે દલીલ કરી : ‘પછી કોલર આઈડી ઠીક કરાવીને શું કામ છે ?’

‘તું ભૂલે છે...’ સુરાહીએ ટકોર કરી : ‘તારી મમ્મી, માસી ને ફોઈ તથા મારી મમ્મી લેન્ડલાઈન પર જ ફોન કરવા ટેવાયેલાં છે. એમને બે-ત્રણ વાર સેલ પર ફોન કરવા કહી જોયું. પણ એ તો કહે કે અમે જૂના જમાનાનાં માણસો છીએ. અમને સેલબેલ ન ફાવે...’

‘સારું..સારું..અત્યારે તો હું ઓફિસે જવા નીકળું છું. સાંજે વાત કરીશું.’ આસવે ઓફિસબેગ ઉઠાવી. હાથમાં વેલણ સાથે આવેલી સુરાહી પણ ઉતાવળે રસોડામાં ગઈ. એવામાં ફરી ટેલિફોન રણક્યો. સુરાહી રસોડામાંથી બહાર આવી જ રહેલી કે એણે જોયું કે આસવે ફોન ઉઠાવી લીધેલો. કોનો ફોન હશે એવું વિચારી રહેલી સુરાહી રસોડાને દરવાજે ઊભેલી, પણ એને કાંઈ સમજાયું નહીં. આસવ ધીમે અવાજે કંઈ ગુસપુસ કરી રહ્યો હોય એવું એને લાગ્યું. સુરાહી બહાર આવી. પણ એટલામાં આસવે ફોન મૂકી દીધો. સુરાહીએ પૂછી લીધું : ‘કોનો ફોન હતો?’

‘કોઈનો નહીં...રોંગ નંબર હતો.’ આસવ આમ કહીને ઓફિસ જવા નીકળી ગયો. પણ સુરાહીને લાગ્યું કે પોતાનો અવાજ સાંભળીને એ એવો ચમકી ગયેલો જાણે એનું જૂઠ પકડાઈ ગયું હોય ! પણ પછી પોતાનો વહેમ છે એમ માનીને સુરાહીએ ખોટા વિચારો ખંખેરી દીધા. છતાં રહીરહીને એના મનમાં વિચાર ઘુમરાયા કરતો કે, ખરેખર રોંગ નંબર હશે કે પછી...રોંગ નંબર જ હોય તો આસવ ફોન પર ગુસપુસ કરતો હોય એવા ધીમા અવાજે કેમ બોલ્યો હશે ?

વિચારોમાં ને વિચારોમાં સુરાહીએ ઘરનાં ને બહારનાં કામ પતાવ્યાં. દિવસ પૂરો થયો ને સાંજ પડી. રોજની જેમ સાડા છને ટકોરે આસવ ઘેર આવ્યો. સુરાહી આસવ માટે પાણી લાવવા રસોડામાં ગઈ. સોફા પર બેઠેલા આસવ જૂતાં ઉતારી રહેલો, એવામાં ટેલિફોનની ઘંટડી રણકી. ટ્રેમાં પાણી લઈને આવેલી સુરાહીએ ફોન ઉઠાવ્યો. હેલો, હેલો કર્યું, પણ સામો છેડો ન બોલ્યો. સામેથી હળવા શ્વાસોશ્વાસના અવાજ સંભળાતા હોવાનું સુરાહીએ અનુભવ્યું. એણે ફરી હેલો હેલો કર્યું. પણ સવારના જે થયેલું એનું પુનરાવર્તન થયું. સુરાહીએ ખિજાઈને ફોન પટક્યો. ને રસોડામાં જતાં જતાં બબડી : ‘કોણ જાણે આવા નનામા ફોન કોણ કરતું હશે?’

આસવને ઘેર આવીને ચા પીવાની ટેવ હતી. સુરાહીએ ગેસ પેટાવીને તપેલીમાં ચા ચડાવી. ઊકળતી ચામાં પીસેલી ઈલાયચી ને વાટેલું આદુ નાખ્યું. એટલામાં ફરી ફોન રણક્યો. આસવે ફોન ઉઠાવી લીધેલો. સુરાહીએ રસોડામાં રહ્યે રહ્યે જ બહાર કાન માંડ્યાં. સવારની જેમ જ આસવ હળવે સ્વરે કંઈ બોલી રહ્યો હોય એવું લાગ્યું. એ ઝડપથી ચા લઈને બહાર આવી એટલામાં આસવે ફોન મૂકી દીધેલો. સુરાહીની આંખોમાં પ્રશ્નાર્થ જોઇને આસવે કહ્યું : ‘રોંગ નંબર હતો...’

‘એમ ?’ સુરાહી બોલી : ‘તો ધીમે અવાજે શું વાત કરી રહેલો એ રોંગ નંબર સાથે ?’

‘અરે.. રોંગ નંબર સાથે શું વાત કરવાની?’ આસવે સુરાહીને સમજાવી : ‘એ તો કોઈ કંપનીનો કોલ હતો.’

‘વાહ, અભી બોલા અભી ફોક...’ સુરાહીએ ટોણો માર્યો: ‘પહેલાં કહ્યું કે રોંગ નંબર હતો ને પાછું ફરી જઈને કહ્યું કે કંપની કોલ હતો.. આમાં મારે શું માનવું?’

‘અં..એ તો...’ આસવ થોથવાયો. સુરાહીના મનમાં શંકા ઊગી. એ બોલી ઊઠી : ‘કોઈ છોકરીનો ફોન તો નહોતો ને.. હં, એમ જ હશે. એટલે જ મારો અવાજ સાંભળીને ફોન મૂંગો થઇ જાય છે. ને તારો અવાજ સાંભળીને ફોન બોલકો બની જાય છે. બોલ, એવું જ છે ને? તું મારી સાથે વિશ્વાસઘાત ને છેતરપિંડી કરી રહ્યો છે!’

‘તું મારી વાત તો સાંભળ...’ સુરાહીની આંખમાં આવેલા ઝળઝળિયાં જોઇને આસવ ઢીલો પડ્યો : ‘સુરુ, તું જાણે જ છે કે હું તને ને માત્ર તને જ ચાહું છું. ભલે આપણા લવમેરેજ નથી થયા, પણ છેલ્લા બે વર્ષમાં તને ક્યારેય લાગ્યું છે કે હું તને છેતરી રહ્યો છું ? મારો પહેલો ને છેલ્લો પ્રેમ તું જ છે. તારા સોગંદ, બસ..’

‘તો આ ફોન કોના આવે છે ?’ સુરાહીની આંખોમાં અવિશ્વાસ ડોકાયો.

‘તું માને કે ન માને, મને ખરેખર ખબર નથી...’ આસવની વાતમાં સચ્ચાઈ જણાતી તો હતી : ‘સાચું કહું છું. હું ફોન ઉઠાવું ત્યારે સામે છેડેથી કોઈ છોકરી હાય ડાર્લિંગ, હેલો ડાર્લિંગ એવું બોલે છે. ક્યારે મળશે ને તારી પત્ની તારી આજુબાજુ છે કે એવું બધું પૂછે છે. હું સાચે જ એને ઓળખતો નથી. ઊલટું, હું તો આવું બધું સાંભળીને ગભરાઈ જાઉં છું ને ફોન મૂકી દઉં છું. તારી કસમ. મારી આંખમાં જો. તને માત્ર પ્રેમ દેખાશે. એ પણ ફક્ત તારા માટેનો.’

‘તું સાચું બોલે છે ને ?’ સુરાહીની કીકીઓમાં ભીનાશ ભળી : ‘હું જાણું છું કે તું માત્ર મને જ ચાહે છે. પણ આ નનામા ફોને મને ડરાવી દીધેલી. પણ તેં મારો વહેમ દૂર કરી નાખ્યો.’

‘સુરુ, લોકો તો સાચા પ્રેમીઓને જોઇને જલતા હોય છે...’ આસવે શંકાનું સમાધાન કરતાં કહ્યું : ‘કોઈ વિઘ્નસંતોષીનું જ આ કામ લાગે છે.’

> **કોઈ મારા સુખી સંસારમાં આગ ચાંપવા માંગે છે. પણ મારા જીવનમાં તું એક જ છે. બીજુ કોઈ નથી. મને નથી ખબર આ પત્ર કોને ને શું કામ લખ્યો છે.**

‘હં...’ સુરાહીનો વહેમ દૂર થઇ ગયો ને એ રસોઈ બનાવવા ચાલી ગઈ.

અઠવાડિયું નિર્વિઘ્ને પસાર થઇ ગયું. વચ્ચે એકાદ બે વાર નનામા ફોન આવ્યા, પણ સુરાહીએ ઉપેક્ષા જ કરી. પણ પછીના દિવસે ન થવાનું થયું. આસવના કપડાં વોશિંગ મશીનમાં નાખી રહેલી સુરાહીએ હંમેશ મુજબ શર્ટ અને પેન્ટનાં ખિસ્સાં તપાસ્યાં. આસવ ઘણી વાર રૂપિયાની નોટો ને પરચૂરણ ઉપરાંત મહત્ત્વના કાગળિયાં ખિસ્સામાં મૂકીને ભૂલી જતો. એથી સુરાહી કાયમ એના કપડાં ધોતાં પહેલાં ચકાસી લેતી કે ક્યાંક કંઈ રહી તો નથી ગયું ને !

અત્યારે પણ એણે આસવના કપડાંના ખિસ્સાં તપાસ્યાં તો પેન્ટના પાછલા પોકેટમાંથી સિનેમાની બે ટિકિટ સરી પડી. સુરાહીનું મગજ ચકરાઈ ગયું. એણે જોયું તો આગલા દિવસની બપોરની ‘વફાબેવફા’ ફિલ્મની ત્રણથી છના શોની ટિકિટ હતી. સુરાહી બબડી, કોણ વફા કરી રહ્યું છે ને કોણ બેવફા છે એ તો ખબર પડી ગઈ. આસવ પોતાની આંખમાં ધૂળ નાખી રહ્યો છે. પોતાની શંકા સાચી જ છે, માનીને એ સિનેમાની ટિકિટ લઈને બહાર આવી. આસવ સામે ધરીને બોલી : ‘આ બે ટિકિટ તારા ખિસ્સામાં ક્યાંથી આવી? આપણે તો ગઈ કાલે કોઈ ફિલ્મ જોવા ગયા નહોતા !’

‘આ શું બોલે છે...સિનેમાની ટિકિટ મારા ખિસ્સામાં ક્યાંથી આવે?’ આસવ કશું જાણતો જ ન હોય એવા ભોળાભાવે બોલ્યો : ‘ગઈ કાલે તો મારી અગત્યની મિટિંગ હતી. સિનેમા જોવા હું ક્યાંથી જાઉં. અને જાઉં તો તને લઈને જ જાઉંને ? મને તો લાગે છે કે આપણા પ્રેમને જોઇને બળી મરનારમાંથી જ કોઈએ મારા ખિસ્સામાં બે ટિકિટ સેરવી દીધી હશે. જેથી આપણે ઝગડીએ ને એ તીરે રહીને તમાશો જુએ.’

‘પણ એમ કાંઈ આપણે લડાઈ કરવાના નથી...’ સુરાહી દ્રઢ સ્વરે બોલી : ‘ભલેને જલનારાઓ જલ્યા કરે. મને તારામાં પૂરો વિશ્વાસ છે. તું મારી સાથે દગાબાજી કરે જ નહીં ને.’

પરસ્પરનો વિશ્વાસ જળવાઈ રહ્યો. બધું સમુંસૂતરું ચાલી રહેલું કે અચાનક ફરી વિસ્ફોટ થયો. સુરાહીએ આસવના શર્ટના ખિસ્સામાંથી રૂમાલ કાઢ્યો. તો એના પર લિપસ્ટિકની ઝાંખી છાપ હતી. સુરાહીએ કાગારોળ મચાવી દીધી. આસવની સામે રૂમાલ ધરી દીધો. આસવે ફરી એ જ ડાયલોગ ફટકાર્યો : ‘તું મારી વાત માન...જરૂર આ કોઈ હિતશત્રુનું કામ છે. બાકી હું તો તને જ પ્રેમ કરું છું. મારા પ્રેમમાં ક્યારેય કોઈ ખોટ વર્તાઈ તને ?’

આ સવાલ સામે સુરાહી નિરુત્તર બની ગઈ. ખરેખર આસવના પ્રેમમાં કોઈ ખોટ નહોતી. દરિયામાં ભરતી ને ઓટ હોય, પણ આસવના પ્રેમમાં માત્ર ભરતી જ હતી, ઓટનું નામોનિશાન નહોતું. છતાં એણે કહી દીધું : ‘ફરી આવું કાંઈ થશે તો....’

‘નહીં થાય, મારી રૂપની રાણી...’ રિસામણાં ને મનામણાં પછી ફરી સંસારની ગાડી પાટે ચડી. પણ પંદર દિવસ માંડ વીતેલા કે ન ધારેલું બન્યું. આસવની ઓફિસ બેગ મૂકવા અલમારી ખોલી..તો ઉપરના ખાનામાં જ મઘમઘતો પત્ર પડેલો જોયો. કુતૂહલવશ એણે પત્ર હાથમાં લીધો. પત્ર ખોલીને લખાણ વાંચ્યું તો ખબર પડી કે એ પત્ર નહીં, પ્રેમપત્ર હતો. ટાઈપ પ્રેમપત્રમાં લખનારનું નામ નહોતું, પણ એ આસવને જ લખાયેલો એ સમજી શકાય એમ હતું. પત્રમાં વીતેલા દિવસોની ઘટના અંગે લખેલું કે, ‘પ્રિય, તું સુરાહીને સારી રીતે બેવકૂફ બનાવી જાણે છે. તેં મને ઘરના નંબર પર ફોન કરવાની ના પાડેલી, પણ શું કરું ? તારો સેલફોન લાગતો જ નહોતો. પણ મારા નનામા ફોન અંગે તેં જે કહ્યું એ પણ એ માની ગઈ. તારી પત્ની મહામૂર્ખ લાગે છે. છતી આંખે આંધળી. વળી સિનેમાની ટિકિટ અંગે પણ તેં એને સમજાવી દીધી. આપણે સિનેમામાં મજા કરી ને એ બુદ્ધિ વગરની બધું સાચું માની બેઠી. તારા ભેજાને પણ દાદ દેવી પડે. અને હા, તેં મને પત્ર લખવાની ના પાડેલી, પણ પત્ર લખતાં હું મારી જાતને રોકી ન શકી. અક્કલને તાળાં મારીને બેઠેલી તારી સુરાહીને આ પત્ર વિશે ક્યાંથી ખબર પડવાની છે ? જલ્દી જ ફરી મળીએ જ છીએ. એ જ તારી પ્રિય.’

આ પત્ર વાંચીને સુરાહી ઊભી ને ઊભી સળગી ઊઠી. પગ પછાડતી ને ગુસ્સામાં તમતમતી એ સીધી આસવ સામે ધસી ગઈ. ને પત્ર એની સામે ફેંક્યો. બરાડી ઊઠી : ‘એમ...તો હું મહામૂર્ખ છું. તારા બધાં બહાના સાચા માની લઉં છું. તારે કોઈની સાથે ચક્કર ચાલી રહ્યું છે, એમ ને. હું જ બેવકૂફ કે આટલી સામાન્ય વાત સમજી ન શકી. હવે હું ઘર અને તને છોડીને જાઉં છું. હંમેશ માટે. તું ને તારી પ્રિયતમા રહેજો સુખેથી.’

‘અરે, એવું કાંઈ નથી. ખરેખર આ બધું ખોટું છે. કોઈ મારા સુખી સંસારમાં આગ ચાંપવા માંગે છે. પણ મારા જીવનમાં તું એક જ છે. બીજુ કોઈ નથી. મને નથી ખબર આ પત્ર કોને ને શું કામ લખ્યો છે. તું કહે એના સોગંદ ખાઉં...’ આસવ રડી પડ્યો.

‘હું આ બધું સાચું ન માનું તો શું કરું એ તું જ કહે...’ સુરાહી બોલી : ‘નનામા ફોન, સિનેમાની ટિકિટ, લિપસ્ટિકની છાપ ને હવે આ પ્રેમપત્ર....જો એ ફોન મારા માટે હોત, સિનેમાની ટિકિટ મારા પર્સમાંથી નીકળી હોત કે આ પ્રેમપત્ર મારી અલમારીમાંથી મળ્યો હોત તો તું શું મારા પર શંકા ન કરત ?’

‘ના ન કરત...’ આસવ બોલ્યો : ‘હું સમજી ગયો છું કે વિઘ્નસંતોષીઓ કોઈનું ઘર ભાંગવા કોઈ પણ હદે જઈ શકે છે. મારા પર દાવ ન ચાલ્યો, તો હવે એ તારા પર ચાલ ચાલશે. પણ તેં મારી વાતમાં ભરોસો મૂક્યો, એમ હું પણ તારી બાબતે વિશ્વાસ રાખીશ. હું કોઈની વાતમાં નહીં આવું.’

‘ખરેખર...કોઈ હિતશત્રુ તને મારે વિશે એલફેલ કહેશે તો પણ તું નહીં માને ને ?’ સુરાહીની પાંપણ છલકાઈ.

‘ના, ના.. હજાર વાર ના.’ આસવના શબ્દો લોઢા પર લીટી સમાન હતા. પોતાનો સંસાર સળગાવવા નીકળેલાઓને ફાવવા નહીં દેવાનો સંકલ્પ કરીને આસવ ઓફિસે ચાલ્યો ગયો. ને સુરાહીએ શ્યામને ફોન જોડીને ખુશખબર આપ્યા : ‘શ્યામ, આબાદ છટકું ગોઠવ્યું તેં તો. આપણા છટકામાં આસવ સહેલાઈથી ફસાઈ ગયો. તેં કહેલું એમ મેં જ મારા સેલફોનથી લેન્ડલાઈન પર આસવને નનામા ફોન કરેલા. રસોડામાંથી હું ફોન કરું ને પછી ઘરનો ફોન ઉઠાવીને હેલો, હેલો કરીને મૂકી દેતી. આસવ ફોન ઉઠાવે ત્યારે મોબાઈલ પર કપડું વીંટીને ડાર્લિંગ ડાર્લિંગ કરતી. એ બાઘો તો ડરી જ ગયો. પછી આપણે જે ફિલ્મ જોવા ગયેલાં એની ટિકિટ આસવના ખિસ્સામાં મૂકીને રડારોળ કરી મૂકી. પછી લિપસ્ટિકની ઝાંખી છાપ એના રૂમાલ પર ઉપસાવીને કાગારોળ કરી મૂકી. ને અંતે પ્રેમપત્ર એની અલમારીમાં મૂકી દીધો. આસવ તો કહેતો રહ્યો કે કોઈ વિઘ્નસંતોષીનું આ કામ છે. એણે કહ્યું કે હું એનો વિશ્વાસ કરું ને એ પણ કાયમ મારો ભરોસો કરશે. બસ..આપણું કામ થઇ ગયું. હવે તો કોઈ એને આપણા વિશે કાંઈ પણ કહેશે તો એ નહીં માને.. અરે, એ ભોપો પોતે આપણને સાથે જોઈ લેશે તોય એ નહીં માને...હવે તો તું મારો કાનુડો ને હું તારી રાધા.. આપણી રાસલીલા આમ જ ચાલતી રહેશે!’ ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

# ઉરુગ્વેનું ય્વુતુ (YVUTU) આવાસ - ભૂમિતિ પ્રત્યેની શ્રદ્ધા

**સ્થાપત્યમાં** ભૂમિતિ પ્રત્યેનો લગાવ શરૂઆતથી છે. તેનો ઉપયોગ માત્ર દૃશ્ય અનુભૂતિ માટે નથી થતો, પરંતુ તેની પાછળ ક્યાંક ભાવાત્મક સંબંધ પણ હોય છે. ભૂમિતિના ઉપયોગથી સ્પષ્ટતા વ્યક્ત થાય, જે તે આકાર સાથે સંકળાયેલું મૂળભૂત સૌંદર્ય આપમેળે સ્થાપિત થાય, ભાવાત્મક સ્વીકૃતિ સરળતાથી મળી રહે અને ક્યાંક પ્રતિકાત્મક રજૂઆત થઈ શકે. તે ઉપરાંત ભૌમિતિક આકારના ઉપયોગથી માળખાકીય રચનાના નિર્ધારણમાં જટિલતા ન રહે અને ઉપયોગીતાના વર્ગીકરણ માટે પણ કેટલાંક ભૂમિતિમાં રહેલા અંતર્ગત સૂચનો મળી રહે. વળી ભૌમિતિક આકારોની પરસ્પર ગોઠવણ પણ પ્રમાણમાં સરળ રહે. આદિકાળથી સ્થાપત્યમાં ભૂમિતિનો સર્જનાત્મક તેમજ સકારાત્મક ઉપયોગ થતો રહ્યો છે.

સ્થાપત્યમાં જ્યારે ભૌમિતિક આકાર પ્રયોજાય ત્યારે તેની પાછળ ચોક્કસ પ્રકારનો આશય રહેલો હોય. આ નિર્ણય અકસ્માતે ન લેવાય, તેની પાછળ ગંભીર ચિંતન જરૂરી બને. ચોરસ અને ત્રિકોણ જેવાં આકારો એક મજબૂત છાપ છોડે તો વર્તુળ કંઈક અંશે નરમાશ સ્થાપિત કરે. ચોરસમાં ચારે દિશાની સમાનતા તથા તટસ્થતા સ્થાપિત થાય તો લંબચોરસ થકી એક દિશાને પ્રાધાન્ય મળે. ત્રિકોણ કંઈક અંશે ‘અ-મિત્ર’ સમાન જણાય, જેનાં ખૂણા ‘હેન્ડલ’ કરવા સ્થપતિ માટે પડકાર જનક બની પણ શકે. ગોળ આકાર કોઈપણ દિશાને પ્રાધાન્ય ન આપે, પણ તેની સામે એક બિંદુને, એક કેન્દ્રને બહુ દૃઢતાથી સ્થાપિત કરે. ચોરસ કે લંબચોરસની સરખામણીમાં ગોળ આકારમાં રાચરચીલાની ગોઠવણી પણ મુશ્કેલ બને. ચોરસ સ્થિરતા, તટસ્થતા, દૃઢતા, સ્પષ્ટતા અને સંતુલનનું પ્રતીક છે. ત્રિકોણ શક્તિ તેમજ મજબૂતાઈ દર્શાવે. સાથે સાથે તે પોતાનાં અસ્તિત્વને પ્રબળતાથી વ્યક્ત કરે. જ્યારે વર્તુળ અનંતતા સમાન સૃષ્ટિનું પ્રતિનિધિત્વ કરે. વર્તુળ સૌમ્ય જણાય છતાં પણ તેમાં સૈદ્ધાંતિક પ્રખરતા રહેલી હોય. આધુનિક સ્થાપત્યમાં પરવલય અને અતિ-પરવલય પણ પ્રયોજાય છે. સામાન્ય રીતે જોવાં મળે મળે છે તેમ સ્થાપત્યમાં ચોરસ અને લંબચોરસનો ઉપયોગ સૌથી વધુ થયો છે.









સ્થપતિ ઓગસ્ટિન ફિઓરિટો અને ડારિયો કોલાચે દ્વારા વર્ષ ૨૦૧૭માં પૂર્ણ થયેલ ઉરુગ્વેનું ય્વુતુ આવાસ સ્થપતિની ભૂમિતિ પ્રત્યેની શ્રદ્ધા માટેનું સરસ આધુનિક ઉદાહરણ છે. ૭૨ ચોરસ મીટર વિસ્તારનું આ આવાસ એક લંબચોરસ, એક ચોરસ અને એક ત્રિકોણ ગોઠવીને બનાવાયું છે. ચોરસ અને લંબચોરસ એકબીજાનાં ખૂણામાં અંદર પ્રવેશી એક પ્રકારનું સ્થાન નિર્ધારિત કરે છે. ત્રિકોણાકાર અલાયદો અને સ્પષ્ટ છે જેની ઉપયોગીતા સાવ ભિન્ન છે. લંબચોરસમાં શયનખંડ તેમજ સર્વિસીસ ગોઠવવામાં આવી છે. ચોરસ સ્થાન રસોડું અને ભોજન કક્ષ જેવી સામાન્ય ઉપયોગીતા માટે છે, જ્યારે ત્રિકોણ બહુ ઉપયોગી અર્ધખુલ્લું કહી શકાય તેવું સ્થાન છે. ત્રિકોણનો આ રીતે ઉપયોગ થયો હોવાથી તેની ઉપયોગીતામાં અડચણ ઊભી થવાની સંભાવના નથી. આવાસનો પ્રવેશ સીધો ચોરસમાં છે અને અહીંથી જ ત્રિકોણાકાર રવેશમાં જવાં માટે બારણું છે. બાહ્ય ભાગમાં બનાવાયેલું આ મોટું ત્રિકોણાકાર સ્થાન અનેક સંભાવનાઓ લાવે છે. તેનું એકધારાપણું તથા તેની ‘રીજીડીટી’ અસ્વીકૃત ન બને તે માટે વચમાં એક ચોરસ ‘કટ-આઉટ’ છિદ્ર રખાયું છે. આ રવેશ તથા બારી-બારણાં આજુબાજુની પરિસ્થિતિને હકારાત્મક પ્રતિભાવ આપે છે. એકંદરે એમ કહી શકાય કે આ આવાસમાં દરેક ભૌમિતિક આકાર વ્યવસ્થિત રીતે એકબીજા સાથે ગોઠવાયા છે અને તેમને સોંપવામાં આવેલું નિર્ધારિત કામ કરવા તે સક્ષમ બની રહે એ રીતે તેમનું વિગતિકરણ કરાયું છે.

આ આવાસ પોતાનાં નિયમોને જ માન્ય રાખે છે અને આ નિયમોને આધારે જ તેનું નિર્ધારણ થયું છે. ભૂમિતિના ઉપયોગમાં જે સ્પષ્ટતા છે તે જ આ આવાસના નિર્ધારણની મુખ્ય ભૂમિકા છે. ભૂમિતિ સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ અહીં કરવામાં નથી આવી. હા, એક સ્થાને બે ભૌમિતિક આકારો પરસ્પર ભેગાં થાય છે, પરંતુ તેના ભૌમિતિક ગુણધર્મો સાથે કોઈપણ છૂટછાટ નથી લેવાઇ. વળી ભૂમિતિ પોતાનું કામ સ્પષ્ટતાથી કરે પણ છે. કોઈ સંવેદનશીલ વ્યક્તિને જો આ ત્રણ આકારો જ દર્શાવવામાં આવે તો પણ તેને ખબર પડી જાય કે કયા આકારની કેવા પ્રકારની ઉપયોગીતા હશે અને તેનું સ્થાન કયું હશે. સ્થાપત્યની આ સિદ્ધિ કહેવાય.

સ્થાપત્યમાં ભૌમિતિક આકારનાં ઉપયોગના પ્રશ્નો પણ હોય છે. પ્રત્યેક આકાર દૃઢતાથી પોતાની વાત સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે અને તેની સાથે થોડી પણ જો રમત રમાય તો ત્યાં જે તે ભૂમિતિનો વિરોધ સ્પષ્ટ વર્તાય. અહીં ક્યારેક સ્થાનની ઉપયોગિતા સાથે પણ સમજૂતી કરવી પડે. દરેક આકારની માળખાકીય મજબૂતાઈ તેમજ જરૂરિયાત પણ ભિન્ન ભિન્ન હોય, જે પરિસ્થિતિ પ્રમાણે મેળ ન પણ ખાય. ભૌમિતિક આકારમાં જ્યારે તીવ્ર ખૂણા હોય ત્યારે તેની અનુભૂતિ ખટકી શકે અને તે સ્થાનની ઉપયોગીતા પણ મુશ્કેલ બને - ક્યારેક અશક્ય પણ બને. ભૌમિતિક આકાર મકાનની આજુબાજુની હયાત પરિસ્થિતિ સાથે સકારાત્મક સંવાદ ન સ્થાપી શકે, તે તો બસ પોતાની વાત પોતાની રીતે જ કહેવાનો આગ્રહ રાખે. તે ઉપરાંત ભૌમિતિક આકારો સાથે જો સાંસ્કૃતિક સંદર્ભ સંકળાયેલા હોય તો તે આકારોની અનુભૂતિ જુદા જ સ્તરની પણ હોઈ શકે.

સ્થાપત્ય માટે ભૂમિતિનો ઉપયોગ એક અગત્યનો નિર્ણય બની રહે. પરંતુ આ નિર્ણય ‘છેડા’ સુધી લઈ જવાં માટે ચોક્કસ પ્રકારની સંવેદનશીલતા, સમજ તેમ જ સર્જનાત્મકતાની આવશ્યકતા હોય. આ આવાસની ઉપયોગિતામાં રહેલી સરળતાને કારણે અહીં આ શક્ય બન્યું છે. ■




# રોનાલ્ડો ક્રોએશિયા સામે પેનલ્ટી કિક મારતાં પહેલાં 'બિસમિલ્લાહ' બોલ્યો હતો?

### સાડાત્રણ વર્ષથી સઉદી અરેબિયાની અલ નાસર ટીમ વતી રમે છે

ટૉરન્ટોઃ લિયોનેલ મેસીની જેમ સૌથી વધુ છ વર્લ્ડ કપ રમનાર પોર્ટુગલના સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ગુરુવારે પોતાના ફિફા વર્લ્ડ કપ ઇતિહાસમાં પહેલી વખત નૉકઆઉટ મૅચમાં ગોલ કર્યો, પણ એ ગોલ હમણાં કંઈક અલગ રીતે ચર્ચાસ્પદ થયો છે. રોનાલ્ડોએ ક્રોએશિયા સામેની મૅચમાં આ ગોલ પેનલ્ટી કિકની મદદથી કર્યો હતો.

વાત એવી છે કે એક એવો વીડિયો વાઇરલ થયો છે જેમાં રોનાલ્ડો કિક મારતાં પહેલાં કંઈક બોલતો બતાવવામાં આવ્યો છે. કેટલાક સૉકરપ્રેમીઓનો દાવો છે કે રોનાલ્ડો સ્પૉટ-કિક લેતાં પહેલાં 'બિસમિલ્લાહ' બોલ્યો હતો. રોનાલ્ડો સાડાત્રણ વર્ષથી સઉદી અરેબિયાની અલ નાસર ટીમ વતી રમે છે અને ત્યાંના કેટલાક ખેલાડીઓ આ રીતે આસ્થા સાથે મનોબળ મજબૂત કરવા માટે બોલતા હોય છે એટલે તે પણ આવું બોલ્યો એવું તેના કેટલાક ચાહકોનું માનવું છે. જોકે તે ખરેખર શું બોલ્યો એ બાબતમાં કંઈ જ પુષ્ટિ નથી મળી એટલે આ ચર્ચા હજી થોડો સમય ચાલુ રહેશે.

પોર્ટુગલે ક્રોએશિયાને હરાવીને પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. રોનાલ્ડોના આ પેનલ્ટી કિકવાળા ૬૮મી મિનિટવાળા ગોલ ઉપરાંત રામૉસના ૯૪મી મિનિટવાળા ગોલની મદદથી પોર્ટુગલે ૨-૧થી જીત મેળવી હતી.

ઇન્ટરનેટ પર રોનાલ્ડો વિશે વાઇરલ થયેલી આ વીડિયો ક્લિપ વિશે કહેવાનું કે એની સાથે કોઈ જ પ્રકારની ધાર્મિક માન્યતા કે લાગણી સંકળાયેલી નથી. રોનાલ્ડો કોઈ ધાર્મિક શબ્દ બોલ્યો હોવાના દાવાને સમર્થન નથી મળ્યું. સોશિયલ મીડિયામાં અને નિષ્ણાતોમાં સામાન્ય માન્યતા એવી છે કે જેમ ઘણા ખેલાડીઓ અને ઍથ્લીટો પોતાનું કોઈ પણ પ્રકારનું અભિયાન કે ઍક્શન શરૂ કરતાં પહેલાં પોતાને ઉત્સાહ અને વિશ્વાસ અપાવતા તેમ જ મનોબળ મજબૂત કરાવતા શબ્દો ગણગણે એ જ રીતે ૪૧ વર્ષીય રોનાલ્ડોએ ઊંડો શ્વાસ લીધો હતો અને કિક મારતાં પહેલાં મૉટિવેશનલ શબ્દો ઉચ્ચાર્યા હતા. ■

# રોનાલ્ડોનો છઠ્ઠો વર્લ્ડ કપ, પણ નૉકઆઉટમાં પહેલી વખત ગોલ કર્યો

### પોર્ટુગલ પ્રી-ક્વૉર્ટર ફાઈનલમાં સ્પેન સામે રમશે

ટૉરન્ટોઃ ફિફા વર્લ્ડ કપમાં ગઈ કાલે સવારે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને ગૉન્સાલો રામોસના એક-એક ગોલની મદદથી પોર્ટુગલે ક્રોએશિયાને ૨-૧થી હરાવીને પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ક્રોએશિયાના ખેલાડી વાસીજના એક ફાઉલને કારણે પોર્ટુગલને પેનલ્ટી કિક મળી હતી અને રોનાલ્ડોએ એમાં આસાનીથી બૉલને નેટમાં મોકલી દીધો હતો.

લિયોનેલ મેસીની જેમાં રોનાલ્ડો સૌથી વધુ છ વર્લ્ડ કપમાં રમ્યો છે, પરંતુ ૯૬ વર્ષ જૂની આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં પહેલી જ વખત તેણે નૉકઆઉટ રાઉન્ડમાં ગોલ કર્યો છે. અગાઉ તેના તમામ ગોલ પાંચ વર્લ્ડ કપના લીગ રાઉન્ડની મૅચોમાં હતા.

રોનાલ્ડોએ ૬૮મી મિનિટમાં પેનલ્ટી કિકથી અને રામોસે ૯૪મી મિનિટમાં ગોલ કર્યો હતો. એ પહેલાં, ઇવાન પેરિસિચે ૫૩મી મિનિટના ગોલથી ક્રોએશિયાને ૧-૦થી સરસાઈ અપાવી હતી, પરંતુ પછીથી પોર્ટુગલે જબરદસ્ત કમબૅકમાં સંપૂર્ણ વર્ચસ્વ જમાવીને ૨-૧થી વિજય મેળવ્યો હતો. ફર્સ્ટ હાફમાં પણ પોર્ટુગલના ખેલાડીઓએ પ્રભુત્વ જમાવ્યું હતું, પણ તેમને એકેય ગોલ નહોતો કરવા મળ્યો. ક્રોએશિયાએ ૧૦૩મી મિનિટમાં ગોલ કર્યો હતો. જોકે ઓફસાઇડને કારણે એ ગોલ રદ કરવામાં આવ્યો હતો.

પોર્ટુગલે આ સંઘર્ષપૂર્ણ અને રોમાંચક મુકાબલામાં વિજય મેળવ્યો એ પછી હવે પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં એનો મુકાબલો કટ્ટર હરીફ અને ભૂતપૂર્વ ચૅમ્પિયન સ્પેન સામે થશે.

**સ્પેનનો ૩-૦થી વિજય**

ગુરુવારે રાત્રે સ્પેને ઑસ્ટ્રીયાને ૩-૦થી માત આપીને પ્રી-ક્વૉર્ટરમાં પ્રવેશ કર્યો હતો. સ્પેન વતી મિકેલ ઓયારઝાબલે ૩૬મી મિનિટમાં ગોલ કરીને સ્પેનને ૧-૦થી સરસાઈ અપાવી હતી. પોરોએ ૬૬મી મિનિટમાં અને મિકેલે ફરી ૮૯મી મિનિટમાં ગોલ કર્યો હતો.

**સ્વિટ્ઝરલૅન્ડ પ્રી-ક્વૉર્ટરમાં**

અન્ય એક નૉકઆઉટ મૅચમાં સ્વિટ્ઝરલૅન્ડે અલ્જીરિયાને ૨-૧થી હરાવીને પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો જેમાં કોલમ્બિયા અથવા ઘાના સામે રમશે. ■

**આજે વર્લ્ડ કપમાં કઈ મૅચ?**

આર્જેન્ટિના વિ. કેપ વર્ડે
(૩૨ ટીમનો નૉકઆઉટ રાઉન્ડ)
મળસ્કે ૩.૩૦

કોલમ્બિયા વિ. ઘાના
(૩૨ ટીમનો નૉકઆઉટ રાઉન્ડ)
સવારે ૭.૦૦

કૅનેડા વિ. મોરોક્કો
(૧૬ ટીમની પ્રી-ક્વૉર્ટર ફાઇનલ)
રાત્રે ૧૦.૩૦

ફ્રાન્સ વિ. પૅરાગ્વે
(૧૬ ટીમની પ્રી-ક્વૉર્ટર ફાઇનલ)
મધરાત પછી ૨.૩૦

# ફૂટબૉલની ચિપને લીધે ક્રોએશિયાનો ગોલ રદ થયો, પ્રેક્ષકોએ બાટલીઓ અને કચરો ફેંકીને મેદાન ભરી દીધું!

ટૉરન્ટોઃ પોર્ટુગલે અહીં શુક્રવારે ૨-૧થી જીતીને ૧૬ ટીમવાળા પ્રી-ક્વૉર્ટર ફાઇનલ રાઉન્ડમાં પ્રવેશ કર્યો એટલે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને તેના સાથીઓ માટે તેમ જ અસંખ્ય પ્રેક્ષકો માટે જાણે નવો ઉત્સવ શરૂ થઈ ગયો હતો, પણ આઠ વર્ષ પહેલાં (૨૦૧૮માં) ફિફા વર્લ્ડ કપનું રનર-અપ બનેલું ક્રોએશિયા પરાજિત તો થયું, પણ મૅચની અંતિમ પળોમાં એને નકારવામાં આવેલા એક ગોલને કારણે એના કરોડો ચાહકો આ હતાશા જિંદગીભર નહીં ભૂલે. નવાઈની વાત એ છે કે આ ગોલ નકારવામાં ફૂટબૉલમાં રાખવામાં આવેલી ચિપ નિષ્ણાતોને મદદરૂપ થઈ હતી.

પોર્ટુગલ-ક્રોએશિયા મૅચના પ્રથમ હાફમાં એકેય ગોલ નહોતો થયો. રોમાંચની ચરમસીમા બીજા હાફમાં આવી હતી અને ડ્રામા પણ એમાં જ થયા હતા. ૫૩મી મિનિટમાં ઇવાન પેરિસિચે ક્રોએશિયાને ૧-૦થી સરસાઈ અપાવી ત્યાર પછી ૬૮મી મિનિટમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પેનલ્ટી કિકથી ગોલ કરીને સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો હતો. છ વર્લ્ડ કપ રમી ચૂકેલા રોનાલ્ડોએ આ ટૂર્નામેન્ટની નૉકઆઉટ મૅચમાં ગોલ કર્યો હોય એવું પહેલી જ વખત બન્યું. ગૉન્સાલુ રામૉસે મુખ્ય મૅચની ૯૦મી મિનિટ બાદ ચોથી મિનિટમાં (૯૪મી મિનિટમાં) ગોલ કરીને પોર્ટુગલને વિજયના પથ પર લાવી દીધું હતું.

જોકે પોર્ટુગલ ૨-૧થી આગળ થઈ જવા બદલ મૅચ પૂરી થવાની તૈયારીમાં હતી ત્યારે (૧૦૩મી મિનિટમાં) ક્રોએશિયાના ગોલનો વિવાદ થયો હતો અને છેવટે એને એ ગોલ ન મળતાં પોર્ટુગલે વિજય મેળવ્યો હતો. જોકે ક્રોએશિયાના મારિયો પાસાલિચે આસિસ્ટમાં બૉલ ગોલપોસ્ટ તરફ ધકેલ્યો હતો અને પોર્ટુગલના ડિફેન્ડર્સ તથા ક્રોએશિયાના અટૅકર્સ વચ્ચે થયેલા ઘમાસાણ ઘર્ષણ દરમ્યાન યૉસ્કો ગ્વાર્ડિયૉલે ગોલ કર્યો હોવાનું માનીને ક્રોએશિયાના હજારો પ્રેક્ષકો રોમાંચિત થઈ ગયા હતા. જોકે રિવ્યૂની મદદ લેવામાં આવી હતી. વીડિયો અસિસ્ટન્ટ રેફરી (વીએઆર) દ્વારા વારંવાર રિપ્લે જોવામાં આવી જેમાં તેઓ એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે ક્રોએશિયાના ઇગૉર મૅટનોવિચના વાળને બૉલનો સ્પર્શ થયો ત્યારે પાસાલિચ ઑફસાઇડ પૉઝિશનમાં હતો. ફિફાના નિયમ મુજબ સૌથી પહેલાં પોર્ટુગલની ટીમના કબજામાંથી બૉલ લીધા પછી પાસાલિચ તરફથી બૉલ મૂવ કરવામાં આવ્યો ત્યારે ગોલપોસ્ટ નજીક પોર્ટુગલના ગોલકીપર ઉપરાંત પોર્ટુગલનો એક ખેલાડી ક્રોએશિયાના ખેલાડીઓથી આગળ હોવો જોઈતો હતો અને આ કિસ્સામાં એવું નહોતું એટલે પાસાલિચને ઑફસાઇડ પૉઝિશનમાં જાહેર કરાતાં એ ગોલ રદ કરાયો હતો.

ખુદ મૅટનોવિચે મૅચ પછી કહ્યું કે 'બૉલ જરાક મારા વાળને સ્પર્શીને પસાર થયો હતો. મેં રેફરીને આ વાતની જાણ કરી ત્યારે તેમણે મને કહ્યું કે આ નવી ટેક્નોલૉજીવાળા બૉલમાં એક ચિપ છે જેના પરથી બૉલનો તારા વાળ સાથેનો જરાક સ્પર્શ રેકૉર્ડમાં આવી ગયો.' જોકે ક્રોએશિયા તરફી પ્રેક્ષકોથી ગોલ નકારવામાં આવ્યો એ સહન નહોતું થયું અને એમાંના અનેક જણે બાટલીઓ તેમ જ બીજો કચરો મેદાન પર ફેંક્યો હતો. ખેલાડીઓએ તેમને આ તોફાન રોકવા વિનંતી કરવી પડી હતી. ■

# પોર્ટુગલનો ક્રોએશિયા સામેનો વિજય ડિયોગો જૉટાને અર્પણઃ રોનાલ્ડોએ '૭' નંબર બાદ '૨૧' નંબરની જર્સી પહેરી

ટૉરન્ટો (કૅનેડા)ઃ યુરોપના પોર્ટુગલ દેશની ફૂટબૉલ ટીમ પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ છે અને એના કૅપ્ટન તથા સૉકર સુપરસ્ટાર ૪૧ વર્ષીય ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને આ વખતનો ફિફા વર્લ્ડ કપ જિતાડીને તેના આ સંભવિત અંતિમ વર્લ્ડ કપમાં શાનદાર ફેરવેલ આપવા ટીમ મક્કમ છે, પણ એ પહેલાં તેમણે તેમના ભૂતપૂર્વ ફૂટબોલર સદ્ગત ડિયોગો જૉટાને શુક્રવારે ભારે હૃદયે યાદ કરી લીધો. પોર્ટુગલની ટીમે ક્રોએશિયા સામે ૨-૧થી મેળવેલી જીત જૉટાને અર્પણ કરી હતી. ૨૮ વર્ષના ડિયોગો જૉટાનું બરાબર એક વર્ષ પહેલાં (૨૦૨૫ની ત્રીજી જુલાઈએ) સ્પેનમાં કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. યોગાનુયોગ, પોર્ટુગલની ક્રોએશિયા સામેની મૅચ ત્રીજી જુલાઈએ છે.

ડિયોગો જૉટા પોર્ટુગલનો ખૂબ લોકપ્રિય ફૂટબોલર હતો. તેણે વર્ષોથી રુટ નામની જે ગર્લફ્રેન્ડ સાથે રિલેશનશિપ હતી તેની સાથે લગ્ન કર્યાં એના ૧૧ દિવસ બાદ જૉટાનું અને તેના ભાઈ આન્દ્રે સિલ્વાના કાર ઍક્સિડન્ટમાં મૃત્યુ થયા હતા.

જૉટાનું ૨૧ નંબરનું જર્સી હવે નેવીઝ નામનો ખેલાડી પહેરીને રમે છે. જોકે '૭' નંબરનું જર્સી પહેરીને રમતા રોનાલ્ડોએ શુક્રવારે ક્રોએશિયા સામેના વિજય બાદ '૨૧' નંબરનું જર્સી પહેર્યું હતું અને મિત્રને યાદ કરીને રડ્યો હતો. રોનાલ્ડોએ આ મૅચમાં પેનલ્ટી કિકથી એક ગોલ કર્યો હતો. તે પૂરી મૅચ નહોતો રમ્યો અને તેની ગેરહાજરીમાં પોર્ટુગલની ટીમે છેવટે વિજય મેળવી લીધો હતો. રોનાલ્ડોએ જીત્યા બાદ પોતાની મૅચની જર્સી એક સ્ટૅન્ડ પાસે જઈને ડૉનેટ કરી દીધી હતી.

**મિત્ર મૉડ્રિચ સાથેની હરીફાઈ રોનાલ્ડો જીત્યો**

વર્લ્ડ કપમાં પોર્ટુગલની તરફેણ કરતા અસંખ્ય ફૂટબૉલપ્રેમીઓ ખાસ ત્રીજી જુલાઈની મૅચ જોવા માટે ટૉરન્ટો પહોંચી ગયા હતા. પોર્ટુગલ-ક્રોએશિયા વચ્ચે કુલ ૧૧ મૅચ રમાઈ છે જેમાંથી આઠ પોર્ટુગલે અને એક ક્રોએશિયાએ જીતી છે અને બાકીની બે મૅચ ડ્રૉમાં પરિણમી છે.

રોનાલ્ડો અને ક્રોએશિયાના લુકા મૉડ્રિચ વચ્ચે ચડિયાતા પુરવાર થવાની હરીફાઈ શુક્રવારની મૅચમાં થઈ હતી જેમાં રોનાલ્ડો જીત્યો હતો. રિયલ મૅડ્રિડના આ બન્ને ભૂતપૂર્વ ખેલાડીનો આ લગભગ છેલ્લો વર્લ્ડ કપ છે.

# આજે બીજી ટી-૨૦ઃ વૈભવ વિશે બોલિંગ-કોચનું વિધાન ચાહકોને ખુશ કરે એવું નથી!

મૅન્ચેસ્ટરઃ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની પાંચ મૅચવાળી ટી-૨૦ સિરિઝની પ્રથમ મૅચ (ભારતના ૭/૧૮૯ના સ્કોર બાદ) ધોવાઈ ગયા બાદ હવે શનિવારે (ભારતીય સમય અનુસાર સાંજે ૭.૦૦ વાગ્યાથી) બીજી મૅચ રમાશે જેમાં ભારતની ખાસ કરીને બોલિંગ કરતાં બૅટિંગની વધુ કસોટી થશે, કારણકે આયરલૅન્ડમાં નિષ્ફળ બૅટિંગને લીધે જ ભારતે પહેલી જ વખત આઇરિશો સામે મૅચ અને સિરીઝ હારવી પડી હતી.

દરમ્યાન ટીમ ઇન્ડિયાના બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલે સંકેત આપ્યો છે કે વૈભવ સૂર્યવંશીએ હજી થોડી રાહ જોવી પડશે.

ભારત પહેલી મૅચની જેમ આમાં પણ ત્રણ સ્પિનર (વૈભવ, અક્ષર, બિશ્નોઈ)ને રમાડશે.

સૂર્યકુમાર યાદવ પાસેથી કૅપ્ટન્સી પાછી લઈ લેવા ઉપરાંત તેને હવે ટી-૨૦ ટીમની બહાર પણ કરવામાં આવ્યો છે, પરંતુ આઇપીએલ પહેલાંના ટી-૨૦ વર્લ્ડ કપમાં અણનમ ૯૭ રન, ૮૯ રન અને ૮૯ રન બનાવીને પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર જીતનાર સંજુ સૅમસને છેલ્લી ત્રણ ટી-૨૦માં પાંચ, ૦ અને એક રનના સ્કોર સાથે સૌને નિરાશ કર્યા છે એટલે તેના સ્થાને વૈભવને રમાડવાની ચારેકોરથી ડિમાન્ડ થઈ રહી છે.

જોકે વૈભવને ઇલેવનમાં સમાવવા ઇશાન કિશન અને તિલક વર્મા પર પણ નજર કરવામાં આવી રહી હોવાનું જણાય છે.

**ભારતની સંભવિત ઇલેવનઃ** શ્રેયસ ઐયર (કૅપ્ટન), સંજુ સૅમસન/વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, ઇશાન કિશન (વિકેટકીપર), તિલક વર્મા, શિવમ દુબે, અક્ષર પટેલ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, રવિ બિશ્નોઈ અને વરુણ ચક્રવર્તી.

**ઇંગ્લૅન્ડની પ્લેઇંગ-ઇલેવનઃ** હૅરી બ્રૂક (કૅપ્ટન), જૉસ બટલર (વિકેટકીપર), ફિલ સૉલ્ટ, જેકબ બેથેલ, ટૉમ બૅન્ટન, સૅમ કરૅન, વિલ જૅક્સ, લિઆમ ડૉસન, આદિલ રાશીદ, જોફ્રા આર્ચર અને જૉશ ટન્ગ. ■

# આયરલૅન્ડમાં ભારતની પાંચ વિકેટ લેનાર જય મુંદરાને જૉન્ટીની ટીમે ખરીદી લીધો

ડબ્લિનથી મળતા અહેવાલ મુજબ તાજેતરમાં આયરલૅન્ડમાં ટીમ ઇન્ડિયાની ૦-૨ની વાઇટવૉશની નામોશી માટે કારણરૂપ ફાસ્ટ બોલર જય મુંદરાને સાઉથ આફ્રિકન ક્રિકેટ લેજન્ડ જૉન્ટી રહોડ્સની સહ-માલિકીવાળી ટીમ રૉટરડેમ ડૉકર્સે ખરીદી લીધો છે. મુંદરાએ ઇન્ટરનૅશનલ કારકિર્દીના પહેલા જ બૉલ પર વિકેટ લીધી હતી. સિરીઝમાં તેણે કુલ પાંચ વિકેટ લીધી હતી. તેણે સૅમસનની બે વખત તેમ જ અભિષેક શર્મા, શ્રેયસ ઐયર અને શિવમ દુબેની એક-એક વાર વિકેટ લીધી હતી. તેની આ ખરીદી ઇટીપીએલ પ્લેયર ડ્રાફ્ટ માટેની છે. યુરોપની આ લીગ ટૂર્નામેન્ટના છ ફ્રેન્ચાઇઝી આયરલૅન્ડ, સ્કૉટલૅન્ડ અને નેધરલૅન્ડ્સમાંથી ૧૨-૧૨ ખેલાડી સિલેક્ટ કરશે. જય મુંદરા મૂળ રાજસ્થાનનો છે. જૉન્ટી રહોડસે કહ્યું, 'અમે જય મુંદરા જેવા જ ફાસ્ટ બોલરને અમારી ટીમમાં સમાવવા માગતા હતા. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં જબરદસ્ત એન્ટ્રી કરી છે. ■

# વૈભવ વિશે હદ બહાર મોટી-મોટી વાતો કરતા રહેશો તો તે પ્રેશરમાં આવી જશેઃ કપિલ દેવ

### 'આટલી નાની ઉંમરમાં તેના પર અપેક્ષાનો બોજ ન નાખવો જોઈએ'

નવી દિલ્હીઃ ભારતના મહાન ક્રિકેટર કપિલ દેવે ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીને સચિન તેન્ડુલકર અને વિરાટ કોહલી જેટલો ટૅલન્ટેડ કહ્યો છે, પરંતુ તેમણે એવું પણ કહ્યું છે કે આ નવયુવાન બૅટ્સમૅનને હદ બહાર હાઇપ ન મળવી જોઈએ (તેના વિશે વધુ પડતી મોટી-મોટી વાતો ન થવી જોઈએ), નહીં તો તે માનસિક દબાણમાં આવી જશે.

૧૯૮૩ વર્લ્ડ કપના ચૅમ્પિયન કૅપ્ટને વૈભવ વિશે મોટું નિવેદન આપ્યું છે. તેમણે વૈભવની ભરપૂર પ્રશંસા કરી છે, પણ તેને લઈને જે માહોલ બન્યો છે એ વિશે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે વૈભવ અસાધારણ પ્રતિભાવાળો ખેલાડી છે. જોકે આટલી નાની ઉંમરમાં તેના પર અપેક્ષાનો બોજ ન નાખવો જોઈએ.

એક મુલાકાતમાં કપિલ દેવને 'વૈભવને તમે કયા દૃષ્ટિકોણથી જુઓ છો?' એવું પૂછવામાં આવતાં તેમણે કહ્યું, 'તેનામાં ભરપૂર ટૅલન્ટ ભરી છે. એમાં કોઈ શંકા નથી. મને લાગે છે કે તેના વિશે વધુ પડતી મોટી-મોટી વાતો ન થવી જોઈએ. તેને હજી થોડો સમય તો આપો. તેના પર અપેક્ષાનો બોજ આવી જશે તો ખુદ તે માનસિક દબાણમાં આવી જશે.'

કપિલે કહ્યું, 'વૈભવ મારી દૃષ્ટિએ સચિન અને વિરાટ જેટલો ટૅલન્ટેડ કહીએ તો પણ માત્ર ટૅલન્ટ પૂરતી નથી હોતી, લાંબા સમય સુધી સતત સારું પર્ફોર્મ કરવામાં આવે તો જ એ ખેલાડી મહાન બની શકે. સચિનને તેની યુવા વયે વૈભવ જેટલો હાઇપ નહોતો મળ્યો (મોટી મોટી વાતોની ચર્ચા નહોતી થઈ). વૈભવે ટી-૨૦માં પોતાની ક્ષમતા સાબિત કરી દીધી, પણ ટેસ્ટ ક્રિકેટમાં પણ તે આવી જ સાતત્યતા બતાવશે એ જોવું રહ્યું. ■

# વૈભવ સૂર્યવંશીના ડેબ્યૂનું કાઉન્ટડાઉનઃ સૅમસન-તિલક પર સૌથી વધુ દબાણ...કોણ થશે આઉટ?

મૅન્ચેસ્ટરઃ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની પાંચ મૅચની ટી-૨૦ સિરીઝમાં બુધવારની પ્રથમ મૅચ ભારતના પ્રથમ દાવના ૭/૧૮૯ના સ્કોર બાદ વરસાદને લીધે નહોતી રમાઈ અને અનિર્ણિત જાહેર થઈ હતી એટલે હવે શનિવાર, ચોથી જુલાઈએ (ભારતીય સમય મુજબ સાંજે ૭.૦૦ વાગ્યાથી) મૅન્ચેસ્ટરમાં રમાનારી બીજી મૅચથી સિરીઝનો ખરો આરંભ થયો કહેવાશે અને એમાં ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીને રમવા મળશે કે કેમ એ સવાલ ફરી એક વખત સૌથી વધુ ચર્ચામાં છે.

સિલેક્ટરોએ તો ઇંગ્લૅન્ડના ટી-૨૦ પ્રવાસ માટે ૧૬ ખેલાડીઓની ટીમ આપી દીધી છે, પણ વૈભવને રમાડવો કે નહીં એનો મહત્ત્વનો નિર્ણય કૅપ્ટન શ્રેયસ ઐયર, હેડ-કોચ ગૌતમ ગંભીર અને ટીમના જ સિનિયર ખેલાડીઓથી બનેલા ટીમ મૅનેજમેન્ટે લેવાનો રહેશે. આયરલૅન્ડમાં આ જ ટીમ મૅનેજમેન્ટે વૈભવને ન રમાડીને ભૂલ કરી હતી અને એનું પરિણામ ૦-૨ના વાઇટવૉશથી ભોગવવું પડ્યું હતું, પરંતુ હવે ઇંગ્લૅન્ડમાં એવું ન થાય એની ખાસ તકેદારી રાખવામાં આવશે.

વૈભવને પ્લેઇંગ-ઇલેવનમાં સમાવવા ટીમમાંથી એક ખેલાડીની બાદબાકી કરવી જ પડશે અને એમાં સંજુ સૅમસનનું નામ સૌથી પહેલાં લેવાઈ રહ્યું છે. આઇપીએલની છેલ્લી અમુક મૅચોથી માંડીને બુધવારની ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટી-૨૦ સુધીના સાત ટી-૨૦ ઇનિંગ્સના આંકડા જોઈએ તો સૅમસનના સ્કોર આ મુજબ રહ્યા છેઃ ૨૮, ૨૦, ૨૭, ૦, ૫, ૦ અને ૧.

ટીમ મૅનેજમેન્ટ વૈભવને આંતરરાષ્ટ્રીય મેદાન પર ઉતારવાની ઉતાવળ નથી કરવા માગતું અને આઇપીએલ-૨૦૨૬ પહેલાં ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રૉફી અપાવનાર બૅટ્સમેનો પર ભરોસો જાળવી રાખવા માગે છે, પણ તેને ઇલેવનમાં સમાવવો જ હોય તો સૅમસન ઉપરાંત તિલક વર્માની પણ બાદબાકીની વાતો સંભળાય છે. અભિષેક શર્મા આયરલૅન્ડમાં એક ઝીરોને બાદ કરતા છેલ્લી ત્રણમાંથી બે ટી-૨૦માં તેણે ૪૯ રન અને ૫૯ રન બનાવ્યા હોવાથી તેનું સ્થાન હાલ જોખમમાં નથી લાગતું.

ઇંગ્લૅન્ડની સીમ અને સ્વિંગવાળી બોલિંગવાળી પરિસ્થિતિઓએ હંમેશાં સૅમસનની પરીક્ષા લીધી છે. જો શનિવારે મૅન્ચેસ્ટરમાં પણ તે સસ્તામાં આઉટ થઈ જશે તો ટીમ મૅનેજમેન્ટનું આવી જ બનશે. તિલક વર્માનો કિસ્સો થોડો અલગ છે. તેણે ટીમમાં સતતપણે સ્થાન જાળવ્યું છે, પણ તેની પાસે જે પ્રકારની આક્રમક બૅટિંગની અપેક્ષા રાખવામાં આવી હતી એવું તે નથી રમી શક્યો. ■

# ભારતે ટી-૨૦માં પોતાની રણનીતિ પર ફરી વિચાર કરવાની જરૂરઃ મુઝુમદાર

### દક્ષિણ આફ્રિકા-ઓસ્ટ્રેલિયા સામેની હારથી ભારતની આશા પર પાણી ફરી વળ્યું

લંડન : મહિલા ટી૨૦ વર્લ્ડ કપમાંથી ભારતીય ટીમ ગ્રુપ સ્ટેજમાંથી બહાર થતા ટીમના મુખ્ય કોચ અમોલ મુઝુમદારે સ્વીકાર્યું કે ટીમે બોલિંગ, બેટિંગ અને ફિલ્ડિંગમાં ખરાબ પ્રદર્શન કર્યું છે અને ટી-૨૦માં તેની વ્યૂહરચના પર ફરીથી વિચાર કરવાની જરૂર છે.

ભારતને સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે રવિવારે ઓસ્ટ્રેલિયા સામે જીતની જરૂર હતી, પરંતુ ૧૭૦ રનનો બચાવ કરવામાં નિષ્ફળ ગયું અને સતત બીજી વખત લીગ સ્ટેજથી આગળ વધવામાં નિષ્ફળ ગયું હતું. મુઝુમદારે મેચ પછી પત્રકારોને જણાવ્યું હતું કે, ''આપણે આપણી વ્યૂહરચના અથવા આપણી ટી૨૦ની રમત પર ફરીથી વિચાર કરવાની જરૂર છે. આપણે ખરેખર નક્કી કરવાની જરૂર છે કે આપણે કયા કોમ્બિનેશન સાથે રમવા જઈ રહ્યા છીએ.''

ભારતે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેધરલેન્ડ્સ સામે સરળ જીત નોંધાવી, પરંતુ દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સામેની હારથી તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું હતું.

મુઝુમદારે કહ્યું હતું કે, ''જો મારે આખી ટુર્નામેન્ટ દરમિયાન કેટલીક મુખ્ય બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું હોય તો મને લાગે છે કે આપણે બોલિંગ અને ફિલ્ડિંગ પર ખાસ ધ્યાન આપવાની જરૂર હતી. આપણે આપણી બેટિંગમાં પણ થોડા વધુ આક્રમક બનવાની જરૂર છે. જોકે, ભારતીય કોચે કહ્યું કે તેમની ટીમે પડકારજનક સ્કોર બનાવ્યો હતો, પરંતુ ઓસ્ટ્રેલિયાએ વધુ સારું પ્રદર્શન કર્યું. ■

# આગેકૂચના ત્રીજા દિવસે સેન્સેક્સમાં ૨૬૨ પોઈન્ટનો સુધારો, નિફ્ટીએ ૨૪,૨૫૦ની સપાટી વટાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના જોબ અને પેરોલ ડેટા અપેક્ષા કરતા નરમ હોવાને કારણે ફેડરલ રિઝર્વ દ્વારા નજીકના ગાળાના નાણાકીય કડક વલણ કે ઊંચા વ્યાજરની અપેક્ષાઓ ઓછી થઈ જવાને કારણે જળવાયેલા સેન્ટિમેન્ટમાં આઇટી શેરોમાં લેવાલી વધતા બેન્ચમાર્ક ઇક્વિટી ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીએ શુક્રવારે સતત ત્રીજા દિવસે આગેકૂચ જારી રાખી હતી. ક્રૂડ ઓઇલના ભાવના ઘટાડને કારણે પણ બજારના માનસને ટેકો મળી રહ્યો છે.



સેન્સેક્સ દિવસ દરમિયાન, ૬૫૫.૪૦ પોઈન્ટ અથવા ૦.૮૪ ટકા વધીને ૭૮,૧૫૭.૫૨ સુધી પહોંચ્યા બાદ અંતે ૨૬૧.૭૯ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા વધીને ૭૭,૭૬૩.૯૧ પર સ્થિર થયો હતો. જ્યારે એનએસઈ નિફ્ટી ૯૫.૧૫ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૨૪,૨૭૦.૮૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

એચસીએલ ટેક, બજાજ ફિનસર્વ, ટાટા સ્ટીલ, ટેક મહિન્દ્રા, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ સેન્સેક્સ પેકમાં મુખ્ય વિજેતાઓમાં સામેલ હતા. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એનટીપીસી અને ઇન્ટરગ્લોબ એવિએશન ટોપ લુઝર રહ્યા હતા. કુસુમગર લિમિટેડનો રૂ. ૬૫૦ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ આઠમી જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૩૯૮થી રૂ. ૪૧૯ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૩૫ શેર છે. શેરની ફાળવણી ૧૩ જુલાઈના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૧૫ જુલાઈના રોજ થશે.

ફિનિશ્ડ ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશનના માર્કેટિંગ અને વિતરણમાં વ્યસ્ત એપ્ટસ ફાર્મા લિમિટેડને કેર રેટિંગ દ્વારા કેર ડબલ બી, સ્ટેબલનું ઇશ્યુઅર રેટિંગ અપાયું છે. રેટિંગ માટે, કંપનીના કામગીરીના સાધારણ સ્કેલ, કાર્યકારી મૂડીસઘન વ્યવસાય મોડેલ, ભૌગોલિક એકાગ્રતા, કરાર ઉત્પાદન પર નિર્ભરતા અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગની સ્પર્ધાત્મક પ્રકૃતિ જેવા પરિબળોને ધ્યાનમાં લેવાય છે. કંપનીની કુલ કાર્યકારી આવક નાણાકીય વર્ષ ૨૦૨૬માં રૂ.૪૬.૫૭ કરોડ થઈ છે, જે પાછલા વર્ષમાં રૂ. ૨૪.૫૬ કરોડ હતી.

બિલ્ટ એન્વાયર્નમેન્ટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રિયલ એસ્ટેટ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ શિક્ષણ માટેની ભારતની પ્રીમિયર સંસ્થા, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ દ્વારા આયોજિત ભારત નવનિર્માણ ચેલેન્જ ૨૦૨૬ના ગ્રાન્ડ ફિનાલેમાં ૫૦૦થી વધુ સંસ્થાના ૨૦,૦૦૦થી વધુ વિદ્યાર્થી સામેલ થયા હતા. સિવિલ એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર અને કોર એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે ભારતની પ્રીમિયર ઇનોવેશન ચેલેન્જના આ કાર્યક્રમના મુખ્ય અતિથિ કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઇવે પ્રધાન નીતિન ગડકરી એ કહ્યુ હતું કે કોસ્ટ ઇફેક્ટિવ ટેકનોલોજીના ઉપયોગથી આ ક્ષેત્રે આયાતી સામગ્રીનો ઉપયોગ ઘટાડી શકાય છે.

વ્યક્તિગત શેરોમાં, યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના શેર નાણાકીય વર્ષ (ચ૧ ઋ્રૂર ૭) માટે તેના જૂન ક્વાર્ટરના વ્યવસાય અપડેટ્સ શેર કર્યા પછી, ૭.૩ ટકા જેટલા કડાકા સાથે રૂ. ૧૬૧.૬૦ની ઇન્ટ્રાડે નીચી સપાટીએ પહોંચ્યો હતો. સુમિટોમો કેમિકલનો શેર ૧૧ ટકા જેટલો વધીને રૂ. ૪૮૮.૫૦ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

નિફ્ટી ઇન્ડેક્સમાં એચસીએલ ટેકનો શેર ૫.૭૪ ટકા વધીને રૂ. ૧,૧૪૦ પર બંધ થયો હતો. આ ઉપરાંત મેક્સ હેલ્થકેર, સન ફાર્મા, ડો. રેડ્ડીઝ લેબ્સ, બજાજ ફિનસર્વ, એપોલો હોસ્પિટલ્સ, ભારતી એરટેલ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ટેક મહિન્દ્રા પણ ૧.૬ ટકાથી ૨.૨ ટકાની વચ્ચે વધ્યા હતા. બીજી તરફ, નિફ્ટી ઇન્ડેક્સમાં એક્સિસ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, લાર્સન એન્ડ ટુબ્રો, બજાજ ઓટો, અદાણી પોર્ટ્સ, કોટક મહિન્દ્રા બેંક અને ઇંડઉસ્ર્જી લાઇફ સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા. એનએસઇ પર એકંદર માર્કેટબ્રેથ તટસ્થ રહી કારણ કે ૧,૮૨૩ શેર ઊંચા અને ૧,૫૧૩ શેર નીચા સ્તરે બંધ થયા હતા.

કોસ્પીમાં નબળાઈ અને ચિપ ટ્રેડમાં સામાન્ય નબળાઈને કારણે ભારતનું આઉટપર્ફોર્મન્સ ચાલુ રહ્યું છે. એફઆઇઆઇ આઉટફ્લોમાં સતત ઘટાડા બજારને ટેકો આપતું બીજું એક મહત્વપૂર્ણ પરિબળ છે. પરંતુ જ્યાં સુધી તેને મૂળભૂત પરિબળો દ્વારા ટેકો ન મળે ત્યાં સુધી તેજી ટકી શકશે નહીં. યુદ્ધ પહેલાના સ્તરે ક્રૂડમાં ઘટાડો અર્થતંત્ર અને બજાર માટે સૌથી મજબૂત મેક્રો સપોર્ટ હોવાનું બજારના સાધનો જણાવે છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ઊંચા ક્વોટ કરી રહ્યા હતા. યુએસ બજારો મિશ્ર નોંધ પર બંધ થયા, જેમાં ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૧.૧૪ ટકા વધ્યો, જ્યારે નાસ્ડેક કમ્પોઝિટ ૦.૮૦ ટકા ઘટ્યો. એસએન્ડપી ૫૦૦ સ્થિર રહ્યો. ■

## ફેડરલની વ્યાજવૃદ્ધિની શક્યતા ઘટવા સાથે સોનાચાંદીમાં તેજીનો પવન

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સકારાત્મક વૈશ્વિક સંકેતો અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા આક્રમક દર વધારાની અપેક્ષાઓ હળવી થવાથી કિંમતી ધાતુઓની કિંમતમાં શુક્રવારે વધારો જોવા મળ્યો હતો. વાયદા બજારમાં સવારે સોના અને ચાંદીના ભાવ બે ટકા સુધી ઊછળ્યા હતા. ગોલ્ડ ઓગસ્ટ ફ્યુચર્સ ૧.૪૪ ટકા વધીને રૂ. ૧,૪૭,૮૬૦ પ્રતિ ૧૦ ગ્રામ પર , જ્યારે સિલ્વર સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧.૮૦ ટકા વધીને રૂ. ૨,૩૭,૪૯૪ પ્રતિ કિલો બોલાયા હતા. અમેરિકામાં પણ સોનાના ભાવ એક ટકાથી વધુ વધ્યા, જે પાંચ અઠવાડિયામાં પ્રથમ સાપ્તાહિક વધારાની દિશામાં છે, કારણ કે અપેક્ષા કરતા નરમ યુએસ જોબ ડેટાએ એવી અપેક્ષાઓ વધારી છે કે ફેડરલ વ્યાજદરમાં વધારો વિલંબિત કરી શકે છે. આ તરફ ડોલર ઇન્ડેકસમાં પણ નરમાઇ જોવા મળી હતી.



ડોલર ઇન્ડેક્સ પણ અઠવાડિયા માટે લગભગ અડધા ટકા નીચે હતો, જેના કારણે અન્ય ચલણોમાં ખરીદદારો માટે ગ્રીનબેક-ડિનોમિનેટેડ સોનું સસ્તું બન્યું હતું. સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૧,૪૩,૦૦૩ના પાછલા બંધ સામે રૂ.૩,૩૪૧ પ્રતિ ૧૦ ગ્રામના ઉછાળા સાથે રૂ. ૧,૪૬,૩૪૪ની સપાટીએ અને ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૧,૪૨,૪૩૦ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૩,૩૨૮ પ્રતિ દસ ગ્રામે રૂ. ૧,૪૫,૭૫૮ની સપાટીએ બંધ રહ્યા હતા. જ્યારે .૯૯૯ ટ,ની હાજર ચાંદી એક કિલોદીઠ રૂ. ૨,૨૮,૮૫૦ના પાછલા બંધ સામે રૂ. ૫૦૦૮ના ઉછાળા સાથે રૂ. ૨,૩૩૮૫૮ની સપાટીએ સ્થિર થઇ હતી.

સોના અને ચાંદીના ભાવમા પાછલા છ મહિનામાં આવેલા ઉછાળા અને ત્યારબાદ જોવા મળેલું કરેકશન અને ગ્રાહકોની બદલાયેલી ખરીદીની માનસિકતા દર્શાવે છે. વર્ષના બાકીના સમયગાળા માટે ટેક્સમાં ફેરફાર, કસ્ટમ ડ્યુટીમાં વધારો અને વિશ્વભરના ભૂરાજકીય તણાવો મહત્વપૂર્ણ પરિબળો રહેશે, એમ ઓલ ઇન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ (જીજેસી)એ ૨૦૨૬ માટે સોના અને ચાંદીના બજારની જારી કરેલી અર્ધવાર્ષિક સમીક્ષામાં જણાવ્યું છે. અહેવાલમાં જણાવાયું છે કે વર્ષના પ્રથમ છ મહિનામાં બુલિયનના ભાવ ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યા હતા, ત્યારબાદ ભાવમાં ઘટાડો આવ્યો અને તેના કારણે ગ્રાહકોની વિચારસરણી તેમજ ઉદ્યોગના અભિગમમાં પરિવર્તન આવ્યું છે.

કાઉન્સિલે જણાવ્યું કે ટેક્સમાં ફેરફાર, કસ્ટમ ડ્યુટીમાં વધારો અને વૈશ્વિક ભૂરાજકીય તણાવો આ વર્ષના મુખ્ય મુદ્દા રહ્યા છે. વર્ષના પ્રથમ અર્ધભાગમાં સોનાચાંદીના ભાવમાં વધારો, ટેક્સ સંબંધિત પડકારો અને ડિઝાઇન અંગે ગ્રાહકોની બદલાતી પસંદગી જોવા મળી. કાઉન્સિલનું માનવું છે કે આગામી મહિનાઓમાં ગ્રાહકોની બદલાતી પસંદગી અને નીતિગત સુધારા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

જાન્યુઆરી ૨૦૨૬માં સોનાના ભાવ રૂ. ૧,૭૦,૪૮૦ પ્રતિ ૧૦ ગ્રામના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યા હતા, ત્યારબાદ જૂન ૨૦૨૬ના અંત સુધીમાં ઘટીને લગભગ રૂ. ૧,૪૨,૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે આવ્યા હતા. ચાંદીના ભાવમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૬માં ચાંદી પ્રથમ વખત ચાર લાખ રૂપિયાનું સ્તર પાર કરી રૂ. ૪,૦૨,૪૯૦ પ્રતિ કિલોગ્રામથી ઉપર પહોંચી હતી અને ત્યારબાદ જૂન ૨૦૨૬ના અંત સુધીમાં ઘટીને રૂ. ૨,૨૫,૯૪૦ પ્રતિ કિલોગ્રામના સ્તરે આવી હતી.

નીતિગત ફેરફારોએ બજારની જટિલતા વધારી છે. મે ૨૦૨૬માં જાહેર કરાયેલ કસ્ટમ ડ્યુટીમાં વધારાથી સ્થાનિક ભાવમાં વધારો થયો અને રિટેલ માગ પર અસર પડી. આ સંદર્ભમાં જીજેસીના અધ્યક્ષ રાજેશ રોકડે જણાવ્યું કે જૂનના અંતમાં સોનાના ભાવમાં થયેલો ઘટાડો અસાધારણ ઊંચાઈ બાદ સ્વાભાવિક કરેકશન દર્શાવે છે. સોનાના વાયદા ભાવ લગભગ રૂ. ૧,૪૨,૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર સ્થિર થયા છે. બીજી તરફ, આ વર્ષની શરૂઆતમાં રૂ. ૪,૦૦,૦૦૦નો આંકડો પાર કર્યા બાદ ચાંદીના ભાવ ઘટીને રૂ. ૨,૨૫,૯૯૦ પ્રતિ કિલોગ્રામની આસપાસ આવ્યા છે.

આ ફેરફારો પાછળ પ્રોફિટ બુકિંગ, મજબૂત ડોલર ઇન્ડેક્સ અને વિશ્વભરમાં લાંબા સમય સુધી ઊંચા વ્યાજ દરો ચાલુ રહેવાની અપેક્ષા મુખ્ય કારણો છે. તાજેતરના ભૂ-રાજકીય તણાવથી ઊભી થયેલી ચિંતા ઓછી થયા બાદ સુરક્ષિત રોકાણની માગમાં ઘટાડો થયો છે. જીજેસીનો અંદાજ છે કે બુલિયનના ભાવમાં ઉતાર-ચઢાવ ચાલુ રહેશે અને તાજેતરના ઘટાડા બાદ થોડા સમય માટે સ્થિરતા અથવા કન્સોલિડેશન જોવા મળી શકે છે. દાગીનાની માગ હાલમાં નબળી રહેવાની શક્યતા છે, જોકે તહેવારોની સિઝન ખાસ કરીને હળવા વજનના દાગીનાની શ્રેણીમાંવેચાણને ફરી ગતિ આપી શકે છે. ઉદ્યોગ ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમમાં સંભવિત સુધારા અને ટેક્સ સંબંધિત ફેરફારો અંગે સરકાર તરફથી સ્પષ્ટતાની રાહ જોઈ રહ્યો છે. બીજી તરફ, ભૂરાજકીય જોખમો હજુ પણ એક મહત્વપૂર્ણ પરિબળ છે, જે કોઈપણ સમયે સુરક્ષિત રોકાણની માંગને ફરીથી વધારી શકે છે. ■

## એફએન્ડઓ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવરમાં ફરી વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: માર્કેટ રેગ્યુલેટર રોકાણકારોને સટ્ટાથી દૂર રાખવા એફએન્ડઓ સેગમેન્ટ પર વિવિધ નિયંત્રણો નાંખે છે પરંતુ એક માહિતી અનુસાર ફ્યુચર્સ અને ઓપ્શન્સ (એફએન્ડઓ) સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવરમાં ફરી વધારો જોવા મળ્યો છે. મે મહિનામાં ૨૨ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા પછી, જૂન મહિનામાં ઇક્વિટી કેશ સેગમેન્ટમાં ટ્રેડિંગ પ્રવૃત્તિ ધીમી પડી હતી, કારણ કે રોકાણકારો નવી પ્રેરણાના અભાવે સાવચેત રહ્યા હતા. એનએસઈ અને બીએસઈના કેશ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્ન ઓવર જૂનમાં માસિક સાત ટકા ઘટીને રૂ. ૧.૪૧ લાખ કરોડ થયું હતું. આ ઘટાડો સતત ત્રણ મહિનાની વૃદ્ધિને બાદ જોવાયો છે. તેનાથી વિપરીત, ફ્યુચર્સ અને ઓપ્શન્સ (એફએન્ડઓ) સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર ત્રણ ટકા વધીને રૂ. ૫૦૦.૬ લાખ કરોડ થયું હતું.

આ મુખ્યત્વે મહિનાના અંતમિ સમાપ્તિ સત્ર દરમિયાન વધેલી પ્રવૃત્તિને કારણે હતું. આ ઉપરાંત, ટ્રેડિંગ પ્રવૃત્તિઓમાં પણ ઘટાડો થયે હતો. ઇક્વિટી કેશ સેગમેન્ટના વોલ્યુમ માટેનો અંદાજ સકારાત્મક રહે છે. ક્રૂડ ઓઇલના ભાવમાં નરમાઈ અને ચોમાસાની પ્રગતિ સાથે રોકાણકારોની ભાગીદારી વધી શકે છે.

આ પરિબળો ઇક્વિટી કેશ બજારમાં નવા પરિબળો પૂરા પાડશે, અને આગામી અઠવાડિયામાં ટ્રેડિંગ વોલ્યુમ સ્થિર અથવા સુધરવાની અપેક્ષા છે. ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ વોલ્યુમમાં એકંદર વધારો વાસ્તવમાં નબળા બજાર સેન્ટિમેન્ટને કારણે હતો, કારણ કે મોટાભાગના જૂન દરમિયાન એફએન્ડઓ પ્રવૃત્તિ સુસ્ત રહી હતી.

મહિનાના અંતે તેજી મુખ્યત્વે છેલ્લા અઠવાડિયામાં ભારે ટ્રેડિંગ વોલ્યુમને કારણે હતી. ટ્રેડરો અપેક્ષા રાખે છે કે માલિકીની ટ્રેડિંગ કંપનીઓ અને સ્ટોક બ્રોકર્સ માટે રિઝર્વ બેંકના સુધારેલા બેંક ગેરંટી નિયમો આગળ જતાં ડેરિવેટિવ્ઝ વોલ્યુમ નક્કી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

જુલાઈથી શરૂ કરીને, સેન્ટ્રલ બેંકે ફરજિયાત કર્યું હતું કે મૂડી બજારમાં વેપાર કરતી કંપનીઓને જારી કરાયેલી બધી બેંક ગેરંટી સંપૂર્ણપણે કોલેટરલાઇઝ્ડ (કોલેટરલ દ્વારા સુરક્ષિત) હોવી જોઈએ, જેમાં ગેરંટી રકમના ઓછામાં ઓછા પચાસ ટકા રોકડમાં હોવી જોઈએ.

જૂન ૨૦૨૬માં, ભારતીય ઇક્વિટી બજારોમાં નોંધપાત્ર અસ્થિરતાનો અનુભવ થયો હતો. બીએસઈ સેન્સેક્સ અને નિફ્ટીએ વર્ષના મધ્યમાં મહિનાનો સૌથી મોટો ઘટાડો નોંધાવ્યો અને પછી મજબૂત થયા હતા. નિફ્ટી ૨૪,૦૦૦ ના સ્તરની નજીક રહ્યો હતો, જ્યારે સેન્સેક્સ ૭૩,૯૦૦ અને ૭૬,૯૦૦ની વચ્ચે અથડાતો રહ્યો હતો.

જૂન મહિનો વૈશ્વિક અને સ્થાનિક બજારોમાં નોંધપાત્ર રીતે તોફાની સાબિત થયો હતો, જે પશ્ચિમ એશિયાના વધતા સંઘર્ષો, ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને પ્રવાહિતા-આધારિત વેચાણ-ઓફને કારણે જોવાયો હતો.વિદેશી સંસ્થાકીય રોકાણકારો મહિનાના મોટાભાગના સમય માટે આક્રમક ચોખ્ખા વેચાણકર્તા રહ્યા હતા. આ અવિરત વેચાણ પર લાર્જ-કેપ અને રેટ-સેન્સિટિવ શેરોનું દબાણ આવ્યું, જેના કારણે મહિનાના અંત સુધીમાં નિફ્ટી ૨૩,૯૦૦ ઝોન તરફ ધકેલાઈ ગયો હતો. ■

## એક્સચેન્જના માર્કેટ કેપમાં માત્ર રૂ. ૩૯,૦૦૦ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: શેરબજારમાં આ સત્રમાં ખાસ કરીને રિયલ્ટી, આઈટી અને હેલ્થકેર શેર્સ વધ્યા હતા, જ્યારે પાવર, કેપિટલ ગુડ્સ અને પીએસયુ બેન્ક્સ શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. એક્સચેન્જની માર્કેટ કેપમાં રૂ.૩૯૦૦૦ કરોડની વૃદ્ધિ જોવા મળી હતી.

શુક્રવારે સેન્સેક્સ ગત ગુરુવારના ૭૭,૫૦૨.૧૨ પોઈન્ટના બંધની સરખામણીએ ૨૬૧.૭૯ પોઈન્ટ કે ૦.૩૪ ટકા વધ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૮,૧૫૨.૩૪ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૮,૧૫૭.૫૨ પોઈન્ટ સુધી તથા નીચામાં ૭૭,૭૧૦.૦૧ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૭,૭૬૩.૯૧ બંધ રહ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૮૦.૧૯ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૭૯.૮૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૦.૩૯ લાખ કરોડનો વધારો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૮ સ્ક્રિપના ભાવ વધ્યા હતા, જ્યારે ૧૨ સ્ક્રિપના ભાવ ઘટ્યા હતા.

બીએસઈ પર કુલ ૪,૪૪૧ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૧૯૫ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૦૬૦ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૮૬ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૯૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૬૮ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

આજે કુલ ૬ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૦ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૬ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૫ ટકા ઘટ્યો અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૯ ટકા ઘટ્યો હતો.

સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૪૮ ટકા તથા એસએમઈ આઈપીઓ ૦.૦૪ ટકા ઘટ્યા હતા.

સેક્ટરલ સૂચકાંકોમાં બીએસઈ રિયલ્ટી ૨.૨૨ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૭૪ ટકા, આઈટી ૧.૫૫ ટકા, હેલ્થકેર ૧.૩૧ ટકા, હોસ્પિટલ્સ ૧.૨૭ ટકા, કોમોડિટીઝ ૦.૯ ટકા, મેટલ ૦.૮૯ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૭૭ ટકા વધ્યા હતા, જ્યારે પાવર ૨.૩૯ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૨૬ ટકા, પીએસયુ બેન્ક ૧.૬૨ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૪૫ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે એચસીએલ ટેકનોલોજી ૫.૭૯ ટકા, બજાજ ફિનસર્વ ૨.૧૩ ટકા, ટેક મહિન્દ્ર ૧.૮૧ ટકા, ભારતી એરટેલ ૧.૮૧ ટકા, સન ફાર્મા ૧.૭૭ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૬૫ ટકા તાતા સ્ટીલ ૧.૧૧ ટકા અને બજાજ ફાઈનાન્સ ૧.૪૦ ટકા વધ્યા હતા, જ્યારે એક્સિસ બેન્ક ૧.૫૬ ટકા, સ્ટેટ બેન્ક ૧.૧૩ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૧૧ ટકા, લાર્સન ૦.૮૩ ટકા, કોટક બેન્ક ૦.૬૬ ટકા, ઈન્ડિગો ૦.૬૭ ટકા અને એનટીપીસી ૦.૫૭ ટકા ઘટ્યા હતા. ■

## ...તો આયાત બિલમાં એક લાખ કરોડનો ઘટાડો થશે!

મુંબઈ : ૨૦૨૭થી ૨૦૩૦ના ગાળામાં અંદાજે ૩૫ લાખ જેટલા વીજ સંચાલિત વાહનો પેટ્રોલ વાહનોનું સ્થાન લેશે તેવી ધારણાં છે. આ ફેરબદલને કારણે ભારતના ક્રુડ તેલ આયાત બિલમાં એક લાખ કરોડ રૂપિયાની બચત થવાની ધારણાં, દેશની જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેન્કના એક રિપોર્ટમાં વ્યક્ત કરવામાં આવી છે. પશ્ચિમ એશિયાના યુદ્ધ બાદ ક્રુડ તેલના ભાવમાં ઉછાળા તથા તેની અછતને પગલે દેશમાં વીજ વાહનો પ્રત્યેના આકર્ષણમાં વધારો જોવા મળી રહ્યો છે. ૨૦૨૭થી ૨૦૩૦ના ચાર વર્ષના ગાળામાં ૩૫ લાખ જેટલા વીજ વાહનો પેટ્રોલ વાહનોનું સ્થાન લેવાની અપેક્ષા છે, એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

૨૦૨૬માં વીજ વાહનોનો હિસ્સો વધી આઠ ટકા પહોંચી ગયો છે. ૨૦૩૦ સુધીમાં વીસ ટકા જેટલા હિસ્સાથી ક્રુડ તેલ આયાત બિલમાં રૂપિયા એક લાખ કરોડની બચત શકય બનશે એમ રિપોર્ટમાં દાવો કરાયો છે. ૨૦૨૫ના માર્ચથી જૂનના ગાળામાં સરેરાશ ૧.૩૦ લાખની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં વીજ વાહનોના રજિસ્ટ્રેશનનો સરેરાશ આંક વધી ૨.૩૦ લાખ પહોંચી ગયો છે.

આ આંકડો મહિને એક લાખનો વધારો દર્શાવે છે. ફેબ્રુઆરી, ૨૦૨૬ બાદ વીજ સંચાલિત ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ તથા પેસેન્જર કારના હિસ્સામાં થયેલા વધારાને જોતા યુદ્ધે વપરાશકારોની માનસિકતા બદલીને તેમને વીજ વાહનો તરફ વાળ્યા હોવાનું સૂચવે છે. ■

## આ વખતે કંપની પરિણામો રોકાણકારોને નિરાશ કરે એવી શકયતા

મુંબઇ : કોર્પોરેટ ક્ષેત્રમાં મંદીની શરૂઆત થઇ ગઇ છે અને નાણાકીય પરિણામ નબળા આવવાના અણસાર દેખાઈ રહ્યાં છે. રિપોર્ટ મુજબ મે ૨૦૨૬માં નવા ઓર્ડર પ્રાપ્તિમાં ઘટાડો થયો છે. આ ઘટાડો માસિક અને વાર્ષિક બંને રીતે જોવાયો હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમીના વિશ્લેષણ મુજબ, મે મહિનામાં રૂ. ૩૯,૧૦૦ કરોડના નવા ઓર્ડર પ્રાપ્ત થયા હતા, જે એપ્રિલની તુલનામાં આઠ ટકાનો ઘટાડો છે, જ્યારે આશરે રૂ. ૪૨,૫૦૦ કરોડના ઓર્ડર પ્રાપ્ત થયા હતા.

એ જ રીતે ઉપરોક્ત આંકડો મે ૨૦૨૫માં હાંસલ થયેલા રૂ. ૬૮,૦૦૦ કરોડની તુલનામાં આ ૪૬ ટકાનો ઘટાડો પણ દર્શાવે છે, જે ૧૩ મહિનામાં સૌથી નીચો આંકડો છે. પશ્ચિમ એશિયાના સંકટને કારણે એલ્યુમિનિયમ અને તાંબાના ભાવમાં તીવ્ર વધારો થતાં પાવર ઇક્વિપમેન્ટ ઉદ્યોગ પર ખર્ચનું દબાણ વધ્યું છે અને સાથે નબળા ચોમાસાની બજાર પર અસર પણ છે.

તાજેતરના ક્વાર્ટરમાં પ્રોજેક્ટ એવોર્ડ્સમાં મંદીથી રોડ ડેવલપર્સની ઓર્ડર બુક પર અસર પડી છે એમ ઈકરાએ જણાવ્યું હતું. ઈકરાના મતે, યુએસ-ઈરાન કરાર અને ચોમાસાની પ્રગતિ અંગે વધુ સ્પષ્ટતા સાથે આગામી મહિનામાં માગની સ્થિતિ વધુ સ્પષ્ટ થવાની સંભાવના છે. સામાન્ય કરતાં ઓછા ચોમાસાની અપેક્ષાઓ ગ્રામીણલક્ષી ક્ષેત્રો જેમ કે એફએમસીજી, ટુ-વ્હીલર્સ, ટ્રેક્ટર અને કૃષિ-રસાયણોમાં માગ ઓછી થવાનું જોખમ ઊભું કરે છે. સ્થિર આવકના વલણો શહેરી વપરાશને થોડો ટેકો પૂરો પાડી શકે છે, પરંતુ ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને રૂપિયાના અવમૂલ્યનને કારણે ફુગાવાનું દબાણ ચાલુ રહેશે, જે વપરાશ-આધારિત ક્ષેત્રોમાં વેચાણ વૃદ્ધિને મર્યાદિત કરી શકે છે અને એકંદર માગ વાતાવરણ પડકારજનક રહેશે.

ઈરાન યુદ્ધ પછી વધતા ભૂ-રાજકીય તણાવને કારણે કંપનીઓ અને ગ્રાહકો માટે ખર્ચમાં વધારો થયો અને આર્થિક પ્રવૃત્તિ પર અસર પડી છે. પશ્ચિમ એશિયાના સંકટ અને ઓરમાંથી પ્રાથમિક ધાતુ કાઢતા ઔદ્યોગિક પ્લાન્ટમાં વિક્ષેપોને કારણે ભારતના પાવર ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ અને રિન્યુએબલ એનર્જી ઉદ્યોગો વધતા ખર્ચના દબાણનો સામનો કરી રહ્યા છે. ■

## ડોલર સામે રૂપિયો વધુ ૧૪ પૈસા મજબૂત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: શુક્રવારે ડોલર ઇન્ડેક્સ તેના તાજેતરના ૧૫ મહિનાના ઉચ્ચ સ્તરથી પાછો ફર્યો અને સકારાત્મક સ્થાનિક ઇક્વિટી પ્રતિબિંબિત થતાં વિદેશી હૂંડિયામણ બજારમાં અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો ૧૪ પૈસા વધીને ૯૫.૨૧ (પ્રોવિઝનલ) સપાટી પર બંધ થયો હતો. ફોરેક્સ ડીલરોએ જણાવ્યું હતું કે ડોલર ઇન્ડેક્સ નબળો પડવા અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવા છતાં, આયાતકારો અને કોર્પોરેટ હેજર્સ તરફથી ડોલરની મજબૂત માગને કારણે રૂપિયો દબાણનો સામનો કરી રહ્યો છે.

આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં, રૂપિયો અમેરિકન ચલણ સામે ૯૫.૨૦ની સપાટી પર ખુલ્યો અને સત્ર દરમિયાન ૯૫.૧૬-૯૫.૩૫ ની રેન્જમાં ટ્રેડ થઇને અંતે ૯૫.૨૧ (પ્રોવિઝનલ)ની સપાટી પર બંધ થયો, જે તેના પાછલા બંધ કરતા ૧૪ પૈસાનો વધારો દર્શાવે છે.

નિષ્ણાતોના મતે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) તેના વિદેશી હૂંડિયામણ ભંડારને ફરીથી બનાવવા માટે સક્રિયપણે ડોલર ખરીદી રહી છે, જે ફેબ્રુઆરીમાં ૭૨૮.૪૯ બિલિયન ડોલરની ટોચથી ઘટીને આશરે ૬૭૨.૬ બિલિયન ડોલરની સપાટીએ પહોંચી ગયું છે. ગુરુવારે, રૂપિયો શરૂઆતના સુધારાને ગુમાવીને નકારાત્મક નોંધ પર સ્થિર થયા હતો, જે યુએસ ડોલર સામે ૧૯ પૈસા ઘટીને ૯૫.૩૫ પર બંધ થયો હતો. ■

# આજે વડા પ્રધાન મોદીના હસ્તે સાણંદમાં ₹૭,૫૦૦ કરોડના હાઈ-ટેક સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ ચાર જુલાઈ શનિવારના રોજ અંદાજે ૪ઃ૩૦ વાગ્યે સાણંદ ખાતે 'સીજી સેમી' આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (ઓએસએટી) ફેસિલિટીનું ભવ્ય ઉદ્ઘાટન કરશે. હાલમાં એઆઇ અને હાઇ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગના કારણે વિશ્વભરમાં મેમરી અને સ્ટોરેજ સોલ્યુશન્સની જે માગ વધી રહી છે, તેને પૂરી કરવામાં આ ફેસિલિટી મોટી ભૂમિકા ભજવશે. આ ફેસિલિટી ખાતે વ્યાપારી ધોરણે ઉત્પાદનની શરૂઆત થતાં જ ભારતની સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનમાં નવો ઈતિહાસ લખાશે, જેના કારણે વૈશ્વિક સ્તરે દેશની સ્થિતિ વધુ મજબૂત બનશે.

આજે શરૂ થનારો આ હાઇ-ટેક પ્રોજેક્ટ 'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' (આઇએસએમ) હેઠળ માન્યતા પ્રાપ્ત પ્રથમ ચાર મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સમાંનો એક છે. આ અત્યાધુનિક ફેસિલિટીને ₹૭,૫૦૦ કરોડથી વધુના વિશાળ મૂડી રોકાણ સાથે વિકસાવવામાં આવી છે. આ પ્લાન્ટ સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા પછી, તે વાર્ષિક અંદાજે પાંચ અબજ સેમિકન્ડક્ટર ચિપ્સનું ઉત્પાદન કરવાની પ્રચંડ ક્ષમતા ધરાવશે.

સાણંદનો આ પ્લાન્ટ માત્ર ચિપ બનાવશે એટલું જ નહીં, પરંતુ ઓટોમોટિવ (વાહન ઉદ્યોગ), ઇન્ડસ્ટ્રિયલ, ટેલિકોમ્યુનિકેશન્સ, ૫જી અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સ જેવા અદ્યતન ક્ષેત્રોના વૈશ્વિક ગ્રાહકોની જરૂરિયાતોને પણ સંતોષશે. ઈસીજી સેમી ફેસિલિટી દ્વારા એન્ડ-ટુ-એન્ડ સેમિકન્ડક્ટર સેવાઓ પૂરી પાડવામાં આવશે, જેમાં વેફર સોર્ટિંગ, એસેમ્બલી, ટેસ્ટિંગ, પેકેજ ડિઝાઇન, ફેલ્યોર એનાલિસિસ, ટેસ્ટ પ્રોગ્રામ ડેવલપમેન્ટ તેમજ લોજિસ્ટિક્સ સપોર્ટ જેવી જટિલ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

# સુરતમાં વરસાદને પગલે ૨૪ સ્થળે રસ્તા બેસી ગયા, જવાબદાર એજન્સીઓ-અધિકારીઓને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં વિવિધ વિસ્તારોમાં રોડ બેસી જવાની ઘટનાઓ બનતા શહેરીજનોમાં રોષ વ્યાપી ગયો હતો. રોડ પર ખાડા પડવાની અને ભૂવા પડતા વાહનચાલકોને પણ ભારે હાલાકી ભોગવવી પડી હતી. શહેર મનપાએ આ મામલે આકરું વલણ અપનાવી જવાબદાર એજન્સીઓ તેમજ અધિકારીઓને નોટિસ ફટકારી છે. આ અંગે અધિકારીએ જણાવ્યું હતું કે, તમામ રસ્તાઓને રિપેરિંગની કાર્યવાહી તાકીદે હાથ ધરીને પૂર્વવત કરવામાં આવ્યા છે. રસ્તા બેસી જવાનાં જે બનાવો બન્યા છે તેમાં જવાબદાર એજન્સીઓ તેમજ અધિકારીઓને નોટિસ પણ પાઠવવામાં આવી છે.

એડિશનલ સિટી ઇજનેરે જણાવ્યું હતું કે, સુરત શહેરમાં છેલ્લા બે દિવસમાં થયેલા વરસાદમાં સુરત શહેરમાં અલગ અલગ સ્થળોએ કુલ ૨૪ સ્થળોએ રોડ બેસી જવાના બનાવો બન્યાં છે. સુરત મહાનગર પાલિકાના તમામ ઝોન દ્વારા બેસી ગયેલા તમામ રસ્તાઓને રીપેરીંગની કાર્યવાહી તાકીદે હાથ ધરીને પૂર્વવત કરવામાં આવ્યા છે. મોટા ભાગના રસ્તાઓને ૧ થી ૨ કલાકમાં જ રિપેરિંગ કરીને પૂર્વવત કરવામાં આવ્યા હતા અને બાકીનાં સ્થળોએ પણ ૪ થી ૫ કલાકમાં તમામ કામગીરી અને રિપેરિંગની કાર્યવાહી કરીને રસ્તો પૂર્વવત કરવામાં આવ્યા છે. હાલના તબક્કે કોઈ સ્થળે કામગીરી બાકી નથી.

# ગાંધીનગરમાં પીએમ આવાસના લાભાર્થીને યુજીવીસીએલ એ ૪.૯૭ લાખનું બિલ ફટકાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના તમામ મોટા શહેરોમાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે ખાસ પીએમ આવાસ યોજના હેઠળ મકાનો બનાવવામાં આવ્યા છે. પણ જ્યારે આ પરિવારોને મોટી રકમનું વીજ બીલ આવે છે ત્યારે તે પરિવાર કફોડી સ્થિતીમાં મુકાઈ જતો હોય છે. આવી જ પરિસ્થિતિ ગાંધીનગરના વાવોલ ખાતે આવેલી પીએમ આવાસ યોજનામાં વસતા એક મધ્યમવર્ગીય પરિવારને ઉત્તર ગુજરાત વીજ કંપની યુજીવીસીએલ દ્વારા કરવામાં આવેલી એક લાભાર્થીના ઘરે ૪,૯૭,૪૨૦.૩૮ નું વીજ બિલ મોકલી આપવામાં આવ્યું ત્યારે આ પરિવાર પર તો જાણે આસમાન તૂટી પડ્યું હોય તેવી દશા થઈ છે.

આ ઘટનાની સૌથી ચોંકાવનારી બાબત તો એ છે કે પરિવાર દ્વારા તેમના ઘરમાં સામાન્ય વીજ ઉપકરણો જ વાપરવામાં આવે છે, તેમ છતાં કંપનીએ કેવી રીતે આટલી મોટી રકમ નક્કી કરી તે એક મોટું રહસ્ય છે. આ ઘટનાએ વીજ કંપનીની ડેટા એન્ટ્રી અને રીડિંગ સિસ્ટમ પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

પીડિત લાભાર્થીએ આ મામલે વીજ કચેરીએ દોડી જઈને ફરિયાદ કરી છે અને બિલની ફરીથી ચકાસણી કરવા વિનંતી કરી છે. યુજીવીસીએલ સત્તાવાળાઓ આ બિલ સુધારીને ક્યારે રાહત આપશે અને આ ગંભીર ભૂલ માટે કયા પગલાં લેશે, તેની આ પીડિત પરિવાર કાગડોળે રાહ જોઈ રહ્યો છે.

# ગાંધીનગરમાં મહેસૂલ તલાટી તરીકે નવી નિમણૂક મેળવનારા ૨૩૦૦થી વધુ યુવાઓને મુખ્ય પ્રધાનના હસ્તે નિમણૂક પત્ર એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે મહેસૂલ-તલાટી સંવર્ગમાં નવી નિમણૂક મેળવેલા ૨૩૦૦થી વધુ યુવાઓને ગાંધીનગરમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. રાજ્ય સરકારે ૨૧ જેટલી મહેસૂલી સેવાઓને વધુ સરળ અને ઝડપી બનાવવાની કરેલી અભિનવ પહેલો અને નવી કચેરીઓના લોકાર્પણ પણ મુખ્ય પ્રધાને આ અવસરે કર્યા હતા.

ભૂપેન્દ્ર પટેલે રેવન્યુ-તલાટીને મહેસૂલ તંત્રની કરોડરજ્જુ અને ગામડાના વહિવટનો આધારસ્તંભ ગણાવતાં નવી નિમણૂક મેળવી રહેલા યુવાઓને આહવાન કર્યુ હતું કે, એવી પ્રજાહિતકારી કાર્ય પદ્ધતિ તેઓ અપનાવે કે ખરેખર તકલીફમાં જે વ્યક્તિ છે તેનું કામ સરળતાએ પાર પડી જાય. આવા જરૂરતમંદ વ્યક્તિનો થતો સંતોષ અને તેના આશીર્વાદ એ ઈશ્વરના આશીર્વાદ સમાન છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, રેવન્યુ તલાટી તરીકે ગ્રામજનોના અનેક પ્રશ્નો કે સમસ્યાઓ સ્થાનિક સ્તરે જ નિવારવાનું તેમનું દાયિત્વ હોવું જોઈએ. એટલુ જ નહિ, જે કંઈ પણ કામ થાય તે એવું વ્યવસ્થિત અને પદ્ધતિસરનું થાય કે મહેસૂલ વિભાગમાં કે સરકારમાં પણ તે કામને કારણે ભવિષ્યમાં કોઈ પ્રશ્નો ઊભા ન થાય.

ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ હતું કે, તલાટી પાસે આવતા લોકોની અપેક્ષાઓ એજ હોય છે કે તેનું કામ ઝડપી અને સરળતાએ થઈ જાય એટલે તલાટીએ હંમેશા સામેની વ્યક્તિમાં પોતાની જાતને મૂકીને કામગીરીનું મૂલ્યાંકન કરવું જરૂરી છે.

ઘર-પરિવાર અને સમાજને ગૌરવ થાય તેવી કાર્યપ્રણાલીથી હંમેશાં કાર્યરત રહેવા મુખ્ય પ્રધાને નવ નિયુક્ત તલાટીઓને શીખ આપી હતી અને વડા પ્રધાન મોદીએ વિકસિત ભારત-૨૦૪૭નો જે સંકલ્પ કર્યો છે તેને આ નવ નિયુક્ત યુવાઓ વિકસિત ગુજરાતના નિર્માણથી સાકાર કરે તેવી શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

# સ્થાનિક સ્વરાજ્યની ૧૫ બેઠકો પર પેટાચૂંટણી યોજાશે, ૨૮મીએ મતદાન અને 30 જુલાઈએ પરિણામ જાહેર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ખાલી પડેલી કુલ ૧૫ બેઠકો માટે પેટાચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. આ ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જે મુજબ ૨૮ જુલાઈએ મતદાન થશે અને ૩૦ જુલાઈએ પરિણામ જાહેર કરવામાં આવશે.

રાજ્ય ચૂંટણી પંચની સત્તાવાર અખબારી યાદી મુજબ, આ પેટા ચૂંટણીઓમાં જૂનાગઢ મહાનગરપાલિકાની ૧ બેઠક, દેવગઢ બારિયા નગરપાલિકાની ૬ બેઠકો અને વિસનગર નગરપાલિકાની ૧ બેઠકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આણંદ જિલ્લા પંચાયતની ૧ બેઠક તેમજ હળવદ, પોશિના, સતલાસણા, હારીજ, નેત્રંગ અને ફાગવેલ તાલુકા પંચાયતોની કુલ ૬ બેઠકો માટે પણ મતદાન યોજાશે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક અનુસાર ચૂંટણીની જાહેરાતની તારીખઃ ૭ જુલાઈ ૨૦૨૬, જાહેરનામું/ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખઃ ૯ જુલાઈ, ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૧૪ જુલાઈ, ઉમેદવારી પત્રોની ચકાસણી (સ્ક્રુટિની) ૧૫ અને ૧૬ જુલાઈ, ઉમેદવારી પત્ર ખેંચવાની છેલ્લી તારીખ ૧૬ અને ૧૭ જુલાઈ (સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના પ્રકાર મુજબ) છે. જ્યારે મતદાનની તારીખ ૨૮ જુલાઈ (મંગળવાર, સવારે ૭:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી) છે. જો કોઈ કારણોથી પુનઃ મતદાન ૨૯ જુલાઈ યોજાશે. તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીની મતગણતરી અને પરિણામઃ ૩૦ જુલાઈ, ૨૦૨૬એ જાહેર કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરાશે. પેટાચૂંટણીની જાહેરાત થતાં જ સંબંધિત વિસ્તારોમાં પક્ષોએ પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ સાથે જ જે તે વિસ્તારોમાં પણ રાજકીય ગરમાવો આવી ગયો છે

# વીજ લાઈન વળતરમાં વધારો, વીજ થાંભલાના વળતર મુદ્દે જીતુ વાઘાણીની મોટી જાહેરાત

## ખેડૂતો માટે રાજ્ય સરકારનો મોટો નિર્ણયઃ વીજ ટાવર-લાઈનના જમીન વળતરમાં ઐતિહાસિક વધારો, હવે બજારભાવના બમણા દરે મળશે સહાય, જંત્રી આધારિત વળતરનો અંત

### ખેડૂતોની જમીનમાં વીજ ટાવર-લાઈન નાખવા અંગે સરકારનો મહત્ત્વનો નિર્ણય, જમીનના બજારભાવના બમણા દરે વળતર ચૂકવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે ખેતરોમાં વીજ ટ્રાન્સમિશન ટાવર અને હાઈટેન્શન લાઈનના વળતરની ખેડૂતોની લાંબા સમયથી ચાલતી માગણીને ધ્યાનમાં રાખીને મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. ખેતરમાં વીજપોલ ઊભા કરવા સામે ખેડૂતો દ્વારા કરવામાં આવતા વિરોધના મામલે સરકારની પ્રેસ કોન્ફરન્સમાં કૃષિ પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું કે, અત્યાર સુધી ખેડૂતોને વીજ લાઈન કે વીજ પોલ માટે જંત્રીના બમણા દરે વળતર મળતું હતું. પરંતુ હવે જંત્રીને બદલે જમીનના વર્તમાન બજારભાવના બમણા દરે વળતર ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જમીનના બજારભાવ નક્કી કરવા માટે એમઆરસી (માર્કેટ રેટ કમિટી) ની રચના કરવામાં આવશે. આ કમિટીમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ, કંપનીના પ્રતિનિધિ, બંને પક્ષના વેલ્યુઅર અને જિલ્લા કલેક્ટરનો સમાવેશ કરવામાં આવશે. જો તેમ છતાં કોઈ ખેડૂતને વળતર અપૂરતું લાગે તો તેને કોર્ટ અથવા સિવિલ કોર્ટમાં અપીલ કરવાનો અધિકાર રહેશે. જોકે સરકારને વિશ્વાસ છે કે નવા માપદંડ હેઠળ નક્કી થતું વળતર ખેડૂતોને સંતોષકારક રહેશે. વીજ લાઇનના રાઇટ ઓફ વે કોરિડોર માટે એમઆરસી દ્વારા નિર્ધારીત થયેલા બજાર કિંમતના આધારે વિસ્તાર મુજબ વળતર અપાશે. જેમ કે ગ્રામ્ય વિસ્તારમાં બજાર કિંમતના ૩૦%, નગરપાલિકા વિસ્તારમાંઃ બજાર કિંમતના ૪૫% અને મહાનગરપાલિકા વિસ્તારમાંઃ બજાર કિંમતના ૬૦% મુજબ વળતર ચૂકવાશે.

મળતી વિગત મુજબ ૭૬૫ કે.વી. લાઇનમાં ખેડૂતોને અગાઉ ૬૨૫ ચોરસ મીટર લેખે વળતર અપાતું હતું, જેમાં હવેથી દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરી તે મુજબ વધારીને ૭૨૯ ચોરસ મીટર લેખે ચુકવણી કરવામાં આવશે.

સરકારે ખેડૂતોને વધુ લાભ મળે તે માટે પાયાના વિસ્તારની ગણતરીમાં વધારાનો એક મીટર વિસ્તાર પણ સામેલ કરવાનો નિર્ણય કર્યો છે. ઉપરાંત અગાઉ ૪૦-૪૦-૨૦ના હપ્તાવાર રેશિયોમાં આપવામાં આવતું વળતર પણ હવે ખેડૂતોને રાહ જોવી ન પડે તે માટે અગાઉથી જ એકસાથે ચૂકવવામાં આવશે. તે ઉપરાંત સરકારના વધુ એક મહત્ત્વના નિર્ણય અંગે જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે જેમને જૂના નિયમો મુજબ વળતર મળ્યું છે પરંતુ વીજ લાઈનનું કામ હજુ ચાલુ છે, તેઓને પણ નવા નિયમોનો લાભ મળશે. સરકારના આ નિર્ણયથી રાજ્યભરના હજારો અસરગ્રસ્ત ખેડૂતોને સીધો આર્થિક લાભ મળશે અને લાંબા સમયથી ચાલી રહેલી વળતરની માંગણીનો અંત આવવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જીતુ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, જમીનના બજારભાવનો અર્થ જમીનની વાસ્તવિક બજાર કિંમત છે. જો જમીન ખેતીલાયક હશે તો તે વિસ્તારની ખેતીલાયક જમીનના વર્તમાન બજારભાવને આધારે વળતર નક્કી કરવામાં આવશે. હેતુ ખેડૂતોને વાસ્તવિક મૂલ્ય મુજબ યોગ્ય વળતર આપવાનો છે. સરકારના આ નિર્ણય અંતર્ગત વીજપોલ પેટે ખેડૂતોને ચૂકવવામાં આવતા વળતરમાં ધરખમ વધારો કરવામાં આવશે, જેનાથી ખેડૂતોના લાંબા સમયના પ્રશ્નોનો અંત આવશે.

# આણંદ જિલ્લામાં શીલી ગામે ગેરકાયદે માટી ખનનનો પર્દાફાશ, ૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદઃ આણંદ જિલ્લામાં ચાલતા ગેરકાયદેસરના ખનન સામે વહીવટી તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. ઉમરેઠ તાલુકાના શીલી ગામ નજીક મહિસાગર નદીમાંથી ગેરકાયદે ખનન કરીને રેતી કાઢવામાં આવી રહી હતી, તેનો જિલ્લા કલેક્ટરના આદેશથી પર્દાફાશ કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીની સૂચના અને નિવાસી અધિક કલેક્ટર લલિતકુમાર પટેલના આદેશ પર આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન ઘટનાસ્થળેથી આશરે રૂપિયા ૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી મામલતદાર ઉમરેઠ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. જેમાં ટીમ દ્વારા એક જેસીબી મશીન, બે મોટા બાજ અને બે નાની હોડીઓ પણ જપ્ત કરવામાં આવી હતી. મામલતદારની ટીમ દ્વારા અચાનક તપાસ શરૂ કરવામાં આવી ત્યારે ગેરકાયદેસર માટી ખનન થઇ હોવાનો પર્દાફાશ થયો હતો. જેમાં તંત્ર દ્વારા ૭૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ સાથે આગળની કાર્યવાહી માટે ખાણ અને ખનીજ વિભાગને પણ સ્થળ પર બોલાવી લેવામાં આવ્યા હતા. તમામ મુદ્દામાલ ખાણ અને ખનીજ વિભાગના રોયલ્ટી ઇન્સ્પેક્ટરને સોંપી દેવામાં આવ્યો હતો.

# ગુજરાત વહીવટી સેવાના ક્લાસ-૧ સિનિયર સ્કેલના અધિકારીઓની સામૂહિક બદલીના આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એક સત્તાવાર જાહેરનામું બહાર પાડીને ગુજરાત વહીવટી સેવા ક્લાસ-૧ (સિનિયર સ્કેલ) ના ઉચ્ચ અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી અને નવી નિમણૂકના આદેશો જારી કરવામાં આવ્યા હતા. રાજ્યના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માના હુકમથી ડેપ્યુટી કલેક્ટર અને અધિક કલેક્ટર કક્ષાના આ અધિકારીઓની બદલી કરાઈ છે, જેમાં ૧ જૂન ૨૦૨૬ના અગાઉના આદેશોમાં પણ આંશિક સુધારો કરાયો હતો.

સરકાર દ્વારા જાહેર કરાયેલી યાદી અનુસાર, બી. કે. દવે (જીએએસ - સિનિયર સ્કેલ), જેઓ ગાંધીનગર ખાતે આદિજાતિ વિકાસ નિયામકની કચેરીમાં સંયુક્ત કમિશનર તરીકે કાર્યરત હતા. તેમની બદલી કરીને સુરેન્દ્રનગર ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે નિમણૂંક આપવામાં આવી છે. આર.એમ. જાલંધરા, જેઓ સુરેન્દ્રનગર ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (ડીઆરડીએ) ના નિયામક તરીકે ફરજ બજાવતા હતા. તેમની બદલી ભરૂચ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે કરવામાં આવી છે.

તે પછી ગાંધીનગર ખાતે ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડમાં વહીવટી અધિકારી તરીકે સેવા આપતા કુમારી પી. એસ. બારૈયાની બદલી દાહોદ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં અધિક કલેક્ટર તરીકે ફરજ બજાવતા વી.કે.સામ્બડની બદલી ભાવનગર ખાતે 'ભાવનગર એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી'ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઇઓ) તરીકે કરવામાં આવી છે. તેમની આ નિમણૂંકથી શ્રીમતી જે. એન. ઝારુ (સિનિયર સ્કેલ) આ પદના વધારાના ચાર્જમાંથી મુક્ત થશે. ગીર-સોમનાથ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (ડીઆરડીએ) ના નિયામક તરીકે કાર્યરત વાય.પી.જોશીની બદલી ગાંધીનગર ખાતે આદિજાતિ વિકાસ નિયામકની કચેરીમાં સંયુક્ત કમિશનર તરીકે કરવામાં આવી છે. સામાન્ય વહીવટ વિભાગના ૧ જૂન ૨૦૨૬ ના જાહેરનામાના ક્રમ નંબર (૨૯) અને (૩૫) માં ફેરફારની વાત કરવામાં આવે તો ડી.ડી.જોગીયાને ખેડા ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# સુરતમાં વૃદ્ધની હત્યા, પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે હત્યાનો ભેદ ઉકેલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં માત્ર ૨૦૦૦ની રકમની લેતીદેતીના મામલે થયેલા ઝઘડામાં એક વૃદ્ધને લાકડાના ફટકા મારી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે ૧૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ખંગાળીને ફૂટપાથ પર રહી કચરો વીણતા હત્યારાને દબોચી લીધો હતો. આમ પોલીસની સક્રિયતાથી ગણતરીના કલાકોમાં જ હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૨૦ જૂનના રોજ વહેલી સવારે જહાંગીરપુરા સરોલી ચેકપોસ્ટ પાસેથી ૬૦ વર્ષીય બાબુભાઈ સાવંત નામના વૃદ્ધ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. તેમની પર લાકડાના ફટકા વડે ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. શરૂઆતમાં આ મોત રહસ્યમય લાગતું હતું, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં વૃદ્ધની હત્યા થઈ હોવાનું બહાર આવતા જહાંગીરપુરા પોલીસ એક્શનમાં આવી હતી.મૃતકના કોઈ વારસદાર ન મળતા આખરે પોલીસે પોતે ફરિયાદી બની તપાસ શરૂ કરી હતી અને અલગ અલગ ૧૦૦ જેટલા સીસીટીવી ફૂટેજ તપાસતા સત્ય સામે આવ્યું હતું.

પોલીસે ઘટનાસ્થળની આસપાસના ૧૦૦ થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી તેનું ઝીણવટપૂર્વક તપાસ કરતા હત્યારો ભારે ક્રૂરતા સાથે વૃદ્ધને લાકડાના ફટકા મારતો નજરે પડે છે જેના કારણે આ વૃદ્ધનું મોત થયું હતું. પોલીસને આ ફૂટેજમાં પહેલી કડી મળતા જ તેમણે સીસીટીવીમાં દેખાતા હત્યારાને શોધવાનું શરૂ કર્યું હતું. જેમાં પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આ હત્યારો પ્લાસ્ટિકની ખાલી બોટલો અને કચરો વીણીને રઝળતું જીવન જીવે છે.

હત્યારાને પકડવા માટે જહાંગીરપુરા, ઉગત, અડાજણ, રાંદેર અને હજીરા સહિતના વિસ્તારોમાં ફૂટપાથ પર રહેતા વ્યક્તિઓની તપાસ માટે સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આખરે પોલીસે ફૂટપાથ પર રહેતા મૂળ ભાડૂતના કિશોર ઉર્ફે મોતીરામ પટેલને દબોચી લીધો હતો. પોલીસ પૂછપરછમાં બહાર આવ્યું છે કે, કચરો વીણવાનું કામ કરતાં આ બંને વ્યક્તિઓ વચ્ચે માત્ર ૨૦૦૦ ની રકમની લેતીદેતી બાબતે ઝઘડો થયો હતો. આ ઝઘડો એટલો ઉગ્ર બન્યો કે કિશોર ઉર્ફે મોતીરામે લાકડાના ધોકા વડે વૃદ્ધ બાબુભાઈ પર ૧૦ કરતા વધુ ફટકા મારી દીધા હતા અને તેમને મોતને ઘાટ ઉતારી દીધા હતા. હાલ જહાંગીરપુરા પોલીસે આ ઘાતકી હત્યાનો ગુનો ઉકેલીને હત્યારા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગર બૅંક હેકિંગ કેસમાં વધુ ચારની ધરપકડ, ડમી પેઢીના બૅંક ખાતાઓમાં ₹ ૧૬૧ કરોડનું ટ્રાન્ઝેક્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ (સીસીઓઇ), સીઆઇડી ક્રાઈમ દ્વારા સાયબર ગુનેગારો વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા 'ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦' અંતર્ગત ટીમને મોટી સફળતા મળી હતી. છેલ્લા એક મહિનામાં આ ઓપરેશન હેઠળ કુલ ૫૫ જેટલા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા, આ આરોપીઓએ સમગ્ર દેશમાં અંદાજે રૂ. ૮૦૨ કરોડનું સાયબર ફ્રોડ આચર્યું હોવાનું બહાર આવ્યું હતું. ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક હેકિંગ કેસની તપાસ દરમિયાન આ મોટા સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ થયો હતો.

એસપી ડો. રાજદીપસિંહ ઝાલાના જણાવ્યા મુજબ, 'ચામુંડા કોમ્યુનિકેશન' નામની ડમી પેઢીની તપાસમાં ₹૧૬૧ કરોડથી વધુના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન બહાર આવ્યા હતા. આ કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે રાજ્યભરમાં ચલાવવામાં આવેલા 'ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦' અંતર્ગત એક જ મહિનામાં કુલ ૫૫ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. આ આરોપીઓ વિવિધ બેંકોમાં પેઢીઓના નામે નકલી 'મ્યુલ એકાઉન્ટ્સ' ખોલાવી સાયબર ફ્રોડના નાણાં મેળવતા હતા.

તપાસ દરમિયાન અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા વિશાલ સુરેશભાઈ ડોડીયાની ધરપકડ કરવામાં આવી છે. વિશાલ ડોડીયાએ પોતાના નામે 'ચામુંડા કોમ્યુનિકેશન' નામની બનાવટી પેઢી રજીસ્ટર કરાવી અલગ-અલગ બેંકોમાં ૩ ખાતા ખોલાવ્યા હતા. આ ખાતાઓનો ઉપયોગ સાયબર સિન્ડિકેટના સભ્યો દ્વારા દેશભરના નાગરિકો સાથે છેતરપિંડી કરવા માટે કરવામાં આવતો હતો. એનસીસીઆરપી પોર્ટલ પર તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આ એકાઉન્ટ સાથે સંકળાયેલા સમગ્ર દેશમાં ૨૫૩ થી વધુ સાયબર ગુનાઓ નોંધાયેલા છે, જેમાં અંદાજે રૂ. ૧૬૧ કરોડની સાયબર ઠગાઈ આચરવામાં આવી છે

ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના કોમ્પ્યુટર સિસ્ટમ અને ડેટાબેઝમાં ગેરકાયદેસર પ્રવેશ મેળવી, ઇલેક્ટ્રોનિક રેકોર્ડમાં ફેરફાર કરીને રૂ. ૭,૩૪,૯૧,૬૮૨/- નું કૃત્રિમ બેંક બેલેન્સ ઊભું કરવામાં આવ્યું હતું. આ નાણાં સગેવગે કરવાના ગુનામાં સુરતથી મોહમ્મદ ખાલીક ગુલામ હુસેન અને સોયબ ગુલાબનબી રાણાની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે આ મામલે અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાંથી અફઝલ પીર મોહમદ મન્સૂરીની પણ ધરપકડ કરવામાં આવી છે, જે મ્યુલ એકાઉન્ટ ઓપરેટ કરવામાં અને ફ્રોડના નાણાં સગેવગે કરવામાં સંડોવાયેલ હતો.

આરોપીઓ ગરીબ અને અજાણ લોકોના નામે અથવા બોગસ દસ્તાવેજોના આધારે ડમી પેઢીઓ રજીસ્ટર કરાવતા હતા. ત્યારબાદ કમિશનની લાલચ આપીને તેમના નામે બેંક ખાતાં ખોલાવવામાં આવતા. દેશભરમાં ઓનલાઈન છેતરપિંડીથી મેળવાયેલા નાણાં આ મ્યુલ એકાઉન્ટ્સમાં જમા કરાવીને અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવતા હતા. ભાવનગર બેંક હેકિંગ કેસમાં તો આરોપીઓએ સીધું બેંકના સર્વરમાં ઘૂસણખોરી કરીને કરોડો રૂપિયાનું ફેક બેલેન્સ ઊભું કરી દીધું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપીઓ પાસે ૧૯૭ જેટલા બેંક એકાઉન્ટની વિગતો હતી, જેમાંથી ૬૦ એકાઉન્ટ્સ દ્વારા દેશભરમાં ૧૩૨ થી વધુ સાયબર ગુનાઓ આચરવામાં આવ્યા છે, જેમાં રૂ. ૫૩.૫૫ કરોડની ઠગાઈનો સમાવેશ થાય છે. આ મામલે આગામી દિવસોમાં વધુ ધરપકડો અને મહત્ત્વના ખુલાસાઓ થવાની શક્યતા પોલીસ સૂત્રોએ વ્યક્ત કરી છે.

# પંચમહાલના હાલોલની સોસાયટીમાં એક જ રાત્રે બે બંધ મકાનોનાં તાળાં તૂટ્યાં!

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના હાલોલ શહેરમાં તસ્કરોએ કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકતા એક જ રાત્રે બે બંધ મકાનોને નિશાન બનાવ્યાં હતાં. કંજરી રોડ પર આવેલી નીતા નગર સોસાયટીમાં થયેલી આ તસ્કરીમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત અંદાજે રૂપિયા ૧૦.૬૦ લાખની મત્તાની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી માહિતી મુજબ, સોસાયટીમાં રહેતા પૂર્વીત પટેલ પિતાના અવસાનને કારણે પરિવાર સાથે વતન ગયા હતા. તસ્કરોએ તેમના બંધ મકાનના મુખ્ય દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રૂપિયા ૫૦,૦૦૦થી રૂપિયા ૬૦,૦૦૦ની રોકડની ચોરી કરી હતી. આ જ રાત્રિએ સોસાયટીના અન્ય રહીશ દિવ્યેશ રાણાનો પરિવાર પણ શ્રીનાથજી દર્શનાર્થે બહારગામ ગયો હતો.